

ગોકુલ ઉપર ઇન્દ્રનો કોપ • શ્રી કૃષ્ણે ગોકુલમાં ઇન્દ્રપૂજા બંધ કરાવી તેથી કોપાયમાન ઇન્દ્રએ બારે મેઘ સાથે ગોકુલ ઉપર ત્રાટકી પડી કેર વર્તાવ્યો હતો. પ્રસ્તુત ચિત્રમાં એ પ્રસંગનું નિરૂપણ છે. મેઘવર્ષા સાથે ત્રાટકતા ઇન્દ્રથી રક્ષા પામવા પોતાના ગોધન સહિત ગોકુલવાસીઓ નંદરાય પાસે આશ્રય માગવા દોડી આવતાં અહીં દર્શાવ્યાં છે. મધ્યકાલીન પશ્ચિમ ભારતીય કલાની આ એક સુંદર ચિત્રકૃતિ છે.

કુમાર

સંસ્થાપક • રવિશંકર મ. રાવળ • આદ્યતંત્રી • બચુભાઈ રાવત

આવતી કાલનાં નાગરિકોનું માસિક • વર્ષ ૬૭મું • સપ્ટેમ્બર ૧૯૯૦

સળંગ અંક ૭૫૨

તંત્રી : ધીરુ પરીખ

સંપાદક : બિહારીલાલ ટાંક



યક્ષિણી અંબિકા - ઈલોરાની ગુફાઓમાં એક નાનો સમૂહ જૈન ગુફાઓનો પણ છે, જેમાંની એક ગુફામાંનું આ સુંદર શિલ્પ ખંડિત હોવા છતાં યે તે કાળના શિલ્પીઓની કલાશક્તિનું પ્રમાણ આપી રહે છે. જૈન ધર્મમાં યક્ષ-યક્ષિણીઓને તીર્થંકરોનાં સેવક-સેવિકા માનવામાં આવે છે, અને આ ધર્મના બે ગ્રંથ 'વિપાકસૂત્ર' તથા 'નાયાધમ્મકહાઓ' પ્રમાણે તેમની ઉપાસના ઇચ્છિત ફલની પ્રાપ્તિ કરાવે છે. યક્ષિણી અંબિકા તીર્થંકર નેમીનાથની સેવિકા મનાય છે. સ્વર્ણકાંતિ સિંહવાહના આ યક્ષિણીને અહીં ફલલચિત આમ્રવૃક્ષ તળે સિંહ ઉપર આરૂઢ થએલી દર્શાવવામાં આવી છે. તેનાં આભૂષણો તથા ગુફાસ્તંભો ઉપરનું શોભનશિલ્પ તત્કાલીન શિલ્પાંકનની સિદ્ધિઓનું દ્યોતક છે.

'કુમાર'ને વધુ સમૃધ્ધ કરવા માટે અપીલ

ત્રણેક વર્ષના અણધાર્યા વિરામ બાદ 'કુમાર'નો ૭૫૧મો અંક પ્રકટ કરી શકાયો તેનો અમને થયો છે તેટલો આપને પણ આનંદ થયો જ હશે. તે અંકના પ્રાકટ્ય સાથે 'કુમાર' માસિકે સાડા બાસઠ વર્ષની મજલ પૂરી કરી નૂતન પગરણ માંડ્યાં છે. ૧૯૨૪માં એનો પ્રથમ અંક પ્રકટ થયો ત્યારથી તે ઉત્તરોત્તર અવનવીન પ્રયોગો કરતું જ રહ્યું છે. એનું કાઠું વિશ્વકોશ સમું છે. કેટકેટલા વિષયો એમાં આવરી લેવાય છે...સાહિત્ય, નૃત્ય, સંગીત, શિલ્પ-સ્થાપત્ય, ઈતિહાસ-ભૂગોળ, ખગોળ, આરોગ્ય, રમતગમત, વિજ્ઞાન, શિક્ષણ, પુરાતત્ત્વ, પશુપક્ષી-જગત, દરિયાઈ અને વન્ય સૃષ્ટિ, ચિંતન અને મનન ! આ બધું જ પાછું સચિત્ર. ઊગતી પેઢીનાં રસરુચિના સંમાર્જનમાં અને જીવનઘડતરમાં 'કુમાર' માસિકે સંગીન ફાળો આપ્યો છે એવો સંસ્કારી ગુજરાતી પ્રજાનો અભિપ્રાય રહ્યો છે.

આવું સંસ્કારપોષક અને વૈવિધ્યપૂર્ણ શિષ્ટ વાચન પૂરું પાડી 'કુમાર' માસિકે એક આગવી પરંપરા ઊભી કરી છે. આ પરંપરાનું શક્ય તેટલું જતન થતું રહ્યું છે. આ રીતે ગુજરાતી પત્રકારત્વમાં 'કુમાર' નો ફાળો મહત્ત્વનો રહ્યો છે, એવી અમારી નમ્ર પ્રતીતિ છે.

પરન્તુ ૧૯૮૭થી થોડાં વર્ષ એનું પ્રકાશન સ્થગિત કરવું પડ્યું હતું તેનો વસવસો અમારી જેમ 'કુમાર'ના અનેક ચાહકોને રહ્યા કરતો હતો. તેની ઊણપ સૌને સતત વર્તાયા કરતી હતી તેવું અનેકોની મૌખિક-લેખિત પૃચ્છાથી જણાયું હતું. આમ, સહુ 'કુમાર'પ્રેમીઓની સદ્‌ભાવનાના જોર પર શ્રધ્ધા રાખીને 'કુમાર'નું પ્રકાશન પુનઃ આરંભ્યું છે ત્યારે એના પ્રકાશનની નિયમિતતા હવે નંદવાય નહિ અને તે સામગ્રી અને સજાવટ બન્ને દૃષ્ટિએ વધુ ને વધુ સમૃધ્ધ થતું રહે તેવા અમારા સક્રિય પ્રયાસો છે. વળી, તેમાંનાં ચિત્રો રંગીન બને તેવો પણ મનસુબો રાખ્યો છે. કાગળ પણ વધુ સારા વાપરવાથી છપાઈ વધુ ઉઠાવદાર બને તેનો પણ ખ્યાલ રાખ્યો જ છે.

આ બધા માટે 'કુમાર'ને સહાયરૂપ થવા આપના સહકારની અપેક્ષા રહે છે. આ સ્થાનેથી આપને એને સહાયભૂત થવા અમે અન્તઃકરણપૂર્વકની અપીલ કરીએ છીએ. આપ નીચેની રીતે સહાયભૂત થઈ શકો છો :

૧.	વાર્ષિક ગ્રાહક બનીને.	લવાજમ હાલ	રૂ. ૬૦=૦૦
૨.	આજીવન ગ્રાહક બનીને.	લવાજમ હાલ	રૂ. ૬૦૦=૦૦
૩.	પેટ્રન સભ્ય બનીને.	સભ્યફાળો	રૂ. ૧૦૦૦=૦૦
૪.	સંવર્ધક સભ્ય બનીને.	સભ્યફાળો	રૂ. ૫૦૦૦=૦૦
૫.	'કુમાર' માટે જાહેર ખબર આપીને - મેળવી આપીને.		

પેટ્રન અને સંવર્ધક સભ્યોને 'કુમાર' આજીવન મોકલાતું રહેશે. તે ઉપરાંત હવે પછી થનારાં 'કુમાર'નાં વિવિધ પ્રકાશનોની ખરીદીમાં વિશેષ વળતરનો લાભ પ્રાપ્ત થઈ શકશે. ઓછામાં ઓછું એક ગ્રાહક બીજો નવો ગ્રાહક બનાવીને 'કુમાર' પ્રત્યેની પોતાની શુભેચ્છા સક્રિય કરે અને શાળા-મહાશાળાઓ તથા નાનાંમોટાં ગ્રંથાલયો 'કુમાર'ના ગ્રાહકો અચૂક બને તેવી પણ હાર્દિક અપીલ છે. આપની રકમ આપ ચેક/ડ્રાફટથી 'કુમાર કાર્યાલય લિ.'ના નામે ૧૪૫૪, રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧ એ સરનામે મોકલી આપશો. વાર્ષિક લવાજમ જો બહારગામની બેંક પરના ચેકથી મોકલો તો બેંક કમિશનના રૂ. ૧૦=૦૦ ઉમેરીને મોકલવા વિનંતી છે.

તંત્રી

વિજ્ઞપ્તિ

- ગ્રાહકોએ પોતાનું લવાજમ 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના નામે મનીઑર્ડર અથવા ડ્રાફ્ટથી મોકલવું. બહારગામની બેંક પરના ચેકથી મોકલાતા લવાજમમાં બેંક કમિશનના રૂ. ૧૦-૦૦ ઉમેરવા, અન્યથા બેંક કમિશનની રકમ કાપીને એટલા અંકો ઓછા મોકલાશે.
- ગ્રાહકે પોતાનું નામ-સરનામું પૂરું તથા સ્પષ્ટ છૂટા અક્ષરે લખવું. રબર સ્ટેમ્પ સ્પષ્ટ વાંચી શકાય તો જ વાપરવો.
- 'કુમાર' નું વાર્ષિક લવાજમ હાલમાં રૂ. ૬૦.૦૦, પરદેશમાં હવાઈ માર્ગે રૂ. ૨૫૦ તથા આજીવન રૂ. ૬૦૦.૦૦ છે.
- 'કુમાર' દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. ત્યાર પછી દસેક દિવસ સુધીમાં તે ન મળે તો પ્રથમ પોતાના વિભાગની પોસ્ટ-ઑફિસમાં તપાસ કર્યા બાદ જ કાર્યાલયને જાણ કરવી. અંક સિલકમાં હોય ત્યાં સુધી તો બીજી નકલ મોકલાય છે, પણ ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું અમારે માટે બંધનકર્તા નથી.
- લેખકોએ પોતાની કૃતિ કાગળની એક જ બાજુએ હાંસિયો રાખીને છૂટા અને સ્પષ્ટ સુવાચ્ય અક્ષરે લખી મોકલવી. અન્ય ભાષાના શબ્દોનો ઉપયોગ કર્યો હોય તો તે મૂળ ભાષામાં હાંસિયામાં કે કૌંસમાં દર્શાવવા.
- કૃતિની સાથે જવાબી ટપાલખર્ચ બીડવું નહિ. સ્વીકૃત રચનાનો નિર્ણય એકાદ માસમાં જણાવવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી.

તમામ પત્રવ્યવહારનું સરનામું
કુમાર કાર્યાલય લિમિ, ૧૪૫૪, રાયપુર, અમદાવાદ-૧

સાંકળિયું

સપ્ટેમ્બર ૧૯૯૦
અંક ૭૫૨

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત. પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. (ફોન. નં. ૩૪૩૭૪૫) મુદ્રક : દર્શન પ્રિન્ટર્સ અમદાવાદ વતી હરેશ પટેલ, કમ્પ્યુટર ટાઈપ સેટિંગ : પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કોમ. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૧. વાર્ષિક લવાજમ રૂ. ૬૦, પરદેશમાં રૂ. ૨૫૦. છૂટક નકલ રૂ. ૬-૦૦

મરણ નામની ઊંઘ

(પૃથ્વી-સૉનેટ)

અહો, મરણ નામની મધુર ઊંઘ ઘેરે મને:
ચઢ્યો ચરણ થાક તે સરસ પાક થૈને ફળે;
ક્યહીંથી ક્યહીં ચાલવાનું બન્યું: કોતરે, ખેતરે,
વનેથી વન ને મરુસ્થલ તણી ક્ષણે ને કણે!

અને સ્થલપલે કશાં ! જીવનને તટે અંતિમે
હું બોળી પદપ્હાનીને ડબક, મૃત્યુના વ્હેણમાં
ઠર્યો છું અધતંદરે, અરધનીંદરે ઘેનમાં,
સભાન ચગળું છું મૃત્યુરસ જિંદગીની સીમે;

પગેથી ગળતું મને ક્રમિક શીત અંધાર-શું
કશુંક લીસું ને પૃથુ જડબું પોલું કો વ્યાળનું,
કશું કળણ જેવું કૈં અતલ કૂખ-શું કાળનું,
કળું છું ગરકું છું આ ગળતું ઠંડું કૈં ગાર-શું.
અસહ્ય મીઠી માણું લાળ તણી જાળ વીંટી વળે,
મને સરપશીતળું કશુંક ફૂંકી ફૂંકી ગળે...

ઉશનસ્

રે અંતર !

(પૃથ્વી-સૉનેટ)

હવે બહુ થયું, તું ચૂપ જરી થા, અરે અંતર!
તું વ્યર્થ બકવાસથી ફરી ફરી મને રોકતું
શું કામ મુજ કાર્યમાં કરી દ્વિધા સદા ટોકતું?
"ન આમ કરવું ભળે તવ રચેલ આદર્શને"
-કહી મન મહીં નકામી ગડભાંજ શાને કરે?

મને બધું ય જ્ઞાન છે જગતમાં - શું છે યોગ્ય ને
અયોગ્ય તણું, દુન્યવી થવું મને ગમે છે છતાં.
તને ખબર ના, અસત્ય-સતના નવા ભેદની
મને ખબર સૌ, પરંતુ કયમ ક્હેવું મારે તને?
કરે જીવન-મૂલ્ય સૌ જગતમાંહિ શીર્ષાસન.

થવું "સફળ" હોય તો તવ ચીકાશ શેં ચાલશે?
હવે બહુ થયું, મને મુજ રીતે જરી જીવવા
તું દે બસ ચહું, અને ન વચમાં તું આવે કદી
(ચહે કદીક આવવા, પણ નહીં તું ફાવે કદી!)

ગીતા પરીખ

વાજશું વગર સાજે

(ગઝલ)

વાણી ક્યાંકથી આવે ક્યાંક જઈ સમાશે રે,
ચાખડીનાં ચિહ્નોમાં ક્ષણ ગહન ગૂંથાશે રે.

પિંડ પૂરો જે ઘડીએ શબ્દનો પમાશે રે,
એક એવું ઊછળશે સ્થિર થઈ જવાશે રે.

સાવ ઠાલુંઠાલું યે ઠેઠ લગ પૂગાશે રે,
જે થવાનું છે નક્કી એ બધું ય થાશે રે.

મ્હેકના તરંગો પર શ્વાસનો તરાપો આ,
સડસડાટ સોંસરવું પાર ઊતરાશે રે.

ઊતરીને અંદરના નાદના સમંદરમાં,
વાજશું વગર સાજે ને ગઝલ ગવાશે રે.

રાજેન્દ્ર શુક્લ

હવે ક્યારે બોલાવશો ?

(ગાન)

પલળીપલળીને અમે પોચાં થિયાં
હવે ક્યારે બોલાવશો ?
ઉંબરમાં સૂનમૂન બેઠો ઉજાગરો ને શમણાંનો દેશ ગયો ડૂબી,
આથમતી રાત હજી આથમતી જાય, નથી અંધારે ઊકલતી ખૂબી;
આંસુડે નીંદરના ટોચા થિયા
હવે ક્યારે બોલાવશો ?
છાતીમાં ટળવળતી નવશેકી હૂંફ, બેઉ આંખે અણસાર ઓશિયાળા,
રૂંવાડાં એકએક કરમાતાં જાય, થશે પાંપણનાં બંધ હવે તાળાં ;
લોચનિયાં લોહીઝાણ લોચા થિયા
હવે ક્યારે બોલાવશો ?

વિનોદ જોશી

‘હું આત્મકથા નથી લખી રહ્યો. અજાણ વાચકોની ઇચ્છાને વશ થઈને આ પુસ્તક લખવા પ્રેરાયો છું. આત્મકથા તો મોટા માણસોની કે મહાનાયકની હોય. કવિના જીવનને તે શું આલેખવું? અને આમેય કવિ પોતાના જીવનનો સંપૂર્ણ સ્વેચ્છાએ એવા તો સીધાં ચઢાણ સમું બનાવી મૂકતો હોય છે કે આત્મકથાની સપાટ રેખાઓ તેના જીવનને કયારેય અંકિત ન કરી શકે. પોતાની આત્મકથામાં તેનું પોતાનું જીવન હોવાનું જ નહીં. એ તો તમને મળશે અન્ય કો'કની આત્મકથામાં.'

પોતાની આત્મકથા 'સેફ કન્ડક્ટ'માં વિખ્યાત રશિયન સાહિત્યકાર બોરીસ પાસ્તરનાક કંઈક આમ લખે છે. લગભગ એકતાળીસ વર્ષની વયે લખેલી આ આત્મકથાનાં પ્રારંભિક પૃષ્ઠોમાં પોતાની વિશ્વવિખ્યાત નવલકથા 'ડૉ. ઝિવાગો' માટે નોબેલ પારિતોષિક મેળવનાર પાસ્તરનાક આત્મકથા વિશેના પોતાના વિચારો સ્પષ્ટ રીતે વ્યકત કરી દે છે. ત્યારપછી ૧૯૫૯માં "I Remember, Sketch for an Autobiography' નામની તેમની વધુ વિગતપ્રચુર આત્મકથા પ્રકટ થઈ, જેમાં એમણે અંગત જીવનની નિર્ણાયક ઘટનાઓનું સંક્ષેપમાં પણ સચોટતાથી નિરૂપણ કર્યું છે. આ આત્મકથા પણ પ્રથમ વાર ઈટાલિયન અનુવાદમાં પ્રકટ થયેલી !

આ આત્મકથા પ્રગટ થયા બાદ સત્તાવીશ વર્ષે ઈ.સ.૧૯૫૮માં પાસ્કરનાકને નોબેલ પારિતોષિક મળ્યું. તે વખતે તેમની ઉંમર અડસઠ વર્ષની હતી. 'ડૉ. ઝિવાગો' નવલકથા સૌપ્રથમ વાર રશિયા ખાતે પ્રગટ થાય તેવી પાસ્તરનાકની ઇચ્છા હતી. અને તેથી જ તેમણે આ નવલકથા રશિયાના જાણીતા સામાયિકને મોકલી આપેલી. પણ તેનું કથાવસ્તુ જોતાં કોઈ પણ રશિયન સામયિકને તે નવલકથા છાપવી પોષાય તેમ ન હતું. છેવટે 'ડૉ. ઝિવાગો'ની હસ્તપ્રત 'અસ્વીકાર્ય' બની પરત આવેલી. ઈ.સ. ૧૯૫૭માં એક ઈટાલિયન પ્રકાશક સંસ્થાએ આ નવલકથાના સર્વ હક્કો ખરીદી લીધા. પ્રથમ વાર એ ઈટાલીમાંથી પ્રકાશિત થઈ, અને તે પણ ઈટાલિયન અનુવાદમાં.

'ડૉ. ઝિવાગો'નો અંગ્રેજી અનુવાદ છપાયો તે જ વર્ષે આ નવલકથા એવી તો લોકપ્રિય થઈ કે વિશ્વની અન્ય અઢાર ભાષાઓમાં તેનો અનુવાદ થયો ! તે વર્ષનું વિશ્વવિખ્યાત નોબેલ પારિતોષિક પણ આ નવલકથાને એનાયત થયું. નવલનાયક કલાકાર યુરિ ઝિવાગોના એના સમય સાથેના સંઘર્ષથી સંવેદનાત્મક આ નવલકથા એપિકના સ્તરે લખાઈ છે. એમાં કથનાત્મક ગદ્યની ગરિમાની સાથે કાવ્યાત્મક સંવેદનની તીવ્રતા તેને આગવી શૈલીની નવલકથા ઠેરવે છે.

પરંતુ રશિયન સરકારે પાસ્તરનાકને આ પારિતોષિકનો "સ્વેચ્છાપૂર્વક અસ્વીકાર" કરવાની ફરજ પાડી. અને પાસ્તરનાકે આંતરરાષ્ટ્રિય સંમાન પાછું ઠેલ્યું. સરકારની ઇચ્છાને વશ થઈને વર્તવા છતાં પાસ્તરનાકને ઘણું સહન કરવું પડ્યું. આથી લેખકો, કવિઓ અને અનુવાદકોના બહિષ્કારે તેમની વૃદ્ધાવસ્થાને દુઃખદ બનાવી મૂકી. જાહેરમાં તેમનો બહિષ્કાર થયો. દેશનિકાલનો પ્રસ્તાવ પણ મુકાયો. આ વાત સાંભળીને પાસ્તરનાકને અસહ્ય વેદના થયેલી. એ સમયગાળામાં એક પત્રમાં પોતાની વેદના ઠાલવતા પાસ્તરનાક લખે છે "માતૃભૂમિથી વિખૂટા પડવું એ મારે માટે જીવનથી વિખૂટા પડવા સમું જ હશે." જો કે છેવટે તેમને વ્હાલસોયી માતૃભૂમિ છોડવાનો વખત ન આવ્યો ! અવહેલનાના ભાર હેઠળ અને કેન્સર તથા હૃદયરોગ જેવી બીમારીના ઓળા તળે પાસ્તરનાકે પોતાના જીવનના અંતિમ દિવસો મૉસ્કો પાસેના એક નાનકડા ગામ પેરેડેલ્કિનોમાં પૂરા કર્યાં.

પ્રસિધ્ધ ચિત્રકાર પિતા લિઓનિડ ઓ. પાસ્તરનાક અને સંગીતકાર માતા રોઝા એફ. કાઉફમાનના પ્રથમ બાળક તરીકે બોરીસ પાસ્તરનાકનો જન્મ ૧૦મી ફેબ્રુઆરી ૧૮૯૦માં મૉસ્કો ખાતે થયેલો. પિતાને સાહિત્યવાચનનો પણ ઘણો શોખ. આમ બાળક બોરીસને વારસામાં સાહિત્ય-સંગીત-ચિત્રકળાનું વાતાવરણ મળ્યું હતું. માતા-પિતાના પ્રખ્યાત કલાકાર મિત્રોની એમના ઘરમાં આવન-જાવન બાળક બોરીસને મન પ્રોત્સાહક બની રહી.

'સેફ કન્ડક્ટ' નામક એમની આત્મકથાના આ પ્રથમ પુસ્તકમાં એક સ્થળે પાસ્તરનાક લખે છે : 'હું સંપૂર્ણપણે ત્યારે જીવ્યો છું જયારે મેં નાના નાના ટુકડાઓમાં જીવન જીવવાનું મૂકી દીધું છે....એનેય આપણે જેટલા પ્રમાણમાં ચાહી શક્યા છીએ તે જ પ્રમાણમાં આપણે બધા જીવ્યા હોઈએ છીએ." આવી સમગ્રપણે જિવાયેલી ક્ષણોનો સરવાળો તે જ જીવનને ! અન્યત્ર લખ્યું છે :" કવિદેહ ભલે ક્ષર હોય પણ તેના આ ક્ષર જીવનનો આનંદ અ-ક્ષર હોય છે. જો કવિ પોતાના તે આનંદને વૈશ્વિક અર્થમાં પોતાની કૃતિમાં ઉતારી શકે તો તેના આનંદનો અનુભવ અમર બની જતો હોય છે. અને આવનાર પેઢીઓ તેની કૃતિમાં તે અ-ક્ષર આનંદ જીવી જાય છે."

એક દિવસની વાત છે. કુર્સ્ક રેલ્વે સ્ટેશન પર ઊભેલી ટ્રેઈનમાં બાળક બોરીસ પોતાનાં કલાકાર મા-બાપ સાથે ગોઠવાયેલો છે. તેનો ઉત્સાહ માતો નથી. ત્યાં એક ઊંચો પહોળો રૂપાળો માણસ એક સ્ત્રી સાથે તેમની દિશામાં આવતો દેખાય છે. તે ખૂબ પ્રેમથી બોરીસનાં માતા-પિતાને વિદાય આપે છે, બોરીસને વ્હાલ કરે છે, રમતે ચઢેલ બોરીસના કાને મોટેરાંઓની વાતો પડે છે. પેલી સ્ત્રી સંગીતનો કો'ક વિશેષ કાર્યક્રમ આપવા પરદેશ જવાની છે. ગાડી ઊપડે છે. શુભેચ્છાઓ સાથે મોટેરાંઓ છૂટાં પડે છે.

આ છે બાળક બોરીસના જીવનનું સૌપ્રથમ સંસ્મરણ. કોણ હતો એ કલાકાર પુરુષ ? કોણ હતી તે સ્ત્રી ? પ્રશ્નોના જવાબ તે આપતો નથી.

આવા કલાકાર કુટુંબમાં જન્મેલા બોરીસને સંગીત અને ચિત્રમાં રસ પડે તે તો સમજાય; પણ તેને તો રસ પડ્યો

નોબેલ પારિતોષિકથી પુરસ્કૃત માનવતા-વાદી, પરમ સ્વાતંત્ર્યપ્રિય અને પ્રયોગશીલ પ્રતિભાવંત મહાન રશિયન સાહિત્યકાર

બોરીસ પાસ્તરનાક

આ તેમની જન્મશતાબ્દીનું વર્ષ છે

લેખિકા : રંજના દ્વિવેદી



વનસ્પતિશાસ્ત્રમાં. દસ વર્ષની ઉંમરે બોરીસને ખાતરી થઈ કે માતા-પિતાની ઇચ્છા ભલે ગમે તે હોય, પણ તેને બૉટનિ સિવાય અન્ય કોઈ પણ વિષયમાં રસ ન હતો. એણે તો મનમાં ગાંઠ વાળી, 'આપણે તો વૈજ્ઞાનિક બનવાના.'

સંગીત અને ચિત્રના વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપવા બોરીસનાં કલાકાર માતા-પિતા સંતાનો સાથે દેશ-વિદેશ ફરતાં. આવા જ કોઈ કામ ખાતર એક વાર બોરીસ પોતાનાં માતા-પિતા સાથે પૅરિસ ગયેલો. તે વખતે પૅરિસ ખાતેના રોકાણ દરમ્યાન તેના પગે ઈજા થઈ. ત્રણ મહિના સુધી પગ પ્લાસ્ટરમાં રાખવો પડેલો અને તેમ છતાં ય પગે જીવનભરની ખોડ રહી ગઈ. પગની આ ખોડને લીધે પ્રથમ વિશ્વયુદ્ધમાં સક્રિય ભાગ લેવાની પોતાની ઘણી ઇચ્છા હોવાં છતાં તે સૈન્યમાં જોડાઈ શક્યો ન હતો. છેવટે યુદ્ધમાં ઉપયોગી થવાની પોતાની ઇચ્છા પૂર્ણ કરવા બોરીસે યુદ્ધના સમય દરમ્યાન યુદ્ધસરંજામ બનાવતા કારખાનામાં નોકરી લઈને સંતોષ માનેલો.

પૅરિસ ખાતેના આ રોકાણ દરમ્યાન અન્ય એક ઘટના પણ તેના જીવનમાં બનેલી. પૅરિસમાં જે મકાનમાં તેઓ રહેતાં હતાં તેમાં ભીષણ આગ લાગેલી. કામે ગયેલ પિતાએ બે કિલોમીટર દૂરથી અગ્નિની એ જવાળાઓ જોઈ. જોતાં જ ચિત્રકાર પિતાના હોશકોશ ઊડી ગયા. બાપરે ! આવી ભીષણ આગ ! પોતાની વ્હાલી પત્ની, ત્રણે ય બાળકો સાથે અગ્નિની આ જવાળાઓમાં ભડથું થઈ ગઈ હશે તે વિચારમાત્રથી તેઓ ધ્રૂજી ઊઠ્યા. બોરીસ લખે છે : 'એ વિચારમાત્રથી તેમના વાળ પળભરમાં ધોળા થઈ ગયેલા.' લાયબંબાવાળાની મદદથી ત્રણેય સંતાનોને અને તેમની માતાને બચાવી લેવાયાં હતાં. પરંતુ તે દુ:ખદ ઘટનાની નિશાની સમા પિતાજીના ધોળા વાળ આજીવન તેને તે ભીષણ ઘટનાની યાદ અપાવતા રહ્યા.

મૉસ્કોમાં પોતાના અભ્યાસકાળ દરમિયાન બોરીસ પાસ્તરનાક વિખ્યાત સંગીતકાર સ્ક્રીએબીનના અલૌકિક સંગીત તરફ આકર્ષાયા. એમનું મન વનસ્પતિશાસ્ત્ર તરફથી સંગીત તરફ વળ્યું. ૧૯૦૪ થી ૧૯૧૦ સુધી બોરીસે સંગીતસાધના કરી. પરંતુ એક વાર સ્ક્રીએબીન તેમને ઘેર આવેલા. તે રાત્રે સ્ક્રીએબીને ગજબનું સંગીત વગાડેલું. પછી, અચાનક જ સંગીત બંધ કરી, રસથી તરબોળ વાતાવરણને છોડી તેઓ ચાલવા માંડેલા. છૂટા પડતા કોઈ ઔપચારિકતાની જરૂર જાણે હતી જ નહીં ! બોરીસ લખે છે : 'તેમને એક વાર ફરી જોઈ લેવાનો હું મોહ રોકી શક્યો ન હતો. અને અંધારી રાતમાં દાદર ઊતરી હું તેમની પાછળ દોડેલો' રશિયા છોડી જાય તે પહેલાં છેલ્લી વાર તેમની એક ઝલક પામવા, પણ ખબર પડી નહીં કે તેઓ ક્યાં અદૃશ્ય થઈ ગયા!"

બરાબર છ વર્ષ બાદ ફરી એક વાર સ્ક્રીએબીનને મળવાનું થયું. તેઓ તે વખતે પોતાની પ્રસિધ્ધ સિમ્ફનિ "Extase'ની તૈયારીમાં વ્યસ્ત હતા. સંગીત-રસમાં ડૂબેલ એ મહાન કલાકાર તરફ બોરીસ મુગ્ધભાવે તાકી રહેતો. આવા દિવ્ય સંગીત સામે પોતાની સંગીત-સૂઝનો અભાવ બોરીસને શૂળની જેમ ખટકતો. છેલ્લાં પાંચેક વર્ષથી બોરીસ સંગીત શીખી રહ્યો હતો. સંગીતનું સારું એવું જ્ઞાન પણ એણે મેળવ્યું હતું. પણ હવે આવું દિવ્ય સંગીત સાંભળ્યા બાદ તેને પોતાની અપાત્રતા અને અધૂરપ બરાબર સમજાઈ ગયાં. સંગીત



પેરેડેલ્કિનો ગામમાં પાસ્તરનાકનું નિવાસસ્થાન. અહીં એમણે પોતાની વિશ્વવિખ્યાત નવલકથા 'ડૉ. ઝિવાગો'નું સર્જન કર્યું હતું અને અહીં જ એમનું અવસાન થયું.

ક્ષેત્રે ધાર્યાં શિખરો સર કરવાની તમન્ના બર આવે તેમ નહોતી તે વિચાર તેને જંપવા દેતો નહિ.

છેવટે બધી જ હિંમત એકઠી કરી એક દિવસ સંગીતની બાબતમાં સલાહ લેવા બોરીસ મહાન સંગીતકાર સ્ક્રીએબીન પાસે પહોંચી ગયો. સ્ક્રીએબીનના કહ્યા પ્રમાણે તેણે સતત બે કલાક સુધી સંગીત વગાડ્યા કર્યું. ત્યારબાદ સ્ક્રીએબીને વ્હાલથી તેનો ખભો થાબડ્યો. પરંતુ પછી સંગીતસંબંધી કશી વાત કરવાને બદલે તેમણે તેના અભ્યાસ વિશેની વાત શરૂ કરી : 'શું ભણે છે?'

'હાલ તો સંગીત સાથે ભણવાનું સરળ પડે તે માટે કાયદાશાસ્ત્રનો અભ્યાસ કરું છું.' બોરીસે જવાબ આપ્યો.

'કાયદાશાસ્ત્ર? ના, ના. તારે તો ફિલોસોફીનો અભ્યાસ કરવો જોઈએ.' સ્કેએબીને સલાહ આપી.

'પણ મારા સંગીતનું શું?' બોરીસે પૂછ્યું.

પરન્તું સ્ક્રીએબીને સંગીતની વાત છેડી નહિ. રાત ઘણી વીતી ચૂકી હતી. હવે ગયા વગર છૂટકો જ નહોતો. છેવટે બોરીસે ભારે હૈયે વિદાય લીધી.

આ પ્રસંગ વિશે બોરીસ લખે છે : 'તેમણે આવું વર્તન કેમ કર્યું હશે? સંગીત વિશે પોતાનો સાચો અભિપ્રાય કેમ નહિ આપ્યો હોય તે તો તેઓ જ જાણે. પરંતુ તે પ્રસંગથી મારા મનમાં તેમનું સ્થાન હતું તેના કરતાં ય વધુ ઊંચું સિદ્ધ થઈ ગયું.'

આમ, બોરીસ પાસ્તરનાક માટે હવે કાયદાશાસ્ત્રનાં અને સંગીતનાં બારણાં સદાને માટે બંધ થઈ ગયાં. પરન્તું ત્યાં તો અનાયાસે જ નવું બારણું ખૂલ્યું. સ્ક્રીએબીન સાથેના તે દિવસના પ્રસંગ પછી થોડા દિવસ બાદ બોરીસ ઘરમાં પિતાના પુસ્તકો ગોઠવી રહ્યો હતો. ત્યાં એક પુસ્તકે એનું ધ્યાન ખેંચ્યું. પુસ્તક તેણે ઉઘાડ્યું, ઉથલાવ્યું. જોયું તો એ પુસ્તકના પ્રથમ પૃષ્ઠ પર તેના લેખકે પોતાની સહી સાથે બોરીસના પિતાને એ ભેટ આપેલું હતું. બોરીસને એમાં રસ પડ્યો. પુસ્તક વંચાયું. પછી તો પિતાની લાયબ્રેરીમાંથી તે લેખકના બધાં જ પુસ્તકો બોરીસ વાંચી ગયો. આ બધાં પુસ્તકોના લેખક હતા સુપ્રસિધ્ધ જર્મન કવિ રિલ્કે.

આમ, સંગીત અને કાયદાશાસ્ત્રનાં દ્વાર બંધ થતાં બોરીસ સાહિત્ય તરફ વળ્યો. સાહિત્ય-જગત સાથે તેનો પરિચય કરાવનાર રિલ્કેના સાહિત્યે બોરીસને ખાસ્સો પ્રભાવિત કર્યો. પોતાની આત્મકથા રિલ્કેને સમર્પિત કરતા બોરીસ લખે છે : 'આ પુસ્તક રિલ્કેને સમર્પિત કરું છું તેમ લખવા કરતાં મારે એમ લખવું જોઈએ કે આ પુસ્તકની ઘણી બધી ઘટનાઓ મારા જીવનને રિલ્કેએ આપેલી સોગાદ છે. હું તેમને તેની ભેટ શું ધરવાનો હતો?'

સ્ક્રીએબીનની સલાહ મુજબ વેકેશન પૂરું થતાં બોરીસ રશિયાની મોસ્કો યુનિવર્સિટી ત્યજી જર્મનીની મરબર્ગ યુનિવર્સિટીમાં પહોંચી ગયો. તે જમાનામાં ફિલોસોફીનાં વિદ્યાર્થીઓને આ યુનિવર્સિટીનું ગજબનું આકર્ષણ હતું. ત્યાં ખ્યાતનામ ફિલસૂફ પ્રાધ્યાપક કોહેનના માર્ગદર્શન હેઠળ અભ્યાસ કરવો એ એક લ્હાવો હતો. વિદ્યાર્થીકાળની યાદો તાજી કરતા બોરીસ લખે છે કે તેમના સાથી મિત્રો રાતોની રાતો જાગીને ફિલોસોફીની ચર્ચા કરતા. અને કોક એકાદો ઊંઘી ગયો હોય તો તે તેને ઢંઢોળીને જગાડતા. પેલો ઊંઘનાર ગુસ્સો કરે તેવું બને જ નહીં. તે બાપડો જાણે ચોરી કરતા પકડાઈ ગયો હોય તેવા ભાવ સાથે ઊઠીને એકધારા ચાલતા વાકયુધ્ધમાં જોડાઈ જતો.

મરબર્ગ યુનિવર્સિટી ખાતેના વર્ષો દરમ્યાન તેમના જીવનમાં એક રસપ્રદ ઘટના બની ગઈ. બોરીસ જ્યારે મોસ્કો યુનિવર્સિટીમાં હતા ત્યારે તેઓ મોસ્કોમાં વસતી બે ધનિક બહેનોને ઓળખતા. કંઈક કારણસર આ બે બહેનો પોતાની ફ્રેન્ચ આયા સાથે મરબર્ગ આવીને વસી હતી. જૂની ઓળખાણ તાજી થઈ. નાની બહેન બોરીસના મનમાં વસી ગઈ. હવે યુવક બોરીસ આ બંને બહેનોના નિવાસસ્થાને દેખાવા માંડ્યો. પણ પેલી આયાને બોરીસની આવી કૂણી લાગણીની ગંધ આવી ગઈ. તે અઢાર વર્ષના બોરીસને ક્યારેય

પેલી છોકરી જોડે એકલો પડવા ન દેતી. થોડા સમય પછી બંને બહેનો ગામ છોડી ગઈ. બોરીસ એકલો પડી ગયો! બે મહિના બાદ આ બંને બહેનો કોઈક કારણસર ફરીથી મરબર્ગ આવી, ફકત ત્રણ દિવસ માટે. આ વખતે આયા તેમની સાથે ન હતી. બોરીસ ખુશખુશ થઈ ગયો. ત્રણે દિવસ તે આ બંને બહેનો સાથે વ્યસ્ત રહ્યો. છેલ્લે દિવસે બોરીસ બંનેને 'આવજો' કહેવા તેમની હોટેલ ગયો ત્યારે નાનીએ કંઈક વિચિત્ર વર્તન કર્યું. તે બોરીસને જોતાં જ રૂમમાં ભરાઈ ગઈ અને બારણું અંદરથી બંધ કરી દીધું. ટ્રેનનો સમય થતાં બોરીસ તેમની સાથે સ્ટેશને ગયો. ગાડી ઊપડી ત્યાં સુધી તે ગુમસૂમ ઊભો રહ્યો. ગાડી ઊપડી ત્યારે તેને ખ્યાલ આવ્યો કે પોતે 'આવજો' તો કહ્યું જ નહીં! ગતિ પકડતી જતી ટ્રેનની સાથોસાથ દોડીને તેણે ટ્રેન પકડી લીધી અને અંદર ઘૂસી ગયો. પેલી બંને બહેનો વિસ્મિત ભાવે તેને તાકી રહી. ફરી પાછું 'આવજો' કહેવાનું ભૂલી બોરીસ વાતે વળ્યો તે છેક સંધ્યા ટાણે તેને ખ્યાલ આવ્યો કે તે આ બંનેને 'આવજો' કહેવા આવેલો. પણ હવે શું ? હવે તો બર્લીનનું સ્ટેશન ઢૂંકડું જ હતું ! બંને બહેનો મૂંઝાઈ ગઈ. પોતાને લેવા આવનાર વડીલને આનો પરિચય કેમ આપવો ! તેમણે પેલાને આજીજી કરી, ' તું જાણે અમને ઓળખતો જ નથી એમ વર્તજે અને વળતી ટ્રેનથી મરબર્ગ પાછો ફરજે! ' બોરીસે કહ્યું, ' ભલે.' પણ પાછા જવાનું ભાડું? ભાડું તો હતું જ નહીં! કંઈ પણ લપ કર્યા વગર 'વીં'એ (બોરીસ પોતાની પ્રેમિકા માટે આ જ અક્ષર વાપરે છે, "V') ભાડું આપ્યું. અલવિદા.

આખી રાત થર્ડ કલાસ વેટિંગ રૂમમાં વિતાવી બોરીસ મરબર્ગ પાછો ફર્યો. તે રાત તેને બહુ ભારે પડી હતી. તેનાં આંસુ રોકયાં રોકાતાં ન હતાં. "V' ની ગેરહાજરી બોરીસ માટે અસહ્ય હતી. 'છ છ વર્ષથી હું જે છોકરીને ઓળખતો હતો તે આ 'વીં' ન હતી. તેના નકાર બાદની સ્રીને હું ઝંખી રહ્યો હતો...આ વખતની 'વીં' કંઈક જુદી જ હતી. ખિન્ન મનને તેનો સ્પર્શ જીવંત બનાવી જતો હતો. પણ તેના સ્પર્શમાં નકારનો રણકો સતત સ્પષ્ટ સંભાળાતો હતો.'

હવે બોરીસને ફિલોસોફીના અભ્યાસમાં રસ ન હતો. પ્રાધ્યાપક કોહેનની સલાહ ઉપરવટ થઈ બોરીસ ફિલોસોફીનો અભ્યાસ પડતો મૂકી જર્મની પાછો ફર્યો. સત્ર પૂરું કરવા જેટલી ધીરજ પણ તેનામાં ન હતી.

જર્મની પાછા ફર્યા બાદ તેણે પોતાનો સમય અનુવાદ અને સાહિત્યસર્જનને અર્પણ કર્યો. છ વર્ષ બાદ ફરી એક વાર મરબર્ગ જવાનું થયું ત્યારે તે જૂની યુનિવર્સિટીની મુલાકાતે ગયો. ડૉ. કોહેનના મૃત્યુ બાદ તેને જાણે આખી યુનિવર્સિટી સૂની લાગી. મરબર્ગની તેની યાત્રા દરમ્યાન તેની પત્ની ઝિનાઈદા પણ તેની સાથે હતી. પત્ની ? બોરીસના લગ્ન ક્યારે થયા ? તેમનું પ્રથમ લગ્ન ૧૯૨૦ની આસપાસ થયેલું. પરન્તુ એ લગ્ન થોડા સમય બાદ વિચ્છેદમાં પરિણમેલું. પ્રથમ લગ્નથી એમને યે વગેની નામક પુત્ર પણ થયો હતો. ઝિનાઈદા એમની દ્વિતીય પત્ની.

ઈ.સ. ૧૯૦૪ના શિયાળામાં બોરીસ રશિયાના જાણીતા 'નોવેતર' નામના સાહિત્યિક જૂથમાં જોડાયા. આ સાહિત્યિક જૂથ શેશેનવીચ બોલશેકોવ તથા માયકોવ્સ્કી જેવા તે સમયના પ્રખ્યાત રશિયન કવિઓને પોતાના દુશ્મન માનતું. બોરીસને મન ઉપયોગિતાવાદી કવિ માયકોવ્સ્કીનું ઘણું મહત્ત્વ હતું. પણ આ જૂથમાં જોડાયા બાદ જૂથના એક સભ્યને શોભે તેમ બોરીસે માયકોવ્સ્કી પ્રત્યે દ્વેષ દાખવવા માંડ્યો. પણ મે મહિનાની એક બપોરે મોઢામોઢ ચર્ચા કરી લેવા જૂથમાં હાજર માયકોવ્સ્કીને જોતાં તેઓ માયકોવ્સ્કીના વ્યકિતત્વ પર આફરીન થઈ ગયા. રૂઢિગત કાવ્યભાષાને તિલાંજલિ આપી રોજ-બરોજની જનભાષામાં કવિતા કરનાર માયકોવ્સ્કી પ્રત્યે તેમને માન હતું, પરંતુ આ પ્રત્યક્ષ મુલાકાતે તેમને માયકોવ્સ્કીના ચાહક બનાવી દીધા. ઈચ્છા હોવા છતાં પાસ્તરનાક માયકોવ્સ્કીને વધુ વખત મળી ન શક્યા. આ મુલાકાત બાદ તેઓ માયકોવ્સ્કીને ત્રણેક વાર જ મળ્યા હશે, પણ માયકોવ્સ્કીનાં વ્યકિતત્વ અને કાવ્યની અસર પાસ્તરનાક પર ઘણી થઈ. છેલ્લે છેલ્લે તો પાસ્તરનાકે માયકોવ્સ્કીને પોતાના ગુરુપદે સ્થાપ્યા હતા.

માયકોવ્સ્કીના પ્રત્યક્ષ પરિચય બાદના વર્ષોનાં પાસ્તરનાકનાં કૃતિત્વ પર, ખાસ કરીને કાવ્યભાષા પર, માયકોવ્સ્કીની અસર સ્પષ્ટ વર્તાય છે. ૧૯૧૭માં પ્રકાશિત "Over the Barriers' કાવ્ય સંગ્રહની પ્રતીકવાદી શૈલીએ સમકાલીન કવિઓને એક નવી શૈલી પૂરી પાડી. આ સમય દરમ્યાન લખાયેલાં કાવ્યોએ પાસ્તરનાકને સારી એવી પ્રસિદ્ધિ અપાવી. તેમ છતાં પાસ્તરનાકને મન આ કાવ્યોનું મહત્ત્વ નહીંવત્ હતું. એક વાર કોઈ પત્રકારે તેમને પ્રશ્ન કરેલો: 'શું તમે તમારાં પ્રારંભિક કાવ્યો વિશે આજે ય ઊતરતો અભિપ્રાય ધરાવો છો?' જવાબમાં વિશ્વવિખ્યાત કવિ પાસ્તરનાકે નિખાલસભાવે કહેલું, 'ચોક્કસ; શરૂઆતનાં તે કાવ્યો રેખાચિત્રો સમાં હતાં. દોસ્તોયેવ્સ્કી કે તોલ્સ્તોયની તુલનામાં તે ક્યાં ટકવાનાં હતાં ?... કવિઓની અમારી એ પેઢીએ સમયની માગ મુજબ કાવ્યો લખેલાં અને તે લોકપ્રિય નીવડેલાં...અમારા બધાનું કૃતિત્વ તે સમયની દેન હતું. તેમાં વૈશ્વિકતાનો નર્યો અભાવ હતો અને તેથી જ આજે હવે એ બધાં જ કાવ્યો ફિક્કાં લાગે છે.'

જીવનના ઉત્તરકાળમાં તેમણે પદ્ય કરતાં ગદ્યને જ પોતાની અભિવ્યકિતના માધ્યમ તરીકે સ્વીકારેલું. નાટક અને નવલકથા જેવા પ્રકારો તેમને મન સમકાલીન જીવન વિશે લખવા માટે વધુ યોગ્ય હતા. 'ડૉ. ઝિવાગો' માટે નોબેલ પારિતોષિક જાહેર થયા બાદ એક ઈન્ટરવ્યૂમાં તેમણે આ વિષે પોતાના વિચારો સ્પષ્ટ કરતા કહેલું, 'વર્તમાન સમયના આંટીઘૂંટીભર્યા જીવનના અનુભવો લેખનમાં

ઉતારવા માટે મારે મન પદ્ય કરતાં ગદ્ય વધુ સારું માધ્યમ છે. અને તેથી જ મેં નવલકથાનો આશ્રય લીધો છે."

૧૯૩૦ની ૧૪મી એપ્રિલે પાસ્તરનાકના ગુરુ સમા માયકોવ્સ્કીએ આત્મહત્યા કરી. પોતાના જીવનકાળ દરમ્યાન ધાર્યો યશ, માન અને ધન મેળવનાર આવા સોહામણા કવિએ અચાનક જ આમ આત્મહત્યા કેમ કરી તે લોકોને સમજાયું નહીં.

માયકોવ્સ્કીના મૃત્યુની ખબરથી બોરીસ પાસ્તરનાક મૂઢ બની ગયા. સહેજ સ્વસ્થ થતાં તેઓ માયકોવ્સ્કીના આવાસે પહોંચી ગયા. માયકોવ્સ્કી પોતાના અધ્યયન-ખંડમાં ચિર નિદ્રામાં પોઢેલ હતા. તેમને જોતાં જ પાસ્તરનાકને કો'કવાર માયકોવ્સ્કીએ સ્વ-કંઠે વાંચી સંભળાવેલ પંક્તિ સ્મરી આવી : "I feel that my 'I' is too small for me." શું હશે તેમની આત્મહત્યાનું કારણ? તેમના પ્રબળ વ્યકિતત્વને જીરવવા અસમર્થ એવો તેમનો નાનકડો 'સ્વ' કે પછી તેમનો નિષ્ફળ પ્રેમ ? ભીની આંખે પાસ્તરનાક વિચારી રહ્યા.

'સાંજ પડી ગઈ છે. માયકોવ્સ્કી કબરમાં પોઢ્યા છે. સર્વત્ર નીરવતા. બધાં જ ચૂપ. બારીમાંથી બહાર જોતાં જાણે હું માયકોવ્સ્કીના સમગ્ર જીવનને જોઈ રહ્યો છું. તેમનું દેહ-સૌષ્ઠવ, તેમનો સ્વતંત્ર મિજાજ, તેમનો સ્નેહાળ સ્વભાવ--બધું જ. ધન્ય છે એ પુરુષ જેણે વિનાપ્રયત્ને પોતાના ભવિષ્યને સર કર્યું."

પાસ્તરનાકે કવિ માયકોવ્સ્કીને મનોમન ધરેલા આ અર્ધ્યમાં જે વાત એમણે માયકોવ્સ્કી વિશે કરી તે તેમને પણ લાગુ પડે છે. પરન્તુ તફાવત એટલો જ છે કે માયકોવ્સ્કીએ 'વિનાપ્રયત્ને પોતાના ભવિષ્યને સર કર્યું,' જ્યારે બોરીસ પાસ્તરનાકે સ્વપુરુષાર્થના ટાંકણે પોતાના ભવિષ્યને કંડાર્યું.

કૌટુંબિક કલાકીય વાતાવરણમાંથી પ્રેરણા પ્રાપ્ત કરી નિજી પ્રતિભાને પોષી તેનાં ઉત્તમોત્તમ ફલ સિદ્ધ કરનાર આ માનવતાવાદી સાહિત્યકારનું ૧૯૬૦ના મે મહિનાની ૩૦મી તારીખે પોતાના વતન મૉસ્કોની નજીક પેરેડેલ્કિનો નામક નાના ગામમાં અવસાન થયું ત્યારે અનેક સાહિત્યપ્રેમીઓ અને માનવતાના મજનૂઓની આંખો ભીની થઈ હતી; અને આજે એની જન્મશતાબ્દીના વર્ષમાં એમનું સ્મરણ કરતાં એમ જ અનેકોનાં હૈયાં આર્દ્ર બનશે.

આરોગ્યસૂત્ર

'પુનર્વસુ'

વર્ષા ઋતુમાં પિત્તનો સંચય થાય છે. શરદ ઋતુમાં તેનો પ્રકોપ થાય છે. એટલે શરદ કાળમાં ખાટા અને આથાવાળા પદાર્થોનો ત્યાગ કરવો. આ ઋતુમાં દૂધ-ખીર-દૂધપાક-દૂધપૌંઆ વગેરેનું સેવન કરવાની જે પરંપરા છે તે હિતકારક છે. દૂધથી પિત્તનું શમન થાય છે.

૦ પિત્તની અમ્લતા વધવાથી ખાટા ઘચરકા, ઓડકર આવે, ખાટી ઊલટી થાય, ત્યારે ખાટા ને આથાવાળા પદાર્થોનો આહારમાંથી ત્યાગ કરવો. સોડા બાય કાર્બ (ખાવાનો સોડા) બેબે ગ્રામ જેટલો સાકરમાં ભેળવીને સવાર-બપોર-સાંજ પાણી સાથે ફાકી જવાથી ઘચરકા, ઓડકાર ને ઊલટી શમી જાય છે.

૦ શરદમાં પિત્તની ઉષ્ણતા-તીક્ષ્ણતા વધી જવાથી શરીરમાં કયાંય પણ દાહ-બળતરાની ફરિયાદ રહેતી હોય તો તીખા અને ખાટા પદાર્થો ત્યજીને દૂધનું વિશેષ સેવન કરવું. સવારે બપોરે અને સાંજે બેબે ચમચી ગુલકંદ ચાવીને ખાઈ જવો.

૦ શરદ ઋતુમાં મેલેરિયાનનો તાવ ઘેરઘેર આવે છે. આની સામે મચ્છરથી બચવા માટેના જે કંઈ શક્ય હોય તે ઉપાયો કરવા.

૦ લોહીમાં પિત્ત વધી જવાથી તેના ઉષ્ણ-તીક્ષ્ણ ગુણોને લીધે રકતવાહિનીની દીવાલમાં ક્ષત (કાણું) પડી રકતસ્રાવ થાય છે. તીખા-ગરમ પદાર્થોનો સંપૂર્ણ ત્યાગ કરીને થોડા દિવસ કેવળ દૂધ પર ઊતરી જવાથી ઉત્તમ પરિણામ આવશે.

૦ પિત્તપ્રકૃતિવાળાને અકાળે કરચલીઓ પડે છે અને વાળ પાકી જાય છે. આવી પ્રકૃત્તિવાળાએ નિત્ય સવાર-સાંજ પાંચપાંચ ગ્રામ 'રયાસન ચૂર્ણ' ફાકવાની ટેવ રાખવી.

૦ આંખ લાલ રહેતી હોય અને બળતી હોય તો રોજ પગનાં તળિયે ચોકખું ઘી ઘસવું. ગાયનું ઘી હોય તો ઉત્તમ.

૦ ગરમ પ્રકૃત્તિવાળાને પિત્ત વધી જવાથી બ્લડપ્રેશર વધી જાય છે. તીખા, ખાટા, ખારા પદાર્થો શક્ય તેટલા પ્રમાણમાં ઓછા કરી નાખવા. 'ચંદ્રકળારસ' અને 'સર્પગંધા ચૂર્ણ' બંને એકએક રતી જેટલા પ્રમાણમાં ભેળવી સવાર-સાંજ મધમાં મેળવીને ચાટવાં.

૦ યૌવનમાં પિત્ત વધે છે. બપોરે પિત્ત વધે છે. મધ્યરાત્રિએ પિત્ત વધે છે. ભોજન પછી પાચનના મધ્યભાગમાં પિત્ત વધે છે. શરદ ઋતુમાં પિત્ત વધીને પ્રકોપ પામે છે.

૦ ક્રોધ પિત્તનું લક્ષણ છે. ક્રોધી માણસે ઉષ્ણ-તીક્ષ્ણ પદાર્થો કમ કરવા. પિત્તપ્રકૃતિવાળા અહમકેન્દ્રી (ઈગોસેન્ટ્રિક) હોય છે. દુ:ખી કરે છે અને દુ:ખી થાય છે. આવી પ્રકૃતિવાળાએ જીવનને અને પોતાને શાંતિથી સમજવામાં-પામવામાં રસ લેવો જોઈએ. એમ કરતાં અહમ્ ઓગળે છે અને ક્રોધ શમે છે. □

ફરેબી

જનક ત્રિવેદી

સ્ટેશન માસ્તરે સિક્સ ટુ એઈટીનની ડયૂટિનો ચાર્જ સંભાળ્યો. પાંચ અઠ્ઠાવનની સુપર એક્સપ્રેસ સાડા છએ કાઢી. ટિકિટ ટ્યૂબ ખોલી એણે ગઈકાલનો હિસાબ તપાસી પૈસા ગણ્યા. દરવાજા બહાર એક માણસ નેઈમપ્લેટ જોતો હતો. ઘણીવાર અજાણ્યા મુસાફરો બહુ વહેલા આવી જાય છે, તેમ કોઈ પેસેન્જર વહેલો આવી ગયો હશે એમ વિચારતો એ એનું કામ કરતો રહ્યો.

હજી શિયાળાની સવારનું અંધારું હતું. પાંચેક મિનિટ પછી બહાર ઊભેલો માણસ અંદર આવ્યો. ટેબલ સામે ઊભો રહી બોલ્યો, 'લો, સાહેબ, વેઈટિંગ રૂમની ચાવી.' ચાવી લઈ સ્ટેશન માસ્તરની રીતે આપનાર સામે જોયું: લાઈટ બ્રાઉન કલરનાં પેન્ટ-બુશર્ટવાળો આદમી. ઊજળા વાને ગોળ ચહેરો, હોઠના ખૂણે નીચે અણી વળેલી મૂછો, ટાલિયાં માથામાં છૂટાછવાયા ઊગેલા વાળ, ડાબી બાજુ જુએ ત્યારે ત્રાંસી લાગતી પારદર્શક કથ્થાઈ રંગની આંખોવાળા એ માણસે એક સસ્તી ચાદર ખભે ઓઢી હતી. અદબ વાળેલા હાથનાં રૂંવાડાં ઠંડીમાં મૂળસોતાં ઊંચાં થઈ ગયાં હતાં. એણે સ્ટેશન માસ્તર સામે હાથ લંબાવ્યો. પછી હસતાં હસતાં બોલ્યો: 'આપ....આપ જ અનંત વાઘમારે...?' સ્ટેશન માસ્તર એમ સહેલાઈથી સ્ટેશન માસ્તરપણું છોડવા તૈયર નહોતો. પરંતુ એના કશાય પ્રતિભાવની અપેક્ષા વગર પેલો બોલ્યો :'...રાતની ગાડીમાં આવેલો.....માસ્ટર સાહેબે વેઈટિંગ રૂમની ચાવી આલેલી...ત્યાં જ સૂટો રહેલો, કોઈની ગોડડીઓ પડેલી ટે ઓઢી પાઠરીને....હ્યું, રાટરે આપને કયાં ડિસ્ટર્બ કરવા... સવારે મલીશું...કુકાવાવના શર્માસાહેબે કીઢેલું...વાઘમારેસાહેબને મલો એ સાહિત્યપ્રેમી આડમી છે....' એ નીચી નજરે એકધારું બોલતો હતો. સ્ટેશન માસ્તર ગણગણ્યો, 'જા બિલાડી મોભામોભ...'

શુ કહ્યું, સાહબ....?

'તમારું નામ....?'

'મહેશકુમાર આર. વ્યાસ.... મહેશકુમાર રટિલાલ વ્યાસ.' પછી એ ઘણું બધું બોલી ગયો. પરંતુ સ્ટેશન માસ્તર અનંત વાઘમારે કંઈ સમજ્યો નહીં. એણે ફરી પૂછ્યું. પેલો ફરી બોલી ગયો : 'આજીવન શિક્ષક અને ક્રાંટિકારી.. વિચારક.. કવિ.. વિવેચક.. ચિંટક.. આજીવન બ્રહ્મચારી અને સામાજિક કાર્યકર.. મમ્મી... પપ્પા... સિસ્ટર્સ.. કુટુંબ આખ્ખું ક્રાંટિકારી.....'

સ્ટેશન માસ્તરના માપદંડમાં હજી પરિવર્તન થયું નહોતું. એણે પૂછ્યું 'સર્વિસ કયાં કરો છો ?'

'.....આજીવન શિક્ષક.....ક્રાંટિકારી....સામાજિક કાર્યકર....'

'પરંતુ તમારો વ્યવસાય...?'

'કલ્યું નીં... આજીવન શિક્ષક...'

'તમારો જીવનનિર્વાહ...?'

'શિક્ષનમાં ભ્રષ્ટાચાર...નોકરો પેડા કરટું શિક્ષન-માલખું...સાચું શિક્ષન નીં મલે.. શિક્ષકો બી ભ્રષ્ટ...શિક્ષનની નવી ટરાહ આવી રહી ભાલું...શિક્ષનમાં આમૂલ પરિવર્ટન અને પાયાના ભ્રષ્ટાચારની નાબૂડીની જેહાડ...રાજકારનમાં સડેલા ટમારા ગંદ્ધાટા હાઠ શિક્ષનમાંથી હઠાવી લો...એક હજાર ડસ...પૂરાં એક હજાર ડસ પ્રવચનો કીદ્ધાં...બ્લડ ડોનેશન,..આ જુઓ'. સ્યૂટકેસ ખોલી એણે પોટકું કાઢ્યું. પોટકામાં પોલિથિનની થેલીઓ. તેમાં નોટબુક્સ, ડાયરીઓ, કાગળો, ફોટોગ્રાફસ અને સર્ટિફિકેટ્સનો મોટો જથ્થો. ટેબલ પર પાથર્યો... જુઓની...ચાલીશવાર બ્લડડોનેશન આલેલું... સર્ટિફિકેટ નાનુભઈ અમીને જાટે જ આપેલાં.... આ ફોટો... આ ડૉકટર દ' સા..... વિક્ટર આલ્બર્ટ દ' સા....આ ડૉકટર ધોલકિયા..... રોટરી કલબમાં આપણું બહુમાન....ચાલીશેવાર ડીઢેલું લોહી એક કલાકમાં આપણા બોડીમાં વાપસ....'

પછી એક ડાયરીનું મોટું થોથું ઊઘાડ્યું. પાનેપાનું ખોલે. લખાણ, સિક્કા, સહીઓ બતાડતો બોલે, '....ઉમાશંકરભઈ જોશી...ટેઓએ જાટે જ માઢવસિંહ.... ઈન્દિરાબેન ગાંઠી... માય સેકન્ડ મઢર... બહુ લાગી આવેલું... મારી સેકન્ડ મઢર ગુમાવી... કાબેલ બાઈ...... અમરસિંહ આપણો સી.એમ... મારા ગામનો... આપણને મલે ટ્યારે પૂછે-મહેશભાઈ, હું ચાલે છે ? આપણે કહીએ ભ્રષ્ટાચાર... જો એન્ની સામ્મે લડાઈ ચાલી રહી છે... મોંએ જ ઠોકી ડઈએ..... બીક નીં મલે આપણને... 'આ લુણાવાડા હાઈ સ્કૂલ... આ વાપી... વલસાડ... અમલસાડ.... આણંદની ચચ્ચાર.... ટમારાં અમરેલીની ફોરવર્ડ ને નૂતન.... જસદણ.... જામજોઢપુર... પાનેલી... ઓખા... કાઠિયાવાડના ખૂનેખૂને સ્કૂલોમાં ક્રાંટિની પેઢીને અજ્ઞાનમાં સબડટી રાખવાનું કાવટરું ચાલી રહ્યું છે....' સતત ગરબડિયા બડબડાટ વચ્ચે સહીઓ બતાડતો જતો હતો, સ્ટેશન માસ્તર જુએ છે કે નહીં તેની દરકાર વગર.

લોકસભાની પ્રેક્ષક ગેલેરિના પાસ પણ હતા. રજનીશનું એક પુસ્તક પણ દેખાયું. દેખાડ્યું નહીં. અનંત વાઘમારેએ વિચાર્યું... 'કદાચ રજનીશનો ચેલકો....'

સ્ટેશન માસ્તર કંટાળ્યો. 'ચાલો, મહેશભાઈ, તમારી ક્રાંતિકારી પ્રવૃત્તિ જોઈ પ્રસન્ન થયો. ખૂબ સરસ... એક દિવસ ભ્રષ્ટાચારી શિક્ષણ, ભ્રષ્ટ સત્તાધારીઓ, ભ્રષ્ટ શિક્ષકો, ભ્રષ્ટ સમાજ - બધું જ તમારી ક્રાંતિકારી જેહાદની જવાળાઓમાં બળીને ભસ્મ થઈ જશે. મહેશભાઈ, આ બધું તો ઠીક, પરંતુ તમે કયાંય નોકરી-ધંધો તો કરતા હશોને....કયાંક તો...?

'નહીં... નહીં... કહ્યું નીં... આજીવન શિક્ષક છું.... આ ભ્રષ્ટ ટંટ્રનો નોકર બનું?... છટ્.......'

'પરંતુ તમારી આજીવિકાનું શું...? પેટનો ખાડો...પ્રવાસ ખર્ચ વગેરે માટે....?'

'સંસ્થાઓ મારાં લેક્ચર્સ ગોઠવે... બોલાવે.... પુરસ્કાર આપે.... ચાલે... કોઈ વ્યક્ટિ... સામે હાઠ લાંબો નીં કરું... વિડ્વાન સર્વટ્ર પૂજ્યટે... એવરીબડી લવ્ઝ મી... ઠેર ઠેર મારા વિદ્યાર્ઠીઓ... ગઈકાલે અમરેલીમાં આ ગામનો એક વિદ્યાર્ઠી મલેલો.... રહેવા-ઊટરવાનું એને ઘેર જ .. ઘનો આગ્રહ કીઢેલો... મારો વિદ્યાર્ઠી...'

'જમવાનું?'

'અરે ભઈ, કહ્યું નીં... વિડ્વાન સર્વટ્ર પૂજ્યટે! પેટ ભરવાનું કામ. માનસે ખાવા માટે જનમ લીઢો નથી. પ્રેમઠી જમાડે ટો જમીએ. મન નીં જોઈએ ટો ચાલી નીકલવાનું. જુઓની, કાલે જ એવું બનેલું'... એણે સ્ટેશન માસ્તરની સામે જોયું. એની આંખોમાં આર્દ્રતા તરવરતી હતી. 'મન નીં જોયું ટે આપણે ચાલટા થઈ ગયા. નીં ખાવું, જા, ટારું... પ્રેમ વગર. ડિવસ આખો ઉપવાસ ખેંચી કાઢ્યો...' એણે સ્ટેશન માસ્તર અનંત વાઘમારે સામે નજર નોંધી રાખી.

'શિક્ષણને જીવન સમર્પિત કરનાર સાચુક્લા માનવીની આવી ઘોર ઉપેક્ષા...!' અનંત વાઘમારેનું હૃદય કરુણાર્દ્ર બન્યું, '-અરે ! તમે કાલના ભૂખ્યા છો...!?' -અનંત વાઘમારે ખુદ ભૂખનો કાયર આદમી.

'હા, સાહેબ, બીજું શું ઠાય...! અવહેલના આપણાં ઠી સહન નીં ઠાય. લાખ સોનામહોરોનો ઢગલો કરી ડો... ઠોકરે મારી ડઈએ... સ્વમાન ખાટર...'

અનંતે કહ્યું : 'તમારે તો ભલા, સમભાવ કેળવવો જોઈએ...જોગી કો ક્યા...! તું નહીં, તેરા ભાઈ...'

'નહીં સાહેબ; સ્વમાન પેલ્લાં. અમે ઠોડા આલટુંફાલટું છીએ? ફાઢર ડિનેશ બરોડાના મૅનેજર હટા. વ્યારામાં પાંચસો એકર જમીન, સાહેબ! જમીનડારી ગણોટઢારામાં ચાલી ગઈ ટે શું ઠ્યું ? મારી મમ્મી બચ્ચાડી ચુમ્મોટેરમાં એક્સ્પાયર્ડ... એ બી ગ્રેટ ક્રાંટિકારી ડિમાગની ! અમારું આખ્ખું કુટુંબ ક્રાંટિકારી ! આ ટો ટમારી સાઠે મન મલી ગયું...ટે...'

'ખરું, ખરું, મહેશભાઈ' અનંતે વાત સ્વીકારી. પછી સાંધાવાળા રામજીને બોલાવ્યો અને શ્રીમતીને જગાડી ચારપાંચ ભાખરી અને મુરબ્બો-અથાણું લઈ આવવા મોકલ્યો. મહેશકુમારે, 'ચાનું વ્યસન નથી, કૉફી અથવા દૂધ હશે તો ચાલશે,' તેમ કહ્યું. પરંતુ અનંત વાઘમારેએ ધ્યાન આપ્યું નહીં. આ ઉજજડ સ્ટેશને દૂધનું કંઈ ઠેકાણું નહીં.

મહેશકુમાર સ્યૂટકેસ બંધ કરી થેલા લેવા બહાર ગયો ત્યારે પેન્ટની બન્ને બેઠકે મારેલાં થીંગડાં દેખાયાં, અને એનાં ઊઠવા-જવા સાથે અવાવરુપણાની ગંધનું મોજું ઑફિસમાં ફરી વળ્યું. કેળવણી પ્રત્યે આવો આપણો આદરભાવ...! અનંત વાઘમારેનું મન સમાજ પ્રત્યે ખાટું થઈ ગયું. મહેશ માટે અનુકંપા ઊપજી.

નાસ્તો આવ્યો. દરમિયાન એક પેસેન્જર ટ્રેનના કામમાં સ્ટેશન માસ્તર વ્યસ્ત રહ્યો. મહેશકુમારે ગરમાગરમ ભાખરી અને અથાણાનો નાસ્તો પૂરો કર્યો અને ઓડકાર ખાતાં બોલ્યો, 'કોરું કોરું લાગ્યું...કોફી હૂઢ હોટ ટો મજા રહેટ.'

મહેશકુમારે બારોબાર સ્ટેશન માસ્તરના નાના દીકરા સૌમિત્રને ગરમ પાણી લેવા મોકલ્યો. પછી ગરમ પાણી લઈ વેઈટિંગ રૂમમાં દાઢી કરવા ગયો. દાઢી કર્યા પછી એનો વાન વધુ ઊજળો દેખાયો.

ફરી પેલું ગંધનું મોજું ઑફિસમાં પ્રવેશ્યું અને ખુરસીમાં ગોઠવાયું. ફરી ધાણીફૂટ વાણીપ્રવાહ. પાર્લામેન્ટ, શિક્ષણ અને ફરીફરીને ઇન્દિરા ગાંધી 'જુઓ, સાહેબ, જુલમ જ જુલ્મીને ખટમ કરે છે... ભુટ્ટોએ મુજીબને માર્યો... ભટ્ટોને ઝિયાએ... હવે ઝિયાનો વારો... ઇન્ડિરાબેન ગયાં... સ્વર્ગમાં... કોને ખબર... ઘન્નું ડુ:ખ ઠયેલું... મારી એક મઢર ચુમ્મોટેરમાં ગઈ... બીજી ચોરાશીમાં... શાસ્ટ્રી ભલો આડમી... મિશ્રા... ડિનડયાળ ઉપાઢ્યાય... પંજાબના પાંચ હજાર અને આસામના ડસ હજાર નવલોહિયા જુવાનો, ...કહો ટો, કોને માર્યા?'

પરંતુ સ્ટેશન માસ્તર પાસે એનો જવાબ નહોતો. મહેશકુમાર હજી બોલતો હતો... '...સાહેબ,...ખૂન માંગટા હૈ... ઈટિહાસ ટપાસો... તન્ન ગોલી હોય કે સોલ, કોઈ ગાંઢી બચટા નહીં... પન બાઈ મરડછાપ... કેવું પડસે.. રીગને સંરક્ષણ મંટ્રીને મરસિયાં ગાવા પન મોકલ્યો... જોયું નીં...'

મહેશકુમારનો લવારો અસ્ખલિત ચાલુ રહ્યો. ઇન્દિરા ગાંધીનું અંતિમ ભાષણ ઇન્દિરા ગાંધીના અવાજ અને અંદાજમાં સડસડાટ બોલી ગયો. સ્ટેશન માસ્તર થાક્યો. એને મહેશની બસની ચિંતા થઈ. એક વિરામસ્થળે એણે બોલવાની તક ઝડપી લીધી, 'મહેશભાઈ, તમારી બસ...'

'છોડો સાહેબ ટમે કેંડાડો મલવાના ! મારા વિડ્યાર્ઠીને તો પછી પન મલાસે. આપને ટકલીફ ના પડે ટો...?' એણે અનંત સામે પ્રશ્નસૂચક નજર કરી.

સ્ટેશન માસ્તર સાવચેત થઈ ગયો. પરંતુ વળતી ક્ષણે અનંત વાઘમારે બોલ્યો, 'ઘણી ખુશીથી.'

મહેશકુમાર સામાન લઈને અનંત વાઘમારે સાથે ઘર તરફ ચાલતો થયો. અનંતનાં શ્રીમતી રસોઈ કરતાં હતાં. અનંત ઓળખાણ કરાવે તે પહેલાં મહેશકુમારે અનંતનાં શ્રીમતીના ચરણસ્પર્શ કર્યા. પછી પોતે જ પોતાનો પરિચય આપ્યો. '...આપનો ન્હાલ્લો ભઈ મહેશ, મહેશકુમાર રટિલાલ વ્યાસ. આજીવન શિક્ષક. આજીવન બ્રહ્મચારી, ક્રાંટીકારી, સમાજવાડી વિચારઢારાનો માનસ, મોટીબેન.'

વાઘમારેનાં પત્નીએ આદરપૂર્વક હાથ જોડ્યા. અનંતે વધુ પરિચય આપ્યો, 'જીવનમાં સાવ એકાકી છે. નથી માબાપ, નથી

ભાઈ-બહેન.' અનંત વાઘમારેના શબ્દોએ પત્ની ઉપર ધારી અસર કરી, -અરેરે ! કોઈ નહીં... બચ્ચાડા... કોઈ કરતાં કોઈ નહીં...?

મહેશકુમાર જોડેલા હાથે ગળગળા સ્વરે બોલ્યો, '-બઢ્ઢાં જ હટાં... છ ભાઈઓ... બઢ્ઢા ગુજરી ગયા. બે બહેનો છે કહેવા પૂરટી. નક્કામી અને ગયેલી. ઘર છે વ્યારામાં. ટે ભઈબંઢને આલી ડીઢું રહેવા. આપણે ટો એકલરામ...ચલ મનવા ડૂસરે ઢામ..., મોટીબેન'

સ્ત્રીની સમગ્ર અનુકંપા ઊભરાઈ આવી.

મહેશે નાના સૌમિત્રને તેડી વહાલ કર્યું. બન્ને ગાલ ચપટીમાં લઈ બોલ્યો, 'આ કોકાકોલા.. આ ફેન્ટા...આ ગોલ્ડસ્પૉટ અને રીમઝીમ... મને બાડકો બહુ પ્યારાં હં કે, મોટીબેન.'

ગમેતેમ ઘરનું વાતાવરણ આનંદમય બની ગયું. થોડી બીજી ગપસપ ચાલી. અનંતે બીડી સળગાવી. તુરત મહેશ બોલ્યો, '...મોટીબેન, ટમે આમનું વ્યસન છોડાવો... વ્યસનમાં જ આપણે ટબાહી નોંટરીએ છીએ, ખરું કે નીં ?'

શ્રીમતીને વાત ગમી; '-ભઈ, સત્તરસત્તર વરસ બીડી માટે ઝઘડી, પણ અંતે બીડી જીતી!'

વાતની અસર જાણવાની દરકાર કર્યા વગર એ તરત બીજી વાતે સહેલાઈથી ચડી જતો હતો. પડેશીની નાનકડી છોકરી મમરા ખાતીખાતી નવતર મહેમાનને નીરખી રહી હતી. મહેશકુમારે છોકરીની વાટકીમાંથી થોડા મમરા પોતાના મોંમાં મૂકતાં કહ્યું; 'આ નાનકી ટપુડી ટો ગમી જાય ટેવી છે!' મોટા દીકુએ કહ્યું, 'છોકરી મજાનું ગાય છે.' 'મને પણ ગાટા આવડે છે,' એમ કહી મહેશે ગામડાઘાઈ સુરતી બોલીમાં લગ્નગીતો ગાવા માંડ્યાં. તેમાં એણે અનંતના પરિવારનાં સભ્યોનાં નામ સામેલ કર્યાં.

'વાહ ! મહેશભાઈ, તમે તો લગ્નગીતો પણ ગાઓ છો...!' અનંતની પત્નીએ આશ્ચર્ય વ્યકત કર્યું.

'ટેમાં શું ? હું ટો લગ્નગીટો બી ગાઉં અને મરસિયાંઓ બી ગાઈ જાનું... સાંભડે ટો રડી પડે.'

'ઓ...મા...! મરસિયાં...!!'

' કેમ, હસાવી જાનીએ ટો રડાવી બી નીં જાનવું જોઈએ?' -પછી અનંત સામે જોઈ બોલ્યો, 'રડતાં બી આવડવું જોઈએ, ને રડાવતાં બી આવડવું જોઈએ, કેમ સાહેબ ?'

'અલબત્ત, એ પણ એક કળા છે.'

વાત કળા ઉપરથી રસોઈકળાના પાટે ચડી ગઈ. પોતાને બધું રાંધતાં આવડે છે. દાળ, ઊંધિયું તો સુરતીનાં જ...આંગળાં કરડી જવાય-વગેરે વાતો કરતાં મહેશકુમારે ટમાટાંવાળી દાળ, પાપડ અને કાંદા-ટમાટાની કચુંબર જમવામાં કરવાં તે મોટીબહેન પાસે કબુલાવી લીધું. છતાં એનું મિષ્ટાન્ન અને ફરસાણપુરાણ તો ચાલુ જ હતું: '...અને મોટીબેન, અમને સુરટીઓને એકાડ મિષ્ટાન્ન કે ફરસાણ વગર ચાલે જ નીં.' નિસાસો નાખી બોલ્યો, 'એ દિવસો તો ગયા, બેન. મમ્મી ગઈ ને બઢ્ઢું જ ગયું. સૂકો રોટલો ને પાની આપો ટો એ બી ગલે ઉટારી લેઉં. અભાગની બેનો ઘની સુખી છે, પન...' અચાનક એ અટકી ગયો, જાણે ગળામાં ખરખરી બાઝી ગઈ. એની દૃષ્ટિ દૂરસુદૂરનાં કોઈ કડવાંમીઠાં સંભારણાં જોવા મથતી હોય તેમ શૂન્ય બની આકાશ સામે ફરતી હતી. વતાવરણ ભારેખમ બની ગયું.

થોડીવારમાં જ મહેશકુમારે પોતાની જાતને સંભાળી લીધી. અભિનય-સહિત એણે એક રાજિયો ગાયો. છોકરાઓને રમૂજ પડી. ફરી વાતાવરણ પ્રફુલ્લિત બની ગયું.

જમવા બેઠા. મહેશ બન્ને છોકરાઓની વચ્ચે બેઠો, 'આ મારા સાચા ભાનિયા...આપણે ટો વસુઢૈવ કુટુમ્બકમ્...આ મારા મોટાભઈ. આ મારી મોટીબેન. વિશ્વની સમસ્ટ માટાઓ અને બેનો મારી માટાઓ અને બેનો...'

જમતાં-જમતાં ય દાળભાત, પાપડ, કચુંબર, અથાણાં વિશે એનો લવારો ચાલતો રહ્યો. પતિપત્ની પોતપોતાની દૃષ્ટિ મુજબ મહેશ બાબત વિચારતાં રહ્યાં. ભાવ એક જ હતો, કરુણાનો : 'બિચારો, કુટુંબવછોયો, નિરાધાર, માન મરતબો મૂકી ઘરઘરનાં ટૂંબા ખાતો, સુખની શોધમાં એને ખબર નથી કે એ શું કરી રહ્યો છે...'

અનંત નોકરી કરવા ગયો. મહેશ અને દીકુ ગામમાં ગયા, પેલા વિદ્યાર્થીને મળવા. પરંતુ અર્ધા કલાકમાં ખોટા રૂપિયાની જેમ પાછા ફર્યા. વાઘમારેએ પૂછ્યું, 'મળ્યા?' મહેશનું મોં બગડી ગયું, જાણે કીડામારીનું પાંદડું ચવાઈ ગયું ! કહે, 'સાલો સાવ બંડલ નીકલ્યો,...કહે, આગ્રહ કીઢેલો ટે એમ ડેડ્યા ઠોડું અવાય. અપમાન કરી નાખ્યું. હું ટો એને લાગનીશીલ ઢારટો'ટો, સાહેબ... પન હવે અહીં લેક્ચર નીં ડેવું. કાલે નીકલી જવું છે. સ્વમાન સચવાય ટો રહેવાય. બાકી...' એ ઉદાસ થઈ ગયો.

છોકરાઓ બોર ખાવા જતા હતા. મહેશ 'મને બી લેઈ જાઓ' કહેતોકને છોકરાઓ સાથે કૂદતોકૂદતો ચાલતો થયો. થોડીવાર પહેલાં જ ઉદાસ બની ગયેલો આ માણસ ઘડીકમાં બાળક બની ગયો.

'માણસ દિલચસ્પ છે!' અનંતે વિચાર્યું.

કલાકેક પછી છોકરાઓ સાથે મહેશ આવ્યો. ગયો ત્યારે કૂદતો ગયો હતો. આવ્યો ઢીલા પગે, વિલાએલા મોંએ. ફરી એનાં ઘરેલુ દુ:ખોનાં બયાન, વિપદાઓ-વિતકોની કહાણીઓ; પરંતુ આ વેળા આંસુ અને તૂટક અવાજમાં. પેલા વિદ્યાર્થીના નિર્મમ પ્રતિભાવને એ જીરવી શક્યો નહોતો. એના દુખતા મર્મ ઉપર પ્રહાર થયો હતો. એની આળાશને બહાર આવવાનું કારણ મળ્યું હતું. અનંતે એને આશ્વાસન દીધું. પરંતુ એણે કહ્યું, 'મને રડી લેવા ડો, સાહેબ. મારાં ઘરમાં રડટો હોઉં ટેવું લાગે છે. અરે, એ ઘર ક્યાં ગયું? ને માનસો...?'

અનંતની પત્ની પહેલાંથી જ રડી રહી હતી. અનંત પણ સમભાવ અનુભવતો રહ્યો.

એમ જ સાંજ પડી. મહેશને મોટીબહેને શિખામણ આપી– માનવતા-વિહીન માણસોથી છેટા રહેવાની, અપેક્ષાવિહીન રહેવાની, વગેરે.

સાંજની ગાડીમાં અનંતની પત્ની નાના દીકરા સાથે ઘરે જવા તૈયાર થઈ. અનંત વાઘમારે કુટુંબને રેલવેના વાતાવરણથી કાયમ છેટું રાખતો. બાજુના શહેરમાં મકાન બનાવેલું ત્યાં જ કુટુંબ રહેતું. આ વરસે મોટા દીકરાને પોતાની દેખરેખમાં ભણાવવા પોતાની સાથે રાખ્યો હતો. મહેશને એક બગલથેલો ગમી ગયેલો તે મોટીબહેને એને આપ્યો.

ગાડી આવી. અનંતના શ્રીમતી અને નાનો સૌમિત્ર ડબાના બારણામાં ઊભાં રહ્યાં. મોટા દીકુના માથે હાથ ફેરવી માતાએ વહાલ કર્યું. મહેશે માથું નમાવી કહ્યું, '-મોટીબેન, ટમારા આ ગડીબ ન્હાલ્લા ભઈને આશિર્વાડ નીં આલો?' અનંતે લાગણીશીલતાના પ્રવાહમાં કહ્યું, 'મહેશભાઈને વાટખર્ચી આપો.' અનંતના પત્નીએ મહેશને દસ રૂપિયાની એક ચોળાઈ ગયેલી નોટ આપી. ગાડી ચાલતી થઈ, અને દેખાતી બંધ થઈ ત્યાં સુધી હાથ હલતા રહ્યા.

રાત્રે ત્રણેયે વાળું કર્યું. મહેશ બોલ્યો, '-બપોર જેવી મજા નીં આવી, કેમ સાહેબ?' અનંતે કંઈ જવાબ દીધો નહીં. ત્રણેય ચૂપચાપ વાંચતા રહ્યા. થોડીવારે સાંધાવાળો બોલાવવા આવ્યો : 'કુકાવાવનો ફોન છે, બોલાવે છે.' અનંત સ્ટેશન ગયો. એના મિત્રનો ફોન હતો. મહેશ વિશે પૂછતો હતો. અનંતે કહ્યું: 'એ અહીં જ છે...બરાબર...બરાબર.' એ પાછો આવ્યો. સાંજના વિષાદની અસર હેઠળ ત્રણે મૂંગામૂંગા વાંચતા રહ્યા.

ગઈરાતની નાઈટ ડ્યુટિનો ઉજાગરો હતો તેથી અનંતે કહ્યું, 'હવે સૂઈએ, વળી તમારે સાતની બસ પકડવા વહેલું જાગવું પડશે.'

પથારીમાં પડતાંવેંત મહેશ અને છોકરો નિદ્રાધીન થયા. પરંતુ અનંત બારણે તાળું વાસી ચાવી ઓશીકા હેઠળ મૂક્યા પછી સૂતો. પરંતુ એને મોડે મોડે ઊંઘ આવી.

એની ઊંઘ ઊડી ગઈ. નાઈટલૅમ્પના ઝાંખા અજવાસમાં જોયું. વૉલક્લૉકમાં બે વાગી ચૂક્યા હતા. એનો દીકરો અને મહેશ ઘસઘસાટ ઊંઘતા હતા. એણે બીડી સળગાવી. બીડીના કશ ખેંચતાખેંચતા સ્ટેશન માસ્તર અનંત વાઘમારે વિચારે ચઢી ગયો. ગઈકાલની ઘટનાઓ યાદ આવી. પત્નીના લાગણીવેડા સાંભર્યાં. મનમાં ઊપજેલી રમૂજ એના ચહેરા ઉપર એકાદ ક્ષણ અંકિત થઈ અને ઓરડામાં દૃષ્ટિ ફેરવી. એક ખૂણે મહેશના બે થેલાઓ અને સ્યૂટકેસ પડ્યાં હતાં. બીડી બુઝાવી એ ઊભો થયો. એણે ફરીવાર જોયું, મહેશ નસકોરાં બોલાવતો હતો.

સાડાત્રણને ટકોરે એની આંખોમાં નીંદર ઘેરાણી. પથારીમાં લાંબો થયો ત્યારે એને એવો આભાસ થયો કે નાઈટલૅમ્પના મંદ પ્રકાશ ઉપર ઓરડાના ચારે ખૂણેથી ઘોર અંધકારે આક્રમણ કર્યું છે.

સવારે સાડા પાંચે ઊઠ્યા. બ્રશ કરી ત્રણેયે રાત્રે વધારેલાં દૂધની ચા કરી પીધી. અનંતે કહ્યું, 'ચાલો મહેશભાઈ, મારે ડ્યુટિ પર જવાનો સમય થયો. તમારી બસ સ્ટેશન સામે જ જકાતની ઓરડી પાસે ઊભી રહેશે. જાઓ ત્યારે મળતા જાજો...' પછી છોકરાને, ઘરને બરાબર તાળું મારી, ચાવી આપી જવા કહ્યું. મહેશકુમારે કંઈ બોલ્યા વગર અનંત સામે હાથ જોડ્યા. પછી છના ટકોરે સ્ટેશન માસ્તર અનંત વાઘમારે સ્ટેશને પહોંચી ગયો.

સાત વાગે મહેશ અને દીકુ સ્ટેશને આવ્યા. અનંતને ચાવી સોંપી દીકુ સ્કૂલે ગયો. મહેશકુમાર ચરણસ્પર્શ કરવા નમ્યો. અનંત બે ડગલાં પાછો હઠ્યો, 'હં...હં...આ શું...! મને પગે લાગવાનું ન હોય!' છતાં મહેશકુમારે ચરણસ્પર્શ કર્યાં, 'ટમે મારા મોટાભઈ કે નીં...?' -ગઈકાલના વિષાદનો રંગ અથવા ઝળઝળીઆં એની આંખોમાં તરવરતાં હતાં. ભારેખમ પગલે અનંતની રજા લઈ એ ગયો.

સાડા નવે ગાડીઓ કાઢી સ્ટેશન માસ્તરે નિરાંતનો શ્વાસ લીધો. પેલો બોલકો માણસ એને હચમચાવી ગયો હતો. એનો જાણે થાક લાગ્યો હતો. હવે હળવાશ જણાતી હતી.

એણે તાળું ખોલ્યું. મોટું બધું ક્વાર્ટર સાવ ખાલી લાગ્યું. હજી ગઈકાલે જ અહીં કેવો કિલ્લોલ મચ્યો હતો ! જનાર કંઈ ભૂલી તો નથી ગયો તે જોવા એણે ઘરમાં ચારે તરફ જોયું. બધું બરાબર હતું. એણે કોટ કાઢી ખીંટીએ લટકાવ્યો ત્યારે બાજુની ખીંટીએ લટકતો એક થેલો જોયો '...આ તો શ્રીમતીએ મહેશને આપેલો થેલો! પરંતુ આ બગલથેલો તો એણે સ્યૂટકેસમાં ગોઠવી દીધેલો,...પછી અહીં...'

એણે થેલો ખીંટીએથી ઉતાર્યો. જોયો. અંદર અમસ્તી એક નજર નાખી. એક નાની ચબરખી સિવાય અંદર કશું નહોતું. કાગળિયું ફેંકી દેવા એણે બહાર કાઢ્યું. પણ એ વ્યવસ્થિત રીતે ગડી વાળેલું હતું. ગડી ખોલી. અંદર દસ રૂપિયાની એક નવી નોટ રાખેલી હતી.

તરત એને વીજળીના ઝબકારાની જેમ યાદ આવ્યો ખીસામાં પડેલો, ભાંગતી રાતનો, ચોળાયેલ ગાઢ અંધકાર. એણે તમામ બળપૂર્વક ચિત્તને ચબરખી તરફ વાળ્યું.

ચબરખીમાં ગરબડિયા અક્ષરે એક પંક્તિ લખેલી હતી. અનંતે ચશ્માના બાયફોકલ લેન્સમાંથી અક્ષરો ઉકેલવા પ્રયત્ન કર્યો. પરંતુ અક્ષરો વધુ ખરાબ છે કે પોતાની નજરમાં ધૂંધળાશ છે તેની ખબર પડી નહીં. અક્ષરો માંડ વંચાયા.

બારીબારણાં ખુલ્લાં હતાં. વાતાવરણ પણ ઠંડું હતું. છતાં કપાળે વળેલાં પરસેવાનાં ટીપાં ચહેરા પર રેલાયાં.

એણે ફરીવાર ચબરખી વાંચી. તેજાબ પાયેલા ચાબુકના વાર જેવા ચબરખીના શબ્દો એની આંખોમાં વીંઝાયા, '-તમે બી, મોટાભઈ, મને ફરેબી ગણ્યો...' □

જળપ્રલય અને પુરાતત્ત્વ

હસમુખ વ્યાસ

વિશ્વની પ્રાચીનતમ સંસ્કૃતિઓનો વિનાશ જળપ્રલયથી થયો હોવાની લગભગ એક સરખી કથા અને માન્યતા આ સંસ્કૃતિઓના પ્રાચીન સાહિત્યમાં મળે છે. પ્રાચીન ગ્રીક, લેટીન, સુમેરીઅન-અસુરી અને ભારતીય સંસ્કૃતિઓમાં આ અંગેની જે કથા મળે છે તેના હાર્દમાં અસુરીઅન સંસ્કૃતિમાં આ જળપ્રલય અંગેની કથા ઉદ્‌ભવી અને પછીથી અન્યત્ર વિસ્તરી. અસુરી સંસ્કૃતિમાં પ્રાપ્ત જળપ્રલયની કથાને પછીથી પ્રમાણ-આધારો પણ સાંપડ્યાં હોઈ એ કલ્પનાકથા ન રહેતા 'હકીકત' હોવાનું સિદ્ધ થયેલું છે.

જળપ્રલયની અસુરી કથા મુમેરી મહાકાવ્ય 'ગિલગમેશ'માં વર્ણવાયેલી છે. આ કથાનો નાયક છે ગિલગમેશ, જે અસુરી ઉતનિપિશ્તિ અર્થાત્ જિઉસુદ્દૂનો વંશજ છે. તે (ઉત) અમરવેલને શોધતાં શોધતાં પોતાના પૂર્વજ જિઉને મળે છે. તે જળપ્રલયનો નાયક છે અને સ્વયં તેની કથા કહે છે : પ્રાચીન સુમેરી કથાઓ પ્રમાણે દેવસમૂહમાં પરસ્પર રાગદ્વેષ હતા. પરિણામ સ્વરૂપે તેઓની વચ્ચે વારંવાર નાની-મોટી લડાઈઓ થયાં કરતી. આમાંના એલિલ નામના દેવે પૃથ્વીવાસી માનવોનાં વધતાં જતાં પાપથી ક્રોધે ભરાઈ સમગ્ર દેવોની એક સભા બોલાવી. આ સભામાં માનવોને સખત દંડ આપવાનો નિર્ણય લેવાયો. આ દંડ મુજબ જળપ્રલય વડે સમગ્ર જીવસૃષ્ટિનો નાશ કરવાનું નક્કી કરાયું. પરંતુ દેવસભાના આ નિર્ણયની માહિતી ઈયાન નામના દેવે શુરુપ્પક નગરના માનદ્ જિઉસુદ્દૂને પહોંચાડી દીધી. જળપ્રલયની આ કથામાં તે (દેવ) કહે છે :

'હે શુરુપ્પકના માનવો, ઘરોને ધરાશયી કરી નાખો, એક નૌકા બનાવી માલ-મિલકત તેમાં મૂકી જીવ બચાવો. સમગ્ર જીવોનાં બીજ એકઠાં કરી નૌકાની મધ્યમાં મૂકો.'

દેવતાની સૂચના પ્રમાણે જિઉસુદ્દૂએ એક મોટી નૌકા બનાવી તેને જીવ-બીજો અને ખાદ્યસામગ્રીથી ભરી નગરજનોને ચેતવણી આપતાં કહ્યું -

'શક્તિમાન પવનદેવ એલિસ આપણા ઉપર ક્રોધે ભરાયા હોઈ (ઘૃણા કરતા હોઈ) તે હવે અહીં નહીં રહે.' તેમણે તેમનાં કુટુંબીજનોને હોડીમાં બેસાડી તેને ચોતરફથી બંધ કરી દીધી. ત્યાં ભયંકર તોફાન શરૂ થયું. કાળાં ડિબાંગ વાદળાંઓની વચ્ચે નગરજનોએ દેવગણને મશાલો લઈ ઘૂમતા જોયા. આ વિનાશકારી તાંડવ છ દિવસ અને છ રાત્રિ સુધી ચાલ્યું. ચોતરફ ઘોડાપૂર ઊમટ્યું. પાણીના લોઢ ઊછળતા રહ્યા ને તેના પર બંધ હોડીમાં કુટુંબ સહ જિઉસુદ્દૂ વહેતો રહ્યો. પ્રચંડ પૂરમાં સર્વ કંઈ જળમગ્ન થઈ ગયું. માત્ર પર્વતના ઊંચાં શિખરો જ દેખાતાં હતાં. આમાંના એક શિખર ઉપર પહોંચી ત્યાં તોફાન દરમ્યાન સપ્તાહ સુધી રહ્યો. આમ, હોડી બચી જવા પામી.

હિન્દુધર્મના પ્રાચીન ગ્રંથ શતપથ બ્રાહ્મણ, મહાભારત, મત્સ્ય - અગ્નિ - ભાગવત પુરાણોમાં જળપ્રલયની કથા વિસ્તારથી મળે છે. શતપથ બ્રાહ્મણમાં આ કથા આ રીતે વર્ણવાઈ છે:

"એક સવારે મનુ જ્યારે હાથ-મોં ધોઈ રહ્યા હતા ત્યારે એક નાનકડી માછલી તેના હાથમાં આવીને બોલી : 'મારું રક્ષણ-પોષણ કર. હું તને પાર ઉતારીશ. 'મનુએ કહ્યું 'શામાંથી પાર ઉતારીશ?' માછલી કહે આ જળપ્રવાહ જ્યારે સમગ્ર પ્રજાને વહાવી જશે ત્યારે હું તારી રક્ષા કરીશ. મનુ કહે, 'તો હું તારું રક્ષણ-પોષણ કઈ રીતે કરું?' માછલી બોલી, 'જ્યાં સુધી અમે નાનાં હોઈએ ત્યાં સુધી અમને બધાનો ડર રહેતો હોઈ સર્વપ્રથમ મને એક પાત્રમાં પાણી ભરીને તેમાં મૂકજે. અને મોટી થાઉં ત્યારે ખાડો ખોદી પાણી ભરી તેમાં મને રાખજે. ત્યારબાદ તેનાથી પણ મોટી થાઉં ત્યારે મને સાગરમાં છોડી દેજે. જ્યારે કાળાંતરે જળપ્રલય થશે ત્યારે તું હોડી બનાવી મારું ધ્યાન ધરી તેના પર ચડી જજે, ત્યારે હું તારું રક્ષણ કરીશ.' મનુએ તેના કહ્યા પ્રમાણે કર્યું. એક હોડી બનાવી તૈયાર રાખી. જ્યારે જળપ્રવાહ ઊમટવા માંડ્યો ત્યારે તે હોડીમાં ચડી ગયો. ત્યારે એક વિશાળ માછલી હોડી પાસે પહોંચી. તેણે હોડીને દોરી સુરક્ષિત રીતે ઉત્તરગિરિ હિમાલયે પહોંચાડી. આમ, જળપ્રલય વખતે મનુ બચવા પામ્યો. ત્યાર પછી તેમણે તપ કરી પ્રજાની પુનઃ ઉત્પત્તિ કરી." (શતપથ બ્રાહ્મણ ૧-૮-૧-૬).

શતપથ બ્રાહ્મણ પછીથી મહાભારતમાં આ કથા વિસ્તારથી મળે છે. અલબત્ત, અહીં તેનું વિસ્તરણ થવા પામ્યું છે. મહાભારતની કથા અનુસાર માછલીના કહેવાથી મનુએ સર્વ પ્રકારનાં બીજોને પણ એકઠાં કરી હોડીમાં સાથે લીધેલાં. વળી, પર્વત પર સુરક્ષિત રીતે હોડીને પહોંચાડ્યા પછી માછલીએ સ્વયં બ્રહ્મા-પ્રજાપતિ- હોવાનો પરિચય આપ્યો.

જળપ્રલયની આ કથા કુરાન (સુર ૧૧)માં પણ વર્ણવાઈ છે.

'નૂહ (આદમ પ્રથમ હજરત : નૂહ બીજો) કી ઔર વહ્ન (આકાશવાણી: અલ્લાહનો સંદેશ) કી ગઈ કિ જો લોગ ઈમાન લા ચૂકે હૈં ઉનકે સિવા તુમ્હારી જાતિમેં અબ કોઈ ઈમાન નહીં લાએગા. તો, જો કુછ યે કર રહે હૈં, ઉસકે લિએ તુમ દુઃખી ન હો. ઔર હમારી નિગાહોં કે સામને ઔર હમારી વહ્ન કે અનુસાર એક નાવ

બનાઓ ઔર ઉન લોગોં કે બારેમેં જિન્હોંને જુલ્મ કિયા, મુજસે કુછ ન કહના. નિશ્ચય હી વે સબ-કે-સબ ડૂબનેવાલે હૈં. નૂહ નાવ બનાને લગા ઔર જબ કભી ઉસકી જાતિ કે સરદાર ઉસકે પાससે ગુજરતે, વે ઉસકી હંસી ઉડાતે. જબ હુકમ આ ગયા ઔર તનર ઉબલ પડા તબ નાવમેં હર કિસ્મકા (જાનવરોમેંસે નર-માદા) એક એક જોડા ચઢા લિયા ગયા. જિતને ઈન્સાન ઈમાનવાલે થેં ઉન્હે ભી નાવમેં જગહ મિલ ગઈ. નૂહને કહા કિ અલ્લાહ કે નામ સે નાવકો ચલાના ભી હૈં ઓર ઠહરના ભી હૈં....ઔર નાવ ઉન્હે લિએ પહાડ જૈસી ઊંચી લહેરોં કે બીચ ચલને લગી....વહ નાવ અલ-જુદી પર્વત પર ટિક ગઈ.' (કુરાન મજીદ : હિન્દી અનુવાદ - અરબી મૂલ ગ્રંથ સહિત પૃ.૨૩૧-૩૨ પ્રકાશિત; મકતબા અલ હસનાત, રામપુર, ઉત્તરપ્રદેશ.)

પ્રાચીન ગ્રીસમાં પણ આવી કથા મળે છે :

પ્રમીથ્યૂનો પુત્ર ઘુકલીપન રાજય કરતો હતો ત્યારે જયૂપિટર નામના દેવતાના કોપથી ગ્રીસમાં જળપ્રલય થયેલ. ઘુકલીપનને પહેલેથી આની જાણ હોઈ એક હોડી તૈયાર કરી રાખેલી, જેમાં તે તેની પત્ની પાઈરા સાથે ચઢી ગયો. નવનવ દિવસ સુધી પૂર ઊમટતું રહ્યું. આનાથી ગ્રીસની સમગ્ર જીવસૃષ્ટિ નાશ પામી ગઈ. ઘુકલીપન અને પાઈરા એક પર્વતની ટોચ પર હોડી સાથે ચડી જતાં બચવા પામ્યાં. આ પછીથી પુન: તેમણે રાજયને આબાદ કર્યું.

જળપ્રલયની આ કથા બાઈબલ (જૂનો કરાર ૬-૭-૮) માં પણ વિસ્તારથી મળે છે.


વિભિન્ન સંસ્કૃતિઓનાં પ્રાચીન સાહિત્યમાં મળતી જળપ્રલયની કથા તપાસ્યા બાદ હવે તેના પુરાતત્ત્વીય પ્રમાણ તપાસીએ.

જળપ્રલયની ઉપરોકત કથાનાં મૂળ અસુર દેશની પ્રાચીન કથામાં મળે છે. અસુર દેશ ઉત્તરી ઈરાકમાં દજલા-ફરાત નદીઓની વચ્ચે આવેલ હતો. આ દેશના મુખ્ય ત્રણ નગરો : અસુર, કલા અને નિનેવે હતાં. નિનેવે પ્રાચીન અસિરીઆનું સમૃદ્ધ પાટનગર હતું. પુરાવિદોએ આ ત્રણેયને ઉત્ખનન દ્વારા બહાર કાઢ્યાં છે. અસુર જાતિના પ્રમુખ દેવનું નામ પણ અસુર જ હતું. તેનું ગ્રીક નામ અસિરીઆ. નિનેવેના ખોદકામ દરમ્યાન ત્યાનાં રાજા અસુર બનિપાલનો ઈ. પૂ. ૭મી સદીનો ગ્રંથસંગ્રહ પણ મળી આવેલો. આમાં ઈંટો પર જળપ્રલયની કથા અંકિત છે. આ પછીથી ક્રમશ: આની નકલ અનેક દેશોમાં થયાંની દૃઢ માન્યતા છે. સંભવ છે કે ઈ.પૂ. ૮મી સદીમાં આ કથા ભારતીય સાહિત્યમાં પ્રવેશી હોય. 'શતપથ બ્રાહ્મણ' નો નિર્માણસમય પણ ઈ.પૂ. ૮મી-૯મી સદી માનવામાં આવે છે. 'શતપથ બ્રાહ્મણ'ની કથાના અંતે મનુએ જયારે હેમખેમ પાર ઊતર્યા પછી યજ્ઞ કરવા ઈચ્છા કરી ત્યારે તેના દેશમાં યજ્ઞના જાણકાર પુરોહિત ન હોઈ કિલાલ અને આકુલ નામના બે અસુર પુરોહિતોને બોલાવવા પડેલા. ઈ.પૂ. ૮મી-૯મી સદીમાં અસુર સમ્રાટોનું રાજય ભારતના પડોશી રાજય ઈરાનથી ભૂમધ્ય સાગર અને મિસર સુધી ફેલાયેલું હતું.

આગળ નોંધ્યું એ પ્રમાણે નિનેવે નગરના (૧૯મી સદીના અંતે) ઉત્ખનન દરમ્યાન સમ્રાટના ગ્રંથસંગ્રહમાંથી મળી આવેલી બાર ઈંટો પર અંકિત 'ગિલગમેશ' મહાકાવ્યમાં જળપ્રલયની કથા વર્ણિત છે. આ કથા 'કીલ' (કયૂનિર્ફોર્મ લિપિમાં) અક્ષરોમાં અંકિત છે. પુરાવિદ્, લેયોર્ડે નિનેવે નગરનું ઉત્ખનન કરેલું. આ નગર દજલા નદીના કિનારે વસેલું અને ઈ.પૂ. ૭મી સદીના અંતે ઈરાની આર્યોએ સળગાવી દઈ તેનો નાશ કરેલો. આ નગરના ખોદકામ દરમ્યાન અન્ય રાજમહેલોની સાથોસાથ સમ્રાટ અસુર બનિપાલનું ૩૦ હજાર ગ્રંથોવાળું ગ્રંથાલય પણ ખોદી કઢાએલું. આ ગ્રંથાલયમાંથી લેયોર્ડના એક સહાયક સીરિયક રસ્સમને 'ગિલગમેશ' મહાકાવ્યની કથાવાળી બાર ઈંટો મળી આવેલી. આ ઈંટો ત્યાંથી લંડનના બ્રિટિશ સંગ્રહાલયમાં લઈ જવાઈ ત્યારે ત્યાંના અસુરી સંસ્કૃતિના ઈનચાર્જ જયોર્જ સ્મિથે તેનું વાંચન કરતાં તે કથા 'ગિલગમેશ' મહાકાવ્ય અને તે પણ અધૂરું હોવાનું જાણવા મળ્યું. આ કથાથી બાઈબલના 'જૂના કરાર'માં વર્ણિત પ્રલયકથાની ઐતિહાસિકતા સાબિત થતી હોઈ સમગ્ર વિશ્વમાં આ શોધથી ખળભળાટ મચી ગયો. પરંતુ, પ્રાપ્ત કથા અધૂરી હોઈ લોકો તેમજ વિદ્વાનોમાં પૂરી કથા મેળવવાની તાલાવેલી જાગી. એક એવી રજૂઆત કરાઈ કે સંશોધન તેમજ અન્ય ખર્ચની જોગવાઈ થાય તો ઈરાક જઈ પુન: ઉત્ખનન - સંશોધન કરવામાં આવે. લંડનના સુપ્રસિદ્ધ દૈનિક 'ડેલિ ટેલિગ્રાફે' તરત જરૂરી ખર્ચની જોગવાઈ કરી આપી, એટલું જ નહિ, બાકીની કથાવાળી ઈંટો શોધી-મેળવી આપનારને મોટું ઈનામ આપવાની પણ જાહેરાત કરી. આથી સ્વયં જયોર્જ સ્મિથ નિનેવ ગયો. અને સદ્ભાગ્યે ત્રણસો જેટલી ઈંટો મળી આવતાં તે લઈ લંડન પાછો ફર્યો. આ ત્રણસો ઈંટોમાંથી જળપ્રલયની અધૂરી કથાની ઈંટો પણ મળી આવતાં આ રીતે સમગ્ર કથા સંપૂર્ણ થઈ !

ઈ.સ. ૧૯૨૭-૨૮માં ઈંગ્લેન્ડ-અમેરિકાના સંયુકત અભિયાન મુજબ લિઓનાર્ડ વૂલીએ 'બાઈબલ'ના જૂના કરારમાં વર્ણિત 'ઉર'નું ખોદકામ કરાવ્યું. ઉર એ પ્રાચીન સુમેરીઅન નગર હતું. બેબિલોનથી દક્ષિણ પૂર્વે યુફ્રેટિસ નદીના ડાબા કાંઠે એ વસેલું. આ અભિયાન દરમ્યાન 'ઉર' ઉપરાંત 'ઉરુક' અને 'શુરુપ્પક' વગેરેમાં પણ ખોદકામ હાથ ધરાયેલું. દ્વૂલીએ સુમેરુ સભ્યતાનાં અનેક નગરોના અવશેષો શોધી કાઢ્યા. તેમના આ સંશોધન-ખોદકામથી જાણવા મળ્યું કે ઈ.પૂ. ૩૨૦૦ વર્ષ પૂર્વે ઉર-ઉરુક અને શુરુપ્પકમાં ભયંકર જળરેલ આવેલી. કોઈ કુદરતી કારણસર ફારસના સમુદ્રની સપાટી ઉપર આવી ગઈ હશે. પરિણામ સ્વરૂપ એ જળરેલમાં સુમેરુ સભ્યતાનાં અનેક નગરો ડૂબી ગયેલાં.

આમ, વિશ્વની પ્રાચીન સભ્યતાઓનાં સાહિત્યમાં મળતી જળપ્રલયની કથા કેવળ 'કલ્પના' ન રહેતાં 'હકીકત' હોવાનું પુરાતત્ત્વીય પ્રમાણોથી સિદ્ધ થાય છે." □



ગ્રાન્ડ કેન્યનનો 'હાન્સ ટ્રેઈલ' નામનો એક ઊંડો વિસ્તાર. કેન્યનની અંદર ઊંડેઊંડે નીચાણમાં આવા લગભગ સપાટ અને વિશાળ ખુલ્લા વિસ્તારો પણ છે. પગે ચાલીને ઘૂમનારા સહેલાણીઓને આવા વિસ્તારો અચૂક આકર્ષે છે. છબિમાં નીચે મધ્ય ભાગમાં દેખાતા પદયાત્રીઓનાં કદ પરથી આ કોતરોની ભવ્ય વિશાળતાનો ખ્યાલ આવે છે. જમણી બાજુ ઉપરના ભાગે દેખાતું શિખર 'વિષ્ણુ ટેમ્પલ'ના નામે ઓળખાય છે. વિવિધ ધર્મનાં દેવદેવીઓ કે પૌરાણિક પાત્રોનાં નામો પણ આ કોતરોનાં અન્ય અનેક શિખરોને અપાયાં છે.

અમેરિકન દૃશ્યાવલી : ૨

ગ્રાન્ડ કેન્યન


ભોળાભાઈ પટેલ

'સ્થાવરાણાં હિમાલયઃ - સ્થાવરોમાં હું હિમાલય છું ' એમ પોતાની ચરાચરવ્યાપી ઉન્નતોન્નત વિવિધ વિભૂતિઓનો અર્જુનને પરિચય આપતાં શ્રી કૃષ્ણએ સૂચિમાં ઉમેરી શકયા હોત કે નદી કોતરમાં હું ગ્રાન્ડ કેન્યન છું. કેન્યન એટલે કોતર, ગ્રાન્ડ કેન્યન એટલે ભવ્ય નદી-કોતર, અથવા કવિ ઉમાશંકર કહે છે તેમ 'ભવ્ય નદી ખીણ', પણ ગ્રાન્ડ કેન્યન, પણ હવે વિશેષ નામ થઈ ગયું છે. ઉત્તર અમેરિકાના એરિઝોના રાજયમાં કોલોરાડો નદીએ દર હજાર વર્ષે છ ઈંચની સરેરાશથી કરોડકરોડ વર્ષના કાલપટામાં આ વિરાટ કોતર ઘડી કાઢ્યું છે. હજી નદી કોલોરાડો તો સક્રિય છે, કે પછી કાલદેવતા !

'કાળ જાણે કરમાં નદીસ્રોત-ટાંકણું લઈને
ક્ષ ણ ક્ષ ણ
કરતો તક્ષણ-કર્મ :
લાખ લાખ વરસ રહ્યો ઘડતો આ શિખરવૈભવ.

કવિ ઉમાશંકરના આ રૂપક કરતાં ભાગ્યે જ અન્ય રીતે આ ભવ્ય નદી-કોતરની રચનાનો વિસ્મયબોધ પ્રકટ થઈ શકે.

લાસ વેગાસથી સવારે નીકળ્યાં ત્યારે મનમાં મિત્રોએ અને કવિ ઉમાશંકરે ભાવભીની રીતથી દોરેલી ગ્રાન્ડ કેન્યનની તસવીર



ગ્રાન્ડ કેન્યનના પૂર્વ વિસ્તારમાં 'એપોલો ટેમ્પલ' અને તેની નીચેના કોતરોનું એક દૃશ્ય. આમાંના નીચેના ભાગના ખડકો પ્રીકેમ્બ્રીઅન કાળના એટલે કે પૃથ્વી ઉપર જીવસૃષ્ટિ ઉત્પન્ન થયાના પ્રારંભકાળના છે, જ્યારે ઉપર તરફના ખડકો લગભગ ૩૫૦૦ લાખ વર્ષો પુરાણાછે.

ઊભરતી હતી. તમે જાઓ છો જાઓ છો, આછી ઝાડીવાળી સપાટ સમતલ ઊષર લાગતી ભૂમિનો વિસ્તાર ખૂટતો નથી. ત્યાં એકાએક એક વળાંકે આવીને ઊભો - જુઓ છો તો નજર સામે અદ્‌ભુતોમાં અદ્‌ભુત જાણે - ગ્રાન્ડ કેન્યન! અગાઉથી કોઈ પૂર્વાભાસ નથી, એકાએક વિરાટનો આવિર્ભાવ. એવું કંઈક.

રિયો કોલોરાડો સ્પેનિશ લાડકું નામ - નદી કોલોરાડોને તો પહેલાં રસ્તે આવતાં જોઈ. રુક્ષ ડુંગરાળ પ્રદેશમાં . હુવર ડેમથી એનાં ભૂરાં પાણી એક તરફ વાંકાચૂંકા ચીડ સરોવર રૂપે પહાડો વચ્ચે ઘેરાઈ શોભા ધારણ કરી રહ્યાં હતાં, અને એ જ સરોવરમાંથી આગળ વહી જતાં હતાં કેલિફોર્નિયાના અખાત ભણી. અહીં તો આ નદી એટલી 'ટેમ' - પાળેલી - લાગે છે કે એણે જ વન્યા બની ને પેલું કોતર કંડારી કાઢ્યું હશે એમ માની જ ન શકાય. મોટરગાડીમાંથી ઊતરી અમે એનું અભિવાદન કરી લીધું.

નેવાડા રાજ્યમાંથી એરિઝોનામાં પ્રવેશ કર્યો ત્યારે બપોર થવા આવ્યાં હતાં. વેરાન ભોમકા ઉપર સુંવાળી સડક અંતહીન હોઈ મોટરગાડી દોડ્યે જતી હતી. કેટલી વાર હશે ગ્રાન્ડ કેન્યન પહોંચવામાં? પણ પછી હરિયાળી ઝાડી શરૂ થઈ, પાઈનનાં વૃક્ષો પણ દેખાયાં. ત્યાં ગાડી ધીમી કરી શશીએ એક વળાંક પાસે તેને ઊભી રાખી, કે સામે...

અવાક્ ! આ ગ્રાન્ડ કેન્યન ! ! આંખો ભરાઈ ગઈ. વિરાટની મુખોમુખ.

મોટરમાંથી 'ઝલાયા'ની જેમ નીચે ઊતરું છું, બરાબર ધરતી જ્યાંથી નીચે ઊતરી પડી છે, એ કોર ઉપર ઊભો રહી નજર પસારું છું. અરબી સમુદ્ર, હિંદ મહાસાગર અને બંગાળનો ઉપસાગર જે ભૂમિબિન્દુએ મળે છે ત્યાં કન્યાકુમારીના સાગરસંગમે જઈ ઊભા રહેતાં જે અનુભવ, કેદારનાથના શિખરે ચઢી અફાટ બરફની વિસ્તાર નજરે પડતાં જે અનુભવ, લાખો ગૅલન જળ લઈ નદી એકાએક જાણે ઊંચાઈએથી પડતું મૂકી ધોધરૂપ બની ગઈ છે એ નાયગરાને જોતાં જે અનુભવ એવો આ ગ્રાન્ડ કેન્યનના પ્રથમ દર્શનની ક્ષણનો અનુભવ. આંખ "થાકીને વિરમે રે, 'વિરાટ' 'વિરાટ' વદી."

ઉપર આકાશમાં નજર ગઈ. કોલોરાડોનાં પેલાં ભૂરાં જળ જેવું અનંત ભૂરું આકાશ, જેમાં થોડા શ્વેત અભ્રખંડો પણ તરતા હતા. નજર ઊતરતાં માત્ર ગ્રાન્ડ કેન્યન. એ કેન્યનની ખીણોમાં થઈ અથડાતો પવન અમારાં અને અમારી જેમ વિસ્મયાભિભૂત ઊભેલાં પ્રવાસીઓનાં વસ્ત્રોને ફરફરાવતો હતો. માઈલો-વ્યાપી ગેરુરંગી કેન્યન ઉપર તડકા-છાંયડાની રમત ચાલતી હતી.

'જોવાં'તાં કોતરો ને જોવી'તી કંદરા...'

ફરી કવિ ઉમાશંકરનું સ્મરણ થયું. તમે પણ અહીં ક્યાંક ઊભા હશો, કવિ. અદનું સ્મરણ થયું. એમણે એનાં અનેક શબ્દચિત્રો દોરેલાં. કાલિદાસે કહેલું રમ્યાણિ વીક્ષ્ય. ભવ્યાનિ વીક્ષ્ય - ભવ્યો જોઈને - પણ એવી અનુભૂતિ. 'જોવાં'તાં કોતરો. ' મેં પણ જીવનમાં સૌથી પહેલાં સાબરનાં જ કોતરો જોયેલાં, મહુડી પાસે વહેતી સાબરનાં, ત્યાં એ શ્વભ્ર(કોતર)વતી નામને સાર્થક કરે એવાં કોતર છે, વિસ્મયકર લાગ્યાં હતાં શિશુ આંખોને ત્યારે. અત્યારે આ સામે છે તે પણ કોતર - ગ્રાન્ડ કેન્યન. દ્દષ્ટં દ્દષ્ટવ્યમ્. આ ક્ષણે હવે એ દૃશ્યને આંખમાં ભરી પાછા ફરી જવામાં અફસોસ નથી. પણ જાણે મંત્રવિજડિત પદ. ક્યાંય સુધી નજર નિક્ષેપ કર્યા કર્યો. 'કાંગાલ નયન યેથા દ્વાર હતે આછે ફિરે ફિરે' - આ વિરાટનાં દર્શન ઝીલવાની આંખોની ક્ષમતા કેટલી?

જાણે આવેગ શમ્યો. હવે ભવ્ય કોતરની દક્ષિણ ધારેધારે દર્શન-બિન્દુઓએ ઊભા રહેતાંરહેતાં એની વિવિધ ભંગિમાઓ જોવાની હતી. પણ એ બધી કેમ જોવાય? ત્રણસો માઈલ લાંબી આ ભવ્ય નદી-ખીણના સામસામા છેડા ક્યાંક નવ માઈલ તો ક્યાંક ચાર માઈલ પહોળા. વચ્ચે ગહન તળિયાની સપાટીએથી રચાઈ આવ્યાં છે જાતજાતનાં શિખરો, સ્તંભો, ભૂખંડો. ખરેખર તો એમ કહેવું જોઈએ કે નીચેથી નહિ, ઉપરથી નીચે રચાતાં ગયાં છે; આપણા ભવ્યરમ્ય ઇલોરાના કૈલાસમંદિરની જેમ. કૈલાસમંદિરને તો એના સ્થપતિએ એક વિરાટ શિલાખંડમાં પહેલાં જોઈ લીધું, પછી એનું ઝીણુંઝીણું તક્ષણ કર્મ.

ગ્રાન્ડ કેન્યનનો કોણ સ્થપતિ છે? આ એક પ્રસ્તરીય ભૂમિખંડને કોલોરાડો કોતરતી ગઈ છે, કોતરતી ગઈ છે; કોતરતી જાય છે, પવન અને પાણીએ સાથ આપ્યો છે, ગરમીએ અને ઠંડીએ સહાય કરી છે. સંવૃત્તિ-વિવૃત્તિની યુગવ્યાપી લયલીલામાં રચાતી ગઈ

છે આ કેન્યન, પણ આપણી નજરે તો એવું લાગે આ બધું પાતાળલોકમાંથી સ્વયંભૂ પ્રકટ થયું છે. અહીં સાચે જ છે વિષ્ણુ, બ્રહ્મા, શિવ, જરથુષ્ટ્ર, જ્યૂપિટર. આ નામકરણ કોની કયા ભૂસ્તરશાસ્ત્રીની વિશાળ દૃષ્ટિના પરિચાયક છે? અહીં વિષ્ણુ-બ્રહ્મા-શિવ? એલિફન્ટાની ગુફામાં કોઈ શિલ્પીએ કંડારેલા સર્જન, સ્થિતિ અને લયના અધિદેવ ત્રિદેવ તે અહીં તો વિરાટ પ્રકૃતિ રૂપે જાણે કંડારાઈ ગયા છે. સર્જનહારના પણ સર્જક કોણ? શું કાલદેવતા?


હે કાલદેવતા, કેટલાં વરસ લાગ્યાં આ શિલ્પો કંડારાતા? હજાર? ભૂસ્તરવિદો જવાબ આપશે, નહિ. લાખ? નહિ. કોટિકોટિ. આટલી પ્રદીર્ઘ ધૃતિ? હવે રવિ ઠાકુરની 'નૈવેદ્ય'ની આ કવિતા નવા સંદર્ભમાં સમજાય છે -'હે રાજેન્દ્ર, તવ હાતે કાલ અન્તહીન'- તારા હાથમાં કાલ અનંત છે, હે રાજેન્દ્ર. રાત્રિ અને દિવસ આવે છે અને જાય છે, યુગયુગાન્તરો ફૂલની પેઠે ખીલે છે અને ખરે છે. એક પુષ્પની કળીને ખીલવવા માટે સેંકડો વર્ષો સુધી તારી સાધના ચાલ્યા કરે છે.

આ સામે હું જે ખીણમાં પ્રકટેલા વિવિધ આકારો જોઈ રહ્યો છું તેના એકએક ઈંચ માટે કોલોરાડોને સેંકડો વરસ લાગ્યાં છે. કેટલા બધા પ્રવાસીઓની આંખોમાં કૌતુક ઊભરાય છે? ગ્રાન્ડ કેન્યનની ધારે ઊભે છે અને નિહાળી રહે છે. એક સ્થળે આ પ્રવાસીઓને વિનંતી છે કે ગ્રાન્ડ કેન્યન બળકટ કાઠું ધરાવે છે, ખ્યાલ રાખશો. ૧૯૧૯માં અહીં ૪૫,૦૦૦ પ્રવાસીઓ આવેલા; પણ હવે વરસે દહાડે ૩૮,૦૦,૦૦૦ પ્રવાસીઓ આવે છે! એમનો ઘસારો પણ લાગી જાય.

પ્રથમ દર્શનથી થયેલી ઉત્તેજના જરા રિલેક્સ થઈ, હળવી થવા દીધી. શશીની વહુ દીપિકા ઘેરથી ઘણી ખાદ્યપેય સામગ્રી ગાડીની ડિકિમાં ભરી લાવી છે. નાનો દર્શિત પાછો અમારી સાથે હતો. ક્યારેક મારે ખભે બેસીને એ ઊંચે થવાનો આનંદ લેતો આસપાસ નિહાળતો.

અમે હવે જુદાંજુદાં દર્શનીય બિન્દુઓ પરથી જોતાં હતાં. ગ્રાન્ડ વ્યૂ પરથી કેન્યનમાંનાં વિવિધ શિખરોની ઊંચીનીચી હારો જોવાય. જ્યૂપિટર ટેમ્પલની બાજુમાં વિષ્ણુ, કૃષ્ણ અને રામમંદિર. રાણી શીબા અને રાજા સોલોમનનાં મંદિર. દૂરથી નજર ફેરવવાની કોતરમાં કોતરો. કેટલાંક તડકામાં, કેટલાંક છાયામાં. ક્યાંક રણદ્વીપની જેમ ગેરુઆ ખડકની કેડ્યમાં લીલીછમ ઝાડી ઊગી આવી છે. જરા કાન માંડો તો તમરાંનો એક ધારો અવાજ સંભળાય. પણ સમગ્રપણે સ્તબ્ધતા. યાત્રીઓ આવે છે અને જાય છે, ચઢે છે અને ઊતરે છે; આશ્ચર્યના ઉલ્લાસના, અવાજો કરે છે, પણ માઈલો વ્યાપી કેન્યનની સ્તબ્ધતા એટલી ઘન અને વિશાળ છે કે તે અટલ રહે છે.

યારી પોઈન્ટથી કેન્યન પર આથમતા સૂરજમાં બદલાતા વિવિધ રંગોની લીલા જોતાં સૌ ચૂપચાપ ઊભાં હતાં. ભવ્ય નદીખીણ ભવ્યતર બનતી જતી હતી. ત્યાં એક સ્થળેથી નદી કોલોરાડોની



'શિનુમો એમ્ફીથીએટર' નામે ઓળખાતા ગ્રાન્ડ કેન્યનના ઉત્તર તરફના વિસ્તારના એક ભાગનું વિહંગદૃશ્ય.

પાતળી ધાર હજારો ફૂટ નીચે વહેતી જોઈ. ચૂપચાપ શાન્ત વહી રહી છે સાંજ વેળાની એ નદી. દેખાઈ ખરી.

શશીએ અગાઉથી અહીં ગ્રાન્ડ કેન્યન વિલેજની થંડરબર્ડ લૉજમાં અમારે માટે ઊતરવાનું આરક્ષણ કરાવી રાખેલું. ધીમેધીમે ગામમાં આવ્યાં તો યૌવન અને ઉલ્લાસથી ગામ ભરેલું લાગે. અમારા ઓરડા કેન્યનને કાંઠે. વાહ ! બારી ઉઘાડી તો સામે જ કેન્યન. રાતે ડાયરીમાં લખ્યું છે :

૫ ઑગસ્ટ, ૧૯૮૯.

થંડરબર્ડ : ફ્રીડ હાર્વે ધ ગ્રાન્ડ કેન્યન નૅશનલ પાર્ક લૉજ. બ્રાઈટ ઍંજલ.

થોડાં પગલાં દૂર ગ્રાન્ડ કેન્યન છે. એમાં અંધકાર ઝમ્યો છે. વારંવાર વિચાર આવે છે, આ ભવ્ય રૂપો કંડારાતાં કેટલાં લાખ કરોડ વરસ વીતતાં ગયાં છે? આખો દિવસ એ રૂપો જોઈ થયેલી ઉત્તેજના શાન્ત બની છે. અત્યારે કેન્યન પરનું આકાશ સ્વચ્છ છે, દિશાભ્રાન્તિ થયા કરે છે. કેન્યન પર સપ્તર્ષિ એટલા નીચા લાગે છે કે જાણે બ્રહ્મા-વિષ્ણુ-શિવને પ્રણિપાત કરવા ઉપરથી કૂદકો મારવા તત્પર ન થયા હોય? વૃશ્ચિકનો દેશ પણ તેજસ્વી લાગે છે.

કાલે રાતે તો આકાશ હતું કે નહિ એ જોવાનો વિચાર પણ કેમ નહોતો આવ્યો? આકાશના બધા તારા ધરતી પર ઊતરી આવ્યા હોય તેવું ઝળાંઝળાં હતું વિશ્વવિખ્યાત કાસીનો - જુગારનું નગર લાસ વેગાસ. રણભોમકામાં સુવર્ણમૃગ - કે માયામૃગનું નિર્માણ. આખી રાત નગરનાં અનેક જુગારખાનાંઓમાં ડૉલરના ખણખણાટ, હજારો સ્લૉટ મશીનમાંથી ખરે છે ખણ ખણ ખણ ડૉલર. બીજી બાજુ ગાન, નાચ, રૂપલીલા, જુગારની મોજમઝાની મનુષ્યનિર્મિત સંસ્કૃતિનું એ આકાશ હતું. સવાર સુધી જાગતું નગર હતું.

પણ આજ તો કોઈ આદિમ જગતમાં છું. આકાશ આકાશ છે, ધરતી ધરતી, તારા તારા, અંધકાર અંધકાર. અંધકારને મોં છુપાવી ફરવું પડતું નથી. ગ્રાન્ડ કેન્યનમાં એ જ પ્રકૃત અંધકારને, આકાશને આ ખીણને, એના યુગયુગ-વ્યાપી આયખામાં માણસ નામના પ્રાણીનો પરિચય જાણે હમણાંનો છે. કોઈએ રમૂજભર્યો હિસાબ તારવ્યો છે કે ધારો કે ગ્રાન્ડ કેન્યનના બે અબજ વર્ષોના સ્કેલને જો દિવસરાતના ચોવીસ કલાકના પ્રમાણમાં ફેરવીએ તો માણસ મધરાત થયાની છેલ્લી સેકંડનોય પંચમાંશ બાકી રહ્યો છે ત્યારે તે ત્યાં પહોંચ્યો છે ! હજી તો કોલોરાડો નીચે ઊતરતી જશે. વળી લાખો વરસ. પણ વળી પાછું ભૂસ્તરશાસ્ત્રીઓનું કહેવું થાય છે કે સંભવ છે બીજાં લાખો વરસ પછી આ ભવ્ય નદીકોતર ન રહે, કોલોરાડો ફરીથી ધીમે ધીમે સપાટી પરથી વહેતી થાય.

થાકી જવાય છે, આ બધી ગણનાઓથી. હવે જરા કેન્યન પર એક નજર કરી લઉં, અંધકારમાં.

એકાએક જાણે સવાર થઈ ગયું. સાત વાગી ગયા. બારીનો પડદો હટાવ્યો તો સામે ગ્રાન્ડ કેન્યન પર તડકો પથરાઈ ગયો હતો. કેન્યન પર ધીમેધીમે થતા સૂર્યોદયના બદલાતા રંગો જોવાનું સપનું રોળાઈ ગયું પ્રમાદને લીધે. પૂર્વ તરફના કોતરોમાં કાચો તડકો હતો, ઉપર તરફનાં કોતરોમાં આછું ધુમ્મસ.

થન્ડરબર્ડના પહેલે માળથી ઊતરી જાઉં છું અને કેન્યનની ધારેધારે શરૂ થતી ટ્રેઈલ પર ચાલવા લાગું છું. સૂરજ ભૂરા આકાશમાં જરા ઊંચે આવ્યો છે. કેન્યનમાં એક ભેખડ વચ્ચે ઊંચી ઊભી છે, ચારે કોર નિરાધાર. એના પર એક ચટાપટા વિનાની ખિસકોલી પૂંછડીવાળી આગળના બે પગે (હાથે?) કશુંક મોઢામાં મૂકતી પાછલા બે પગે ઊભી રહી છે, પૂંછડી હલે છે. તડકો ખાય છે? અચલ ગ્રાન્ડ કેન્યન પર ચંચલ ખિસકોલી ! ક્યાંક કોઈ પંખીનો નાજુક અવાજ છે, જે આ વિરાટ ફાટી બોખની શૂન્યતામાં જાણે આશ્વસ્તિ રૂપ છે. મનમાં કશીક પ્રસન્નતા છે પણ where are you dear Colorado ? ત્યાં ઊંડી ખીણમાં તું વહે છે, પણ અહીંથી આંખોને અદષ્ટ.

વળી એક ખિસકોલી, એની એ ઊંચીનીચી થતી પૂંછડી, ત્યાં એ જ રીતે જાણે વાળની સખ્ત બાંધેલી ચોટલી હલાવતી કૂદતી જાપાની કન્યા અને એનો સાથી. એ જુદીજુદી જગ્યાએ બેસી જુદી જુદી મુદ્રામાં ફોટા પડાવે છે. હું ગ્રાન્ડ કેન્યનને એવી ભૂમિકામાં જોઉં છું.

એક ખિસકોલી અને ગ્રાન્ડ કેન્યન

એક કન્યા અને ગ્રાન્ડ કેન્યન

એક ખિસકોલી અને એક કન્યા

એમની પ્રસન્નતામાં ભાગ પડાવી હું ટ્રેઈલ પર આગળ ચાલતો ચાલું છું. ત્યાં એક જગ્યાએ પ્રવાસીઓને સૂચના આપી છે: 'વન્ય પ્રાણીઓને વન્ય રહેવા દો. એમને કશું ખાવાનું નાખશો નહિ. તમે ખાવાનું નાખશો તો એ પોતાનો કુદરતી અને સ્વાસ્થ્યપ્રદ ખોરાક પોતે મેળવવાની તાકાત ખોઈ બેસશે.'

અહીં કેન્યનની આજુબાજુના વિસ્તારમાં ઘણાં પાઈન છે. વ્યવસ્થાપકોએ કેન્યનનું વાતાવરણ જાળવી રાખવાની સૂઝ બતાવી છે. ઝાડના થડિયામાંથી કોતરી કાઢેલી બેન્ચ હોય. જે હોટલમાં અમે ઊતર્યાં છીએ તે કંઈ સિમેન્ટ કોંક્રિટની બહુમાળી ઊંચાઈથી ગ્રાન્ડ કેન્યનમાં વરવું રૂપ ધરી ઊભી નથી. તે તો આ કેન્યન વિસ્તારમાં વસતી ઇન્ડિયનોની સંસ્કૃતિ અને પ્રાકૃતિક પરિવેશ સાથે સમતુલા રચે છે. કોઈ અમેરિકન ઇન્ડિયનનું ઘર હોય એમ અણઘડ લાગતા થાંભલા, ટેકા, મોભ. એ માટે તો સ્થપતિએ ખાસ કરેલી ડિઝાઈન. એટલે અહીં મકાનો કે વસાહત કેન્યનના જુગજુગ જૂના વાતાવરણ પર આક્રમણ કરતાં નથી, સંવાદિતા રચે છે. હું કેન્યન પર ઉજજવળ થતા તડકો અને પરિવર્તિત રંગ-રૂપ-દશ્ય જોતો હોટલ પર પાછો આવું છું. ઘણા પ્રવાસીઓ કેન્યનમાં જુદીજુદી ટ્રેઈલ પરથી નીચે ઊતરે છે, કેટલાક કોલોરાડોના પ્રવાહમાં નૌકાયાત્રાનું સાહસ કરે છે, એને કાંઠે એક માઈલ ઊંડે કેમ્પિંગ કરે છે. કેન્યનના અંતરંગ સૌન્દર્યને માણે છે, આપણે તો આ દિગંત-પ્રસારી વિરાટ દર્શન પણ પર્યાપ્ત છે.

વળી પાછા ગાડી લઈને યાવાપાઈ પોઈન્ટ પર. અહીં એક મ્યૂઝીઅમ છે, જે કેન્યનના અભ્યાસીઓને - જિજ્ઞાસુઓને ઘણી સામગ્રી પૂરી પાડે છે. અહીંથી ખીણની ભવ્યતા પૂરેપૂરી જાણે પ્રમાણી શકાય એટલી એની પહોળાઈ દષ્ટિગોચર થાય છે. એક સ્થળેથી જોયું કોલોરાડો. એના પ્રવાહનો નીચે નીચે નીચે રચાયેલો ત્રિકોણ, ઉપર પેલાં દેવશિખરોની પંક્તિ.

દક્ષિણની કોર ઉપર છેક છેવાડે ડેઝર્ટ-વ્યૂ છે. ત્યાં હોપી ઇન્ડિયન - આદીવાસીઓએ બાંધેલું એક ટાવર છે. ટાવરમાં એ આદિમ હાથે દોરાયેલાં ચિત્રો આપણને ભીમ બેટકાની ગુફાઓમાં લઈ જાય. બન્નેની આદિમતા જુદી. ટાવર પર ચઢીને જોયું તો ઉત્તર તરફ મરુ ભોમકાનું દશ્ય. તો વળી નાની કોલોરાડોની ઊંડે વહેતી ભૂરી પાતળી ધાર પણ. આગળ જઈ એ કોલોરાડોમાં ભળી જાય છે.

બપોર પછી ગ્રાન્ડ કેન્યનને આંખોમાં ભરીને નીકળ્યાં. એરિઝોનાના ઉજજડ પહાડો અને રણભૂમિ જેવા વિસ્તારમાંથી વેગથી પસાર થતાં કેન્યનનાં વિચારો આવતા હતા. ગ્રાન્ડ, સાચે જ ગ્રાન્ડ ! ત્યાં થંડર બર્ડ હોટેલમાંની વિઝિટર્સ બુકમાં એક પ્રવાસીએ લખેલા શબ્દો યાદ આવ્યા કે 'ધ વર્ડ ગ્રાન્ડ ઇઝ નોટ સફિશન્ટ', આ ભવ્ય વિશેષણ પર્યાપ્ત નથી. એનું કહેવું કેટલું બધું વાજબી છે ! □

પ્રતિશોધ

રઘુવીર ચૌધરી

પાત્રો : બ્રહ્મદત્ત : વારાણસીનો રાજા. એણે કોસલરાજ દીધિતિનું રાજ્ય પડાવી લીધું હતું, વર્ષો પછી રાજારાણીનો પત્તો લાગતાં એમની હત્યા કરાવેલી. · દીર્ઘાયુ : દીધિતિનો પુત્ર, જે માતાપિતાની હત્યાનો બદલો લેવા સુમંતુ નામ ધારણ કરીને બ્રહ્મદત્તનો સેવક બની એના મહેલમાં રહે છે. · સુકન્યા : દીધિતિના સારથિ ગોપાલની પુત્રી, જેણે પિતાની સેવા માટે વનવાસની અગવડો પસંદ કરી છે.

(બીજા પ્રહરનો સમય છે. વટવૃક્ષ નીચે આવી દીર્ઘાયુ શાંતિનો શ્વાસ લે છે. પ્રસન્નતા અનુભવે છે. પછી એકાએક કશુંક યાદ આવ્યું હોય તેમ ચહેરો ખેંચાય છે. ક્રોધ જાગે છે.)

દીર્ઘાયુ : હું જે ક્ષણની પ્રતીક્ષા કરતો હતો એ આવી પહોંચી છે. ભલે આ સમુદાર વટવૃક્ષની છાયા કલંકિત થાય; ભલે પિતાજીના ઉપદેશની અવજ્ઞા થાય, પણ પ્રતિશોધનું જે કલંક મારા હૃદયમાં પ્રતિદિન વૃદ્ધિ પામી રહ્યું છે એનાથી તો મુકિત મળશે ! મહારાજ બ્રહ્મદત્ત માટે અહીં આસન તૈયાર કરું. એ આ મૂળનો ટેકો લેવા જશે એ સાથે જ ખડ્ગનો ઘા કરીશ. ધડ-મસ્તક જુદાં પડશે. પિતૃતર્પણ થતાં મારા આત્માને શાંતિ મળશે અને માતાપિતાને થશે કે -- (પળવાર વિચારમાં પડી જાય છે) શું થશે માતાપિતાના આત્માને? વધ પૂર્વે એમની આંખોમાં જે ભાવ હતો...

(ત્યાં પૂજા કરી હાથમાં વાંસની છાબ લઈને સુકન્યા સામેથી પસાર થાય છે.)

આ કન્યાને મેં આ પૂર્વે ક્યાંક જોયેલી છે. કોણ હશે? પૂછું? એને અવિવેક તો નહીં લાગે?

સુકન્યા : (દીર્ઘાયુ પર નજર પડતાં અટકી જાય છે.) આપ? આપ સમ્રાટ દીધિતિના રાજકુમાર તો નહીં?

દીર્ઘાયુ : અત્યારે તો હું કાશીનરેશ સમ્રાટ બ્રહ્મદત્તનો સેવક છું સુમંતુ!

સુકન્યા : પણ પિતાજી તો કહેતા હતા કે સમ્રાટ બ્રહ્મદત્તે આપનાં માતાપિતાની હત્યા કરાવેલી, અને આપ એમની સેવામાં? ઓહ, વિધિની કેવી વક્રતા!

દીર્ઘાયુ : એ ક્યારેક અનાયાસ સમજાશે. પણ હે બાળા, મને કહેશો કે આપના પિતાજી કોણ? આપ કોણ?

સુકન્યા : હું સુકન્યા અને મારા પિતાજી મહારાજ દીધિતિના સારથિ ગોપાલ.

દીર્ઘાયુ : પણ એ અહીં ક્યાંથી? મેં સાંભળ્યું હતું કે એ પોતાના મહારાજની હત્યાનો બદલો લેવા છદ્મવેશે...

સુકન્યા : છદ્મવેશ પૂરો થયો, હવે સાધુવેશે...

દીર્ઘાયુ : હું સમજ્યો નહીં, સુકન્યા! પ્રતિશોધ માટે સાધુવેશ શોભે નહીં.

સુકન્યા : પ્રતિશોધ માટે નહીં, આત્મશોધ માટે પિતાજી સાધુ થયા છે.

દીર્ઘાયુ : (ન ગમ્યું હોય એમ) ઓહો! તો એમણે સંકલ્પ છોડ્યો!

સુકન્યા : ના, સંકલ્પ તો હવે કર્યો. વેર આપોઆપ જાગે છે. એને મૂળસોતું દૂર કરવા સંકલ્પ કરવાનો હોય છે, કુમાર!

દીર્ઘાયું : હું કુમાર ! હંહ, એ વીતેલા દિવસોની યાદ ન આપો, હૃદય વિદીર્ણ થઈ જાય છે.

સુકન્યા : એથી આપને વ્યથા થઈ એ બદલ ક્ષમા માગું છું. પણ હું આપને કોસલના રાજકુમાર સિવાય બીજા કોઈ સ્વરૂપે કલ્પી પણ શકતી નથી. કુમાર, આ છદ્મવેશ છોડી દો, આપને વિતથ ન શોભે.

દીર્ઘાયું : (સસ્મિત) તમે તો ધર્મની પરિભાષામાં બોલવા લાગ્યાં! તમારા પિતાજીએ કયા ધર્મની દીક્ષા લીધી છે?

સુકન્યા : એ કહે છે કે દીક્ષા ધારણ કરવાની યોગ્યતા હજી આવી નથી. માયા છૂટતી નથી.

દીર્ઘાયુ : પુત્રીના લગ્નની ચિંતા હશે. —

સુકન્યા : (લજજાથી મુખ ઢળી જાય છે. ત્યાં મહારાજ બ્રહ્મદત્ત પ્રવેશ કરે છે. દૂરથી આ યુગલને જોઈને પ્રસન્ન થાય છે.) વિશ્રામ માટે અમારી કુટીરે પધારવા નિમંત્રણ છે. (બ્રહ્મદત્ત તરફ ચાલી, પ્રણામ કરી, જાય છે.)

દીર્ઘાયુ : (સ્વગત) વિશ્રામ માટે તો નહીં, પણ અનંત વિશ્રામ માટે — પણ ગોપાલ એમાં હવે સાથ આપે ખરા? ના, હું મારી પ્રતિજ્ઞા અહીં જ પૂરી કરીશ. (સુકન્યાની પીઠ તરફ મમતાથી જોઈ લઈ, બ્રહ્મદત્તને જોતાં જાગેલો ક્રોધ શાંત કરી કૃતક નમ્રતાથી એની નજીક જાય છે.) હું આપને આ સ્થળની જાણ કરવા આવતો હતો ત્યાં આ વનકન્યાએ રોક્યો.

બ્રહ્મદત્ત : વનકન્યા કે વનદેવી ? તમને બંનેને સાથે ઊભેલાં જોઈને મારો થાક ઊતરી ગયો. જાણે એકમેક માટે જ નિર્માયાં ન હો! એ કન્યાએ નિમંત્રણ આપ્યું હોય તો ચાલો આપણે એની કુટીરે જઈ વિશ્રામ કરીએ.

દીર્ઘાયુ : નિમંત્રણ તો આપ્યું છે, પરંતુ એની કુટીરે આપના સ્વાગતની સુવિધા હશે કે કેમ એ હું જાણતો નથી. અને મહારાજ, એ કન્યાના પિતા આપના શત્રુ કોસલનરેશના સારથિ ગોપાલ છે.

બ્રહ્મદત્ત : તેથી શું ? હું કોસલનરેશનો શત્રુ થયો હતો પણ એ મારા શત્રુ નહોતા, એ મારા માટે આંખોમાં પ્રેમ અને કરુણાનો ભાવ લઈને નિર્વાણ પામ્યા. (અંદરથી શકિત ક્ષીણ થઈ હોય, પસ્તાવાનો ભાવ જાગ્યો હોય એમ વડનાં મૂળ પાસે ટેકો લઈ બેસી જાય છે.) ભલે સુમંતુ! તું સાવચેત રહેવા માગતો હોય તો હું ત્યાં જવાની હઠ નહીં કરું. જો કે મારા હૃદયમાં છુપાવેલું વાત્સલ્ય ક્રૂરતાનાં સકલ આવરણો ભેદીને એ કન્યાની પાછળ ગયું છે. એના હાથે મળેલી નિર્મલ જલની અંજલિ પામીને હું ધન્ય થઈ જાત...સૃષ્ટિ આટલી સુંદર છે એનું આ પૂર્વે મને કેમ ભાન ન થયું? (લમણે કાંટો ભોંકાયો હોય એમ હાથથી પંપાળે છે. દીર્ઘાયુ જોઈ લે છે.)

દીર્ઘાયુ : આપ મારા ખોળામાં મસ્તક મૂકીને વિશ્રામ કરો મહારાજ. અહીં કંટક હશે, વિષાકત જંતુઓ પણ કદાચ...(બોલતાં વિચારમાં પડી જાય છે. બ્રહ્મદત્ત એના ખોળામાં મસ્તક મૂકી નિરાંતે લંબાવે છે.)

બ્રહ્મદત્ત : વાહ! ધન્ય--રાજ્ય પણ વૃક્ષની જેમ મનુષ્યને દંડતું નથી ! ખરેખર તો મેં આખેટ માટે આવીને આ વૃક્ષોના પરિવારનો અપરાધ કર્યો છે, પણ પંખીઓનો કલનાદથી ભરીભરી આ છાયા તો કેવળ શાતાદાયી છે...ધન્ય... (થોડી વારમાં ઊંઘી જાય છે.)

દીર્ઘાયુ : (બ્રહ્મદત્ત નિદ્રાધીન છે એની ખાતરી થતાં, બદલો લેવાનો ભવ જાગતાં ચહેરાની રેખાઓ ખેંચાય છે. સ્વસ્થ થવા પ્રયત્ન કરે છે. સ્વગત) ઉત્તમ તક છે, આવો સુયોગ ફરી નહીં સાંપડે. આ નીચ બ્રહ્મદત્તે મારાં માતાપિતાને કેવાંકેવાં કષ્ટ આપી રિબાવ્યાં હતાં! છેવટે શ્રમણવેશે એ દિવસો વિતાવી રહ્યાં હતાં. એમનું બહિરંતર જીવન ધર્મમય બની રહ્યું હતું. ત્યાં આ અધમ રાજાના ગુપ્તચરોએ એમને પકડી પાડ્યાં. મુંડન કરાવી વારાણસીના માર્ગ પર ફેરવ્યાં. એ વયે મારાથી શું થઈ શકે ? પણ આ કુટિલની ક્રૂરતાએ માનવતાની સીમા ઓળંગી એમની હત્યા કરાવી એ ક્ષણે મારા કિશોરહૃદયમાં પ્રતિશોધનો અગ્નિ સ્વયં પ્રજવલિત થયો. જો મને છદ્મવેશનો વિચાર આવ્યો ન હોત અને હું આ બ્રહ્મદત્તની સામે દોડી ગયો હોત તો? આનું મસ્તક મારા ખોળે ન હોત, મારું કપાયેલું મસ્તક તે દિવસ મારી માના ખોળે હોત. (મુખ પર રુદનનો ભાવ છવાઈ જાય છે.) ઓહ, કેવી વિવશતા હતી! બદલો લેવા મારે માતાપિતાનાં શબથી પણ દૂર રહેવું પડ્યું ! પણ આજે? આજે હું મારું અસદ્ સ્વરૂપ છોડીશ. હું કોણ છું એ કહીને આનો શિરચ્છેદ કરીશ. એ મારું પિતૃતર્પણ હશે.

(સુકન્યા ધીમે રહીને પ્રવેશે છે. દીર્ઘાયુના મુખ પર રુદનનો ભાવ જોઈ સ્તબ્ધ થઈ જાય છે.)

સુકન્યા : આ શું, કુમાર? આપની આંખો સજળ--

દીર્ઘાયુ : પિતૃતર્પણની ક્ષણ નિકટ આવતાં--

સુકન્યા : પિતૃતર્પણ ? અર્થાત્ ?

દીર્ઘાયુ : પ્રતિશોધ.

સુકન્યા : (મોં પડી જાય છે) ઓહો! હવે સમજી. પિતાજીનું અનુમાન સાચું નીવડ્યું. આપ કંઈ પણ કરો એ પહેલાં મારી એક વાત સાંભળશો?

દીર્ઘાયુ : આ નરાધમ જાગી જશે પછી--

સુકન્યા : એથી કશો ફેર પડતો નથી. એમના મસ્તક નીચે કશુંક ઉપાધાન મૂકો. (ખેસ લઈ, વાળી બ્રહ્મદત્તના મસ્તક નીચે ગોઠવવામાં મદદ કરે છે. દીર્ઘાયુને ઉઠાડી એનો હાથ પકડી દૂર લઈ જાય છે.)

દીર્ઘાયુ : (સ્વગત) મારા અંતઃકરણમાંથી પ્રગટ થયેલી કલ્પનાની જેમ આ કન્યા મને ખેંચી રહી છે ! (પ્રકટપણે) સુકન્યા, તમે મને કર્તવ્યવિમુખ કરવા તો નથી આવ્યાં?

સુકન્યા : ના, કર્તવ્યનું -- ધર્મનું -- સ્મરણ કરાવવા આવી છું. પિતાજીએ કહ્યું કે સત્વર જા, કુમારને સ્મરણ કરાવી આવ. મૃત્યુદંડ સ્વીકારવાની ક્ષણે પણ મહારાજ દીધિતિની આંખોમાં ક્યો ભાવ હતો? વેરનો કે ક્ષમાનો?

દીર્ઘાયુ : (અણગમાથી) ઓહો, તો તમારા પિતાશ્રીએ મારાં માતાપિતાની આંખો યાદ કરીને બદલો લેવાનું છોડી દીધું?

સુકન્યા : ના, એ પછી તો એ ઘણાં વર્ષ આ ઘનઘોર અરણ્યમાં ભટક્યા. ક્યારે બ્રહ્મદત્ત અહીં મૃગયા માટે આવે અને ક્યારે...ઓહ! એ વર્ષોના સ્મરણથી પણ પિતાજી પીડા અનુભવે છે.

દીર્ઘાયુ : (વ્યંગમાં) તો એ પીડા દૂર થઈ કેવી રીતે?

સુકન્યા : આકસ્મિત રીતે જ. એક શિકારી કૂતરો ભૂખ્યો થઈને બીજું કંઈ ભક્ષ્ય ન મળતાં વૃક્ષની ડાળ પરના માળા સામે જોઈને ભસવા લાગ્યો. જોરથી ભસવાના અવાજથી પક્ષીનું બચ્ચું માળામાંથી ઊછળીને નીચે પડ્યું. એ સીધું કૂતરાના મોંમાં પડ્યું હોત પણ એની મા એ જોતાં જ બેવડા વેગે નીચે ધસી. બચ્ચાને અવકાશમાં પાછળ મૂકી કૂતરાના મોંમાં પડવા ગઈ. કૂતરા માટે તો મોટો ભક્ષ્ય હતો! એણે ઉમંગથી ઊછળવું જોઈતું હતું. પણ એમ ન કર્યું. એ પોતાના મોંમાં આવી પડેલી બચ્ચાની માને ફેંકી દઈને નાઠો. માના ઉપકાર સામે પોતાની અસહ્ય ભૂખ ભૂલીને એ નાઠો... આ જોઈને પિતાજી વિચારમાં પડી ગયા...રાજકુમાર સિદ્ધાર્થને બોધિજ્ઞાન થયું એ પહેલાં એ આવી ઘટનાઓના સાક્ષી થયા હશે, એમાંથી જ એમને પ્રતીતિ થઈ હશે અંતઃસ્ત્રોતા કરુણાની...

દીર્ધાયુ : (સાંભળીને વિમાસણ અનુભવે છે.) શું કરું? મારે જો મારી પ્રતિજ્ઞા પૂરી કરવી ન હોય તો આ ક્ષણે જ અહીંથી ચાલ્યા જવું જોઈએ. એમ તો આ રાજાએ મને સેવક તરીકે સ્વીકારીને મારામાં જે વિશ્વાસ મૂક્યો છે એથી પણ મારો વૈરાગ્નિ અમર્યાદ બનતાં અટક્યો છે. આજે મને એની હત્યા કરવાનો ઉત્સાહ નથી. પણ જો હું સ્વયં પ્રતિજ્ઞા તોડીશ તો મસ્તકનો મણિ ગુમાવેલા નાગની દશાને પામીશ. સુકન્યા, શું તમે મને દયનીય દશામાં જોવા ઇચ્છો છો?

સુકન્યા : ના. હું આપને જાગૃત આત્મા તરીકે જોવા ઇચ્છું છું; પણ મારી વાત સમજાવી શકતી નથી. પિતાજી આવે તો એમને મોકલું. (ત્વરાથી જાય છે.)

દીર્ધાયુ : (જતી સુકન્યાને જોઈ રહે છે.) એક શુભદા ભાવનાની જેમ એ અદૃશ્ય થઈ ગઈ ! સારું થયું કે એ ગઈ. હું મારો સંકલ્પ પૂરો કરી શકીશ. આ નરાધમને ક્ષમા આપનાર મારા ઉદારચરિત પિતાની હત્યાનો બદલો લઈશ, ઋણમુક્ત બનીશ, આજે, આ ક્ષણે--

(ખડ્ગની મૂઠ પર હાથ રાખી બ્રહ્મદત્તના મુખ સામે ઊભો રહે છે. જાણે કે એની આંખ સામે વધસ્તંભ બાજુ લઈ જવાતાં માતાપિતાનું દૃશ્ય ઊપસી આવે છે. ત્યાં બ્રહ્મદત્તનું મસ્તક હાલે છે. દીર્ધાયુ સાવધ થઈ જાય છે. સહેજ ખસી દબાયેલા સ્વરે બોલે છે.)

ના, હવે વિલંબ નથી કરવો. આ દુષ્ટના સંનિષ્ઠ સેવકનો અભિનય મારાથી સહન નથી થતો. આજે મારા પ્રાકટ્યની ક્ષણ આવી પહોંચી છે. માતાપિતાની હૂંફ જેવી આ વટવૃક્ષની છાયા અને વનરાઈની અભિરામ શોભા ભલે મારા સંકલ્પની પ્રતિકૂળ હોય પણ--

(દૂરથી વન્ય પશુની આહટ સંભળાય છે.)

પેલું પશુ મને પ્રેરે છે. માળામાં ઊંઘતાં કાગડાનાં બચ્ચાં પર ત્રાપટતાં ઘૂવડને જોઈ અશ્વત્થામાને પ્રેરણા મળી હતી, તેમ હું--

(ખડ્ગ ઉઠાવે છે, પ્રહાર કરવા જાય છે ત્યાં હાથ હવામાં રહી જાય છે.)

આ શું? કોઈએ મને સંબોધન કર્યું કે મેં જ મને રોક્યો? સામેના અવકાશમાં પિતાજીની આંખોનો ભાવ ક્યાંથી ઊતરી આવ્યો? ક્ષમા કરજો પિતાજી, આપનો ઉપદેશ આચરવા આખું જીવન ધરી દઈશ પણ આજે મને મારા સંકલ્પથી ચ્યુત ન કરો. (ત્યાં ઊંડેથી એનો જ અવાજ સંભળાય છે; 'તેં તારો પરિચય તો આપ્યો નહીં. પહેલાં પ્રકટ થા. નિદ્રાધીનની હત્યા વીરપુરુષને શોભે નહીં, બ્રહ્મદત્તને દ્વન્દ્વયુદ્ધનું નિમંત્રણ આપી હણી નાખ.')

એથી શો ફેર પડે છે? છતાં એમ જ કરીશ. (ખડ્ગની ધાર પર હાથ ફેરવી બ્રહમદત્તની પાસે જાય છે. પોતાના ઉત્તરીયથી મોં પરનો પરસેવો લૂછે છે. બ્રહમદત્તને 'મહારાજ !' કહેવા જાય છે ત્યાં એ સફાળો બેઠો થઈ જાય છે. એની આંખો આકુળવ્યાકુળ છે. આખું શરીર કંપી રહ્યું છે. એ જોઈ દીર્ધાયુ સંતોષ પામ્યો હોય તેમ સહજ સ્વરમાં બોલે છે.) આ શું મહારાજ?

બ્રહ્મદત્ત : ઓહ ! તને શું કહું, વત્સ સુમંતુ! (ભયને લીધે આગળ બોલી શકતો નથી. આખું શરીક કંપે છે.)

દીર્ધાયુ : (સસ્મિત) શું, ભૂલી ગયા છો કો આપ કાશીનરેશ છો, સમ્રાટ બ્રહ્મદત્ત છો! જેમણે કોસલરાજ દીધિતિને પણ--

બ્રહ્મદત્ત : (જાણે કે આશ્વાસન અને હૂંફ માટે દીર્ધાયુનો હાથ પકડવા ઇચ્છે છે.) મારા કોઈપણ પરાક્રમની પ્રશંસા કરતાં અત્યારે મારે તારી હૂંફની વધુ જરૂર છે, વત્સ! હું કેવો ભયભીત થઈ ગયો! એક દુઃસ્વપ્નથી કેવો અસહાય બની ગયો!

દીર્ધાયુ : યુદ્ધભૂમિમાં જીતનારા સ્વપ્નથી ડરી ગયા? (વ્યંગથી મલકાય છે.)

બ્રહ્મદત્ત : સ્વપ્ન પણ કેવું? મારા જ લોહીના રંગે રંગાયેલું. ખડ્ગના એક જ પ્રહારે જાણે કે મારું મસ્તક કપાઈ ગયું. (સ્તબ્ધ થઈ ગળા પર હાથ મૂકી રાખે છે.) મેં સ્વપ્ન જોયું કે હું લાલરંગની નદીના કિનારે ઊભો છું. મારાં કર્યાકારવ્યાં વિશે વિચારું છું, સરવૈયું કાઢવા મથું છું મારા જીવનનું, ત્યાં કોસલરાજના કરુણાર્દ્ર દૃષ્ટિપાતે બધું બાદ થઈ જાય છે અને એમનો પુત્ર દીર્ધાયુ હાથમાં ખડ્ગ લઈને આવી પહોંચે છે.

દીર્ધાયુ : (ચોંકીને, સાવધ થતાં) પછી? સાંભળું છું, મહારાજ, આગળ કહો.

બ્રહ્મદત્ત : શું કહું? બધું સમાપ્ત થઈ ગયું, દીર્ધાયુના એક જ પ્રહારે... ઓહ ! સ્વપ્ન પણ કેવાં ભયાનક હોય છે, ભલે અસંભવ રહ્યાં.

દીર્ધાયુ : અસંભવ ક્યારેક સંભવ પણ બની જાય. (દૃઢતાથી જુએ છે.)

બ્રહમદત્ત : હું સમજ્યો નહીં, સુમંતુ !

દીર્ધાયુ : હું સુમંતુ નથી, કોસલરાજનો અભાગી પુત્ર છું - દીર્ધાયુ !

બ્રહ્મદત્ત : (ભયને લીધે ત્વરાથી ઊભો થઈ પાછો પડી જાય છે. પણ દીર્ધાયુનો ચહેરો નિર્વિકાર લાગતાં સ્વસ્થ થવા પ્રયત્ન કરે છે. મુખ પર કૃત્રિમ સ્મિત ધારણ કરી બોલે છે.) હું તો સાચે જ ડરી ગયો હતો. તું પણ કેવો વિનોદ કરી જાણે છે ! આવો ચતુર સેવક--

દીર્ધાયુ : સેવક? હંહ ! હું તારો સેવક? મારાં ઉદારચરિત માતાપિતાના હત્યારાનો સેવક? (બ્રહ્મદત્તની પાસે જઈ એક હાથે એના કેશ પકડે છે. બીજા હાથે ખડ્ગ ઉપાડે છે. આંખોથી આગ ઝરે છે.) નરાધમ હત્યારા ! હું તારો અંત છું -- દીર્ધાયુ. તારા સ્વપ્નમાં યમ રાજાએ મારું સ્વરૂપ ધારણ કરીને મારું કામ સરળ કરી આપ્યું છે.

અત્યાર સુધી પિતાની કરુણા મને રોકતી હતી, હવે યમરાજાની આજ્ઞા મને બળ આપે છે, તને શિક્ષા કરવાની. મારે તને પશુની જેમ હણી નાખવો જોઈએ, છતાં હું તને સ્વબચાવની તક આપું છું. તારા ઈષ્ટદેવનું સ્મરણ કરી ઉઠાવ શસ્ત્ર -- (બ્રહ્મદત્તને છોડી દે છે.)

બ્રહ્મદત્ત : ના, ના, તું દીર્ઘાયુ હોય તો પણ મારે તારી સામે લડવું નથી. પસ્તાવાએ અને સમયે મારી શકિતની સીમાઓ આંકી દીધી છે. પણ તું દીર્ઘાયુ છે જ નહીં, સુમંતુ છે, મારો પ્રિય અનુચર--

દીર્ઘાયુ : અનુચર હતો, હવે નથી. હું ન્યાય અને ધર્મનો ગુપ્તચર છું. મારે તને કહેવું હતું કે આ તારા જ કર્મોનું ફળ છે.

બ્રહ્મદત્ત : હા, જો હું આજે તારા હાથે મરીશ તો એ મારાં કર્મોનું જ ફળ હશે. પણ તારે કબૂલ કરવું પડશે કે એમાં એક કર્મ સારું હતું, એ તારા પર વિશ્વાસ મૂકવાનું. રાજનીતિ આવો વિશ્વાસ મૂકવાની રજા આપતી નથી. પણ મેં તારા ચહેરા સામે જોયું, કુળ સામે નહીં.

દીર્ઘાયુ : મારા કુળની પણ ટીકા--

બ્રહ્મદત્ત : ટીકા નથી કરતો. ઉત્તમ છે તારું કુળ, ને ઉદારચરિત હતાં તારાં માતાપિતા. પણ હું જે રાજનીતિને અનુસરતો આવ્યો હતો એ ઉદારમાં ઉદાર શત્રુને પણ શિક્ષા કરવાનું કહે છે કેમ કે એ શત્રુ છે. એ રાજનીતિ આજે મને બચાવી નહીં શકે કેમ કે મેં એને ભૂલીને તારા પર વધુ પડતો વિશ્વાસ મૂક્યો. તું ક્યારેય મને સામાન્ય રાજસેવક લાગ્યો જ નથી. બે વાર તું મને મારા શયનખંડની નિકટ દેખાયો હતો. એ તારા કર્તવ્યનો ભાગ ન હતો. છતાં મેં તારામાં મૂકેલો વિશ્વાસ ટકાવી રાખ્યો. તારી શકિતઓથી અંજાઈ જઈને મેં માની લીધું કે એ તારી વિલક્ષણતા હશે. મેં શંકા કરી હોત તો તારા મુખ પર કોસલરાજના વ્યકિતત્વની રેખાઓ અછતી રહી ન હોત. હું જાણતો હતો કે તું ક્યાંક ઊછરી રહ્યો છે, સજજ થઈને તું મારી સામે આવે એનો મને વાંધો ન હતો. પણ તું છદ્મરૂપે આવ્યો. મને સંગીત સંભળાવતો રહ્યો. એક કલાકારરૂપે તેં મારી સંવેદના જગાવી. હું તારા હાથે મૃત્યુ પામીશ તો પણ માની નહીં શકું કે આવો મોટો કલાકાર કૃતઘ્ન સેવક હોઈ શકે.

દીર્ઘાયુ : હું કૃતઘ્ન નથી કેમ કે મેં સ્વાર્થ માટે છદ્મવેશ નહોતો ધારણ કર્યો. મને રાજ્યની પણ સ્પૃહા નથી. પણ હું તને એટલા માટે મૃત્યુદંડ આપવા માગું છું કે જેથી કોઈ દીર્ઘાયુનાં સાધુચરિત માતાપિતા અકારણ હણાય નહીં. ચાલ, ઉઠાવ તારું ખડ્ગ.

બ્રહ્મદત્ત : એનો અર્થ નથી, વત્સ. કદાચ કોઈ ચોરડાકુનો પ્રતિકાર મેં કર્યો હોત. પણ તારી સામે લડવા પૂર્વે જ મારી શકિત ક્ષીણ થઈ ગઈ છે. તારાં ક્ષમાશીલ માતાપિતાની હત્યાના પાપ સાથે મારા બીજાં પાપ જોડાઈને મારા સ્નાયુઓને કોરી રહ્યાં છે. આજે બચી જાઉં તો પણ મારું જીવન એટલું ગૌરવભર્યું નહીં હોય, છતાં કોણ જાણે કેમ તારી સામે ખડ્ગ ઉપાડવાને બદલે તારામાં વિશ્વાસ મૂકવા પ્રેરાઉં છું. આવતા ભવે ઉચ્ચતર જીવન મળે કે ન મળે, આ જીવનમાં જ કશુંક કરી છૂટવા લલચાઉં છું. મૃત્યુનો ભય તો મેં હમણાં દુઃસ્વપ્નમાં અનુભવી લીધો. હવે એવા ભયથી મુકત રહીને જીવવાની અભિલાષા જાગી છે.

(નમીને દીર્ઘાયુના પગ પાસે ખડ્ગ અને કટાર મૂકી દે છે. વિમુખ થઈને ઊભો રહે છે.)

દીર્ઘાયુ : તારા આ શબ્દોમાં સચ્ચાઈ જોવાનું મન થાય છે. પણ હું ક્ષમા આપી દઉં એટલામાત્રથી તારું હૃદયપરિવર્તન થઈ જશે? તારા જેવો એક નિષ્ઠુર નરાધમ રાજા મને જીવતો રહેવા દેશે?

બ્રહ્મદત્ત : એ વિશ્વાસ મૂકવાની વાત છે, દીર્ઘાયુ. અને વિશ્વાસ મૂકવો એ સૌથી મોટું સાહસ છે. એ સાહસ તારે ન ખેડવું હોય તો આ ઊભો હું નિઃશસ્ત્ર, એકાકી, રિકત...પ્રતિકાર નહીં કરું, તારી સામે પણ નહીં જોઉં, જેથી મારી સહૃદયતા તને સ્પર્શી ન જાય.

સુકન્યા : (છાબમાં ફળ અને જલપાત્ર લઈ પ્રવેશતાં) શું એ સાચું છે કે આપ મોટા સંગીતકાર છો, કુમાર? તો મહારાજ બ્રહ્મદત્ત આપનું સંગીત સાંભળતા હતા ત્યારે આપ એમને કઈ દૃષ્ટિએ જોતા હતા? એક સહૃદયરૂપે કે શત્રુરૂપે?

(દીર્ઘાયુ પાસે સુકન્યાના પ્રશ્નનો ઉત્તર નથી.)

જો એ ત્યારે પણ શત્રુ લાગતા હતા તો પ્રાસાદના એ એકાંતખંડમાં વીણાનો પ્રહાર કરીને પણ--

(સુકન્યા આમ બોલતી સાવ પાસે આવી નજર મેળવે છે, એ વ્યગ્ર દીર્ઘાયુથી સહન થતું નથી.)

લો, પહેલાં આપ બંને મારું આતિથ્ય સ્વીકારો. પરમાત્માના અનુગ્રહ જેવા આ સ્થળે પહેલાં સાથે બેસીને જલપાન કરો. લો--

(દીર્ઘાયુ એક હાથથી સુકન્યાને ધક્કો મારે છે. છાબ બ્રહ્મદત્ત બાજુ પડે છે, સુકન્યા બીજી બાજુ.)

બ્રહ્મદત્ત : (ક્રોધથી) સુમંતુ ! ઓહ, તું સુમંતુ નથી. દીર્ઘાયુ છે. અને મેં તારું શરણ સ્વીકાર્યું છે; નહીં તો આ કન્યાના અપમાન બદલ મેં ત્યજી દીધેલાં શસ્ત્ર ફરી ઉપાડ્યાં હોત.

(દરમિયાન દીર્ઘાયુ નીચે પટકાયેલી સુકન્યાને સાહીને બેઠી કરે છે, ઊભી કરે છે. એમ કરવા માટે નીચે મૂકી દીધેલું ખડ્ગ ઉઠાવતાં પહેલાં જોઈ લે છે કે બ્રહ્મદત્તે પોતાના બચાવની આ તક જાણી જોઈને જતી કરી છે.)

સુકન્યા : કુમાર, આપે જોયું ને કે મહારાજ બ્રહ્મદત્તે તમારા ખડ્ગ પર અધિકાર કરવા પ્રયત્ન સુધ્ધાં ન કર્યો. પિતાજી કહેતા હતા કે બ્રહ્મદત્તે ક્રૂરતા આચરી છે પણ કોઈની સાથે વચનભંગ કર્યો નથી. છતાં તમને વિશ્વાસ ન હોય તો મારી કુટીર પર જાઓ, પિતાજી પાસે. હું મહારાજનો રથ હાંકી પ્રાસાદ સુધી મૂકી આવું.

દીર્ઘાયુ : (કંઈક હળવાશથી) અને તને બંદી બનાવી નહીં લે?

બ્રહ્મદત્ત : અવશ્ય બનાવીશ. અને પછી કોસલના રાજકુમાર જેવા કોઈક યોગ્ય યુવકના હાથમાં સોંપી દઈશ.

દીર્ઘાયુ : સુખનું એવું કોઈ સ્વપ્ન લઈને હું જીવ્યો નથી. ચાલો, હું જ આપને પ્રાસાદમાં પહોંચાડી દઉં.

બ્રહ્મદત્ત : આ કન્યા એની છાબ સરખી કરે પછી જઈએ. (સુકન્યા બધું છાબમાં ગોઠવે છે.) ત્યાં સુધી મને એ સમજાવ કે જ્યારે મારું મસ્તક તારા ખોળામાં હતું ત્યારે તેં પ્રતિજ્ઞા કેમ પૂરી ન કરી?

દીર્ઘાયુ : પ્રયત્ન નહોતો કર્યો એવું નથી મહારાજ ! એકવાર તો આ સુકન્યા આવી પહોંચી અને બીજીવાર મને મારા પિતાશ્રીની સ્મૃતિ પ્રત્યક્ષ થઈ. મૃત્યુને અપનાવતાં પહેલાં એમણે મને કહેલું : 'તાત દીર્ઘાયુ ! સાંકડા મનથી નહીં, જીવનને વ્યાપક દૃષ્ટિથી જોજે. વેરથી વેર શાન્ત નથી થતું, એનું શમન થાય છે પ્રેમથી, કેવળ પ્રેમથી.' પિતાજીના આ અંતિમ શબ્દો સાંભળીને કેટલાંક લોકો હસી રહ્યાં હતાં, હું એમનો ધીરગંભીર સ્વર નતનેત્રે સાંભળી રહ્યો હતો. મારી આંખોમાં રહેલો વેરનો અગ્નિ આત્મજ્ઞાનના તેજમાં પરિણમે એવી એ ક્ષણો હતી, પણ ત્યાં એકત્રિત ભીડના ઉપહાસે મારામાં ફરીથી પ્રતિશોધનો ભાવ ઘૂંટ્યો. અને મારું ચિત્ત એ એક જ દિશામાં આગળ વધતું રહ્યું. હું જાણતો હતો કે હિંસાનો ક્રમ હિંસાથી પૂરો થતો નથી, સમજતો હતો ક્ષમા અને કરુણાનું મૂલ્ય, પણ અમલમાં મૂકી શકતો નહોતો. આજે પિતાજીના એ અંતિમ શબ્દોની સ્મૃતિ તાજી થઈ, વધુ અર્થસમર્પક બની એ સ્મૃતિ અને મારો હાથ સાહી લીધો. આ સુકન્યા પણ જાણે એ સ્મૃતિનું જ પ્રતિરૂપ ન હોય! મારાથી અપમાનિત થવા છતાં એની કૃપામાં સહેજે ઊણપ આવી નથી.

બ્રહ્મદત્ત : કોસલરાજની કરુણામાં પણ કદી ઊણપ આવી નહોતી. એ હારીને જીતી ગયા, મરીને અમર થઈ ગયા, અને એ પુણ્યાત્માને ઓળખતાં મને આટલાં વર્ષ લાગ્યાં ! (આંખમાંથી આંસું વહે છે.)

સુકન્યા : પ્રાયશ્ચિત્તથી પરિશુધ્ધ થયેલા મહારાજને વંદન કરવા હું મારા પિતાશ્રીને બોલાવી આવું. (સ્ફૂર્તિથી જાય છે.)

દીર્ઘાયુ : મહારાજ, હું આપને વંદન કરવાનો અધિકાર તો ગુમાવી બેઠો છું, ઘોર અપમાન કરીને. પણ આપનો આભાર અવશ્ય માનીશ. કેમ કે આપે મારામાં વિશ્વાસ મૂક્યો, અને આપણી ભીતર પડેલા ભાવને જગાવ્યા. પિતાજીની અમૃતવાણી આપણા બેઉના વર્તનમાં પરિણમે એ આ જીવનમાં જ શક્ય બન્યું.

બ્રહ્મદત્ત : (દીર્ઘાયુના ખભે હાથ મૂકતાં) આજે કોસલરાજને બેવડી અંજલિ મળી. મારા પ્રાયશ્ચિતની અને તારા વિશુધ્ધ પિતૃપ્રેમની! આનાથી મહત્તમ પિતૃતર્પણ બીજું હોઈ ન શકે, વત્સ ! ચાલ, આપણે સુકન્યાની દિશામાં જઈએ. મારે એના પિતા સાથે વાત કરવી છે. (દીર્ઘાયુનો હાથ પકડીને ચાલે છે. દીર્ઘાયુના મુખ પર સંકોચ અને ધન્યતાનો ભાવ છે.) □

(નાટ્યબીજનો સંદર્ભ: ડૉ. હરિવલ્લભ ભાયાણીની બૌદ્ધકથા 'નિવાપાંજલિ')

લઘુકથા

સાવ અચાનક

— પ્રફુલ્લ રાવલ —

કેડી ભૂલી ગયો અને પહોંચી ગયો સાવ અજાણ્યા ગામે. ખભે કેમેરા હતો એટલે ગામના તળાવે પહોંચતા જ મારા આગમન અંગેની કુતૂહલતા ગામમાં વ્યાપી ગઈ. ન કોઈ ઓળખીતું, ન ગામનો પરિચય. બધું જ નવુંનવું લાગતું'તું. એમાં હું શોધતો'તો જૂના-પુરાણા અવશેષો. તળાવ વટાવતાં બાળકોનું ટોળું મારી સંગાથે કૂચ કરતું થઈ ગયું. મેં એક સહેજ મોટા બાળકને પૂછ્યું 'મહાદેવનું મંદિર કયાં છે ?'

'ચાલો મારી હંગાથે' બેત્રણ બાળકો બોલી ઊઠ્યાં. રસ્તો સહેજ ફંટાયો અને હું બાળકોના જૂથ સાથે જ આગળ ચાલ્યો. મંદિરનું પ્રવેશદ્વાર આવ્યું એટલે મેં બાળકોને કહ્યું : 'તમે જાવ. હું એકલો જઈશ.' થોડાક બાળકો અટકી ગયાં. થોડાંક સ્તબ્ધ થઈ ગયાં. પેલા સહેજ મોટા બાળકે પૂછ્યું : 'તમારે બેનને ત્યાં જવું છે ને ?'

'ના....'

'તો....?'

'મારે મહાદેવનાં દર્શન કરીને આગળ જવું છે.'

સહુ રોકાયાં. હું મંદિરના મોટા ડહેલામાં દાખલ થયો. મારી નજર મહાદેવના મંદિરની કોતરણીમાં અટવાયેલી હતી. અને જમણી બાજુએથી અવાજ આવ્યો : 'અચાનક કયાંથી ?'

મેં અવાજ બાજુ નજર કરી. એ તો અલ્પના હતી. હું તો જૂનાં શિલ્પોની શોધમાં જોડાયો'તો અને અજાણી ભૂમિમાં અલ્પના પ્રાપ્ત થઈ; તે ય અચાનક. હું એને જવાબ આપું તે પહેલાં તો એણે પુનઃ આશ્ચર્ય વ્યકત કર્યું : 'અચાનક !'

'હા, અચાનક'. મારા લહેકામાં વેદના અને સ્મિતનો સરવાળો હતો. આખો અતીત અમારી વચ્ચે રમતો થઈ ગયો. અને સાથે એ દિવસ, જ્યારે સપ્તપદી માટે અલ્પનાના હાથ મહેંદીમઢ્યા બન્યા હતા. હું ભાવિ જીવનના સ્વપ્નમાં ખોવાઈ ગયો હતો અને અચાનક જ અલ્પના અલોપ થઈ ગઈ. હું દિશાશૂન્ય બની ગયો'તો.

મેં વિચારનદીમાં છબછબિયાં કરતાં અલ્પનાની સેંથી પર દૃષ્ટિ કરી. મારું સપ્તપદીનું સ્વપ્ન પુનઃ સળવળ્યું, સાવ અચાનક. □

·।।कथासरित्सागर।।·

કનુભાઈ જાની

અનુવાદ વિષે નોંધ : અહીં જે અનુવાદ છે તેમાં એકાધિક પ્રતોને ખ્યાલમાં રાખી છે. નોંધમાં 'પ.' એટલે પટણા-પ્રકાશિત પ્રત અને 'ટૉ.' એટલે ટૉનીની એમ સમજવું. અન્યના પણ જે-તે સ્થળે નિર્દેશો થશે. અનિવાર્ય લાગ્યું ત્યાં પાદટીપરૂપે નોંધો પણ મૂકી છે. આ અનુવાદક સંસ્કૃતનો અભ્યાસી કે જાણકાર નથી. એટલે જાણકારોનાં ટીકાટિપ્પણો, મૂળ સ્પષ્ટ થાય એ હેતુએ, આવકાર્ય છે. આ ભાષાન્તર નથી, અનુવાદ છે. મૂળને જ અનુસરીને, બને તેટલા સરળ રહેવાનો ખ્યાલ છે. નજર સામે જે સંસ્કૃત નથી જાણતા તેવા વાચકો જ છે. અનુવાદ ગદ્યમાં કર્યો છે, પણ મૂળનો પણ કોઈક રીતે પરિચય મળ્યા કરે એમ કરવું છે. કૃત્રિમ નથી થવું. આખરે તો આ કથા છે શબ્દથી છૂટીને પાછી કંઠેથી વહેતી બને, એવુંયે પાછું ના બને?

કથાપીઠ નામે પ્રથમ લમ્બક[1]

પ્રથમ તરંગ[2]

મંગલાચરણ : અંકે બેઠેલી પાર્વતીના દૃષ્ટિપાશ વડે મનોજે જાણે બાંધ્યા ન હોય તેવા શંભુનો શ્યામ કંઠ આપને રિદ્ધિ અર્પો. (૧) સંધ્યા-નૃત્યોત્સવે ચગેલા (સૂંઢાળા) વિઘ્નેશ જે તારારજોને ઉછાળે છે ને કૈંક નવા તારકો જેના ઉચ્છ્વાસમાંથી ઝરતાં ફોરાંથી જાણે પ્રકટતા લાગે છે તે આપની રક્ષા કરો. (૨) જે બધા જ પદાર્થોને[3] સંપૂર્ણપણે પ્રકાશિત કરતી દીપિકા છે તેવી (દેવી) વાણીને પ્રણામ કરીને હું બૃહત્કથાના સારનો આ સંગ્રહ રચું છું.(૩)

ગ્રંથ-આયોજન અને અભિગમ : (શ્લોક ૪ થી ૯)

સૌથી પહેલાં અહીં કથાપીઠ છે; એની પછી છે કથામુખ; ત્રીજો છે લાવાનક નામે લમ્બક. પછી આવે છે નરવાહન દત્તજન્મ; તે પછી ચતુર્દારિકા નામે; પછી મદનમંચુકા. પછી રત્નપ્રભા નામે લમ્બક તે સાતમો આવે છે, ને આઠમે આવે છે સૂર્યપ્રભા નામે લમ્બક. તે પછી અલંકારવતી, શકિતયશા છે; અને ત્યાર બાદ અગિયારમો તે વેલા નામે લમ્બક છે. તે પછી શશાંકવતી તથા પછી વળી મદિરાવતી; પછી આવે છે મહાભિષેક, ને પછી પંચલમ્બક. તે પછી સુરતમંજરી, પદ્માવતી છે, પછી અઢારમો વિષમશીલા નામે લમ્બક છે : (૯)

આ બધું મૂળ પ્રમાણે જ છે, જરા પણ આઘુંપાછું નથી. ગ્રન્થના વિસ્તારનો સંક્ષેપ માત્ર કર્યો છે, ને ભાષા અહીં અલગ છે. (૧૦)મૂળનાં ઔચિત્ય અને (આગળ-પાછળના સંબંધતંતુઓના) અન્વયો જાળવવા પણ યથાશકિત પ્રયત્ન કર્યો છે; પણ કથારસ અબાધિત જળવાઈ રહે એ માટે ક્યાંક કાવ્યાંશો પ્રયોજ્યા છે પણ ખરા. (૧૧) મારો આ ઉદ્યમ પંડિત તરીકેની પ્રતિષ્ઠાને લોભે નથી, પરંતુ જાતજાતની આ કથાજાળ સહેલાઈથી સ્મૃતિએ ચડે એ માટેનો છે. (૧૨)

કથોત્પત્તિ

કૈલાસે હર-વાસ : (શ્લોક ૧૩ થી ૨૦)

કિન્નર, ગન્ધર્વ અને વિદ્યાધરો જેમાં વસે છે એવો, ગિરિરાજોનોય ગિરિરાજ એવો હિમવાન નામે પર્વત પ્રસિદ્ધ છે. પહાડોમાં આનું માહાત્મ્ય એટલું મોટું છે કે ત્રિલોકજનની પાર્વતી પોતે એની પુત્રી બની ! તેનું છેક ઉત્તર તરફનું શિખર તે કૈલાસ નામનો મહાગિરિ ; હજારો યોજનો વીંધી ઊભો એ અવકાશમાં ! પોતાની કાન્તિ જોઈને પોતે જ જાણે મન્દરા ને હસીને કહેતો ભાસે

---

૧ 'બડ્ડકહા'માંનો મૂળ શબ્દ તો 'લમ્બક'. પૈશાચી પ્રાકૃતના એ શબ્દનો ઘટિતાર્થ થાય 'પ્રકરણ'; પણ શબ્દાર્થ 'પરાક્રમપ્રાપ્ત પત્ની'. આ પ્રથમ પ્રકરણને 'કથાપીઠ' નામ આપ્યું છે. કારણ કે મૂળ કથા મુજબ રાજા સાતવાહને ગુણાઢ્યના બે શિષ્યો નન્દીદેવ ને ગુણદેવ કથા માંડી શકે માટે એનું આયોજન કર્યું હતું.

પ.માં આરંભે જે શ્લોક પૃથ્વી છંદમાં છે તે ટૉ.માં નથી. એનો અનુવાદ : આ તો, ખરો, પુરાકાળ, પાર્વતીપ્રણયનો જે પ્રકાંડ મંદરાચળ વલોવાયો તેમાંથી જે કથારૂપી અમૃત શિવમુખસાગરેથી પ્રકટ્યું તે જ; આનું જે આકંઠ પાન કરે તે, શિવકૃપાએ કરીને, આ જગે નિર્વિઘ્ન થઈ, પામે રિદ્ધિ, ઉચ્ચ પદ ને બુદ્ધિ થાય નિર્મળી.

૨. 'તરંગ' સાગર સાથે સંકળાયેલી બાબત છે. 'બડ્ડકહા'માં આવો વિભાગ નહોતો એમ અભ્યાસીઓ માને છે. ઉપશીર્ષકો અનુવાદકનાં છે.

૩. શ્લેષ, 'પદ+અર્થ ' એટલે 'શબ્દ+અર્થ ' પણ.

છે : 'તેં તો ક્ષીરસાગર વલોવ્યો, ને તો યે સુધા-ધવલ ના થયો; ને જો આ હું અનાયાસે!'

ત્યાં વસે છે, ગણ-વિદ્યાધર-સિદ્ધો જેની સેવામાં છે એવા મહેશ્વર, પાર્વતીસખા, ચરાચર-અધિષ્ઠાતા. ઊંચા પિંગળા એમના જટાજૂટે નવો જે ચન્દ્ર વિરાજે છે તે સંધ્યાની (રતાશપડતી) પીળાશ પામેલા પૂર્વાદ્રિનાં (ઉત્તુંગ) શિખરોનું સાન્નિધ્યસુખ માણે છે.[1] શિવજી એ તો એક જ અસુરરાજ અંધકારના હૃદયમાં ત્રિશૂળ ભોંક્યું, પણ એથી ત્રણે જગતના હૃદયમાંનું શૂળ પણ, અહો, કાયમ માટે ગયું! સુરાસુરો પગે લાગે ત્યારે, શિવના પગના નખાગ્રમાંની જે પ્રતિમાઓ સુરાસુરોના મુગટમણિઓમાં ઝિલાય છે તેથી જાણે એમને ચન્દ્રાર્ધના પ્રસાદની પ્રાપ્તિ થઈ હોય એવું લાગે છે. (૨૦)

શિવ-પાર્વતીની એકાન્તગોષ્ઠિ (શ્લોક ૨૧ થી ૨૬)

એકવાર બન્ને એકાન્તમાં ગોષ્ઠિ માંડી બેઠાં છે. શિવજીને અતિ વ્હાલાં ભવાનીએ પોતાના એ પતિદેવને સ્તુતિથી પ્રસન્ન કરી વિશ્રંભ મેળવ્યો છે. એથી પ્રસન્ન થયેલા શિવે એમને અંકે બેસાડ્યાં છે, ને ચન્દ્રશેખર પૂછે છે : 'બોલો, તમારે માટે હું કયું પ્રિયકાર્ય કરું?' ત્યારે ગિરિજા બોલ્યાં : 'પ્રભો, જો ખરેખર મારા પર પ્રસન્ન હો તો કોઈ સુંદર અને (તદ્દન) નવી જ કથા કહો.' ત્યારે, 'પ્રિયે, આ જગતમાં ભૂત, વર્તમાન અને ભવિષ્ય ત્રણે કાળોમાં એવી કઈ વાત છે જે તમે ન જાણતાં હો?' એમ શિવજીએ પૂછ્યું ત્યારે એ વલ્લભાએ તો પ્રભુ આગળ, બસ, રઢ જ લીધી ! માનુનીઓનાં મન તો સદાય પ્રીતમના પ્રણયની અભિલાષા જ રાખે. ત્યારે શિવે તેમનો આગ્રહ જોઈને, તેમને રાજી કરવા, તેમના જ દૈવી પ્રભાવની ટચૂકડી કથા તેમને સંભળાવી : (૨૬)

પાર્વતી-પૂર્વજન્મકથા : ૧ (શ્લોક ૨૭ થી ૩૩)

'એકવાર બ્રહ્મા અને નારાયણ મારા દર્શનાર્થે પૃથ્વી પર ભ્રમણ કરતાકરતા હિમાલયની તળેટીમાં આવી પહોંચ્યા. ત્યાં એમણે એમની સમક્ષ એક (વિરાટ) જવાલાલિંગ જોયું ! એનો સીમાન્ત તાગવા એકે ઉપરથી (નીચે તરફ) તો બીજાએ નીચેથી (ઉપર તરફ) જવું શરૂ કર્યું. (છતાં) અંત ન મળતાં (છેવટે) તપથી મને પ્રસન્ન કર્યો. અને મેં પણ પ્રકટ થઈ, કોઈપણ વરદાન માગવા જણાવ્યું. એ સાંભળી બ્રહ્મા બોલ્યા: 'આપ મારા પુત્ર બનો:' ત્યારે એવી અઘટિત અપેક્ષાને કારણે બ્રહ્મા નિંદાયા અને અપૂજ્ય બની ગયા, જ્યારે, નારાયણે એવો વર માગ્યો કે,

'હે ભગવાન ! હું સદાય તમારી સેવા કરતો રહું એવું કરો! પછી નારાયણે શરીર ધારણ કર્યું અને તારા-રૂપે મારા બન્યા, કાં કે તું જ એ નારાયણ છો. હું શકિતમાનની તું શકિત. અને તું મારી પૂર્વજન્મની પત્ની પણ ખરી.' એમ કહેતા શંકરને પાર્વતીએ પૂછ્યું: 'પૂર્વજન્મમાં (વળી) હું તમારી પત્ની કેવી રીતે બની હતી તે બતાવો.' (૩૩)

પાર્વતી-પૂર્વજન્મકથા : ૨ (શ્લોક ૩૪ થી ૪૫)

શિવજીએ ત્યારે કહ્યું : 'બહુ જૂના સમયમાં દક્ષ પ્રજાપતિને ત્યાં, દેવી, તમે અને અન્ય ઘણી કન્યાઓ જન્મી. એમાંથી દક્ષે તમને મને આપ્યાં, અન્ય કન્યાઓને ધર્માદિને આપી. એકવાર યજ્ઞમાં એમણે સૌ જમાઈઓને નિમન્ત્ર્યા; એક મને જ ટાળ્યો ! ત્યારે તમે પૂછ્યું: 'પિતાજી ! કહો તો, એક મારા જ ભર્તાને તમે કેમ નથી બોલાવ્યા?' 'તારો ભર્તા તો ગળે રૂંઢમાળવાળો ! એને યજ્ઞમાં કેવી રીતે બોલાવાય?' ગિરિએ કહ્યું એ તમારા કાનમાં ઝેરીલી સોયની માફક ભોંકાયું. 'આ પાપીથી જન્મેલા મારા આ દેહનો હવે શો ખપ?' એવા ક્રોધમાં જ, હે પ્રિયે, તમે તરત શરીર ત્યાગ્યું, અને મેં પછી ક્રોધમાં એ દક્ષયજ્ઞનો ધ્વંસ કર્યો.

પછી તમે, સાગરેથી ચન્દ્રકળા ઊગે એમ, હિમાદ્રિતનયા તરીકે જન્મ્યાં. પછી, યાદ કરો, હું એ હિમશિખરે તપ માટે આવ્યો અને તમારા પિતાએ અતિથિસેવામાં તમને મૂક્યાં.

અને ત્યાં, તારકાસુરનો વધ કરવા માટે મારો પુત્ર મેળવાય એ ખાતર, દેવોએ, તક જોઈને મને (કામબાણે) વીંધવા જે કામદેવને મોકલેલો તેને જ મેં ભસ્મ કર્યો.

તે પછી, તમારા તપથી અને ધીરજથી તમે મને ખરીદી લીધો! અને મેં પણ, પ્રિયે, એ વાત, એક સારો ઉમેરો થાય છે એમ માનીને, માથે ચડાવી. આમ, તમે મારા પૂર્વજન્મનાં પત્ની હતાં જ. બોલો, બીજું હું શું કહું?' એમ કહીને શિવજી તો શાન્ત થયા, પણ દેવી કોપથી ખળભળી ઊઠ્યાં. બોલ્યાં, 'તમે તો ધુતારા છો! આટઆટલી આજીજી કરી તો ય એક મજાની કથા મને નહિ જ કહેવાના! તમે ગંગાને રાખીને બેઠા છો ને સંધ્યાને નમન કરો છો એ ક્યાં મારાથી અજાણ્યું છે.?' એ સાંભળીને શિવ પાર્વતીને રાજી કરવા ઉદ્યુકત થયા, અને એક અદ્ભુત કથા કહેવાનું વચન આપ્યું, ત્યારે પાર્વતીનો કોપ ઊતર્યો. (૪૫)

પુષ્પદન્ત-માલ્યવાનને શાપ (શ્લોક ૪૬ થી ૬૬)

અને પાર્વતીજીએ પોતે જાતે જ કહ્યું, "હવે કોઈ અહીં પ્રવેશે નહિ." ને દ્વારે નન્દીની ચોકી મૂકી; ને હરજીએ કથા માંડી :

'નિતાન્ત સુખ તો દેવોને હોય; મનુષ્યો તો નિતાન્ત દુઃખિયાં! એટલે જે (એ બેની વચમાંનાં રહ્યાં તે) દિવ્ય મનુષ્યો છે, એમનાં કાર્યો અત્યન્ત મનોહર હોય છે. તેથી હું તમને હવે એ વિદ્યાધરોનાં ચરિતો કહી બતાવીશ." એમ જ્યાં શિવજી દેવી પાર્વતીને કહે છે ત્યાં જ શંભુનો ખાસ કૃપાપાત્ર, ગણોમાં જે શ્રેષ્ઠ એવો પુષ્પદન્ત ત્યાં

૧. સોમદેવની શૈલી સમાસબહુલા છે તેનું એક ઉદાહરણ : 'સન્ધ્યાપિશંગપૂર્વાદ્રિશૃંગસંગસુખંશશી'.

આવી ચડ્યો. દ્વારે બેઠેલા નન્દીએ અટકાવ્યો. "અરે! મારા જેવાનો પણ આમ પ્રવેશ રોકાય છે વિના કારણ!" કુતૂહલવશાત્‌, પોતાને મળેલી અલક્ષિત રહેવાની યોગશકિતનો ઉપયોગ કરતોક ને એ તો એ જ ક્ષણે અંદર પ્રવેશ્યો! પ્રવેશીને એણે તો પિનાકીએ જે કાંઈ કહ્યું તે બધું (સરખી રીતે) સાંભળ્યું : સાત વિદ્યાધરોનાં અદ્‌ભુત ચરિતોની અપૂર્વ કથા! (ભલા, સ્ત્રીથી કોઈ ધન કે રહસ્ય છૂપું રાખી શક્યું છે ખરું કે?)[1] જયા તો પ્રતિહારી (દ્વારપાલિકા). એનો હરખ માય નહિ! એ તો તરત ગઈ પાર્વતી પાસે. સ્ત્રીની જીભ ઝાલી રહે કે? (એ કથા સંભળાવી એણે પાર્વતીને.) ને ત્યાં ગિરિજાનો ક્રોધ ભભૂક્યો. પતિને કહે : 'તમે મને જે કથા કહી છે તે અપૂર્વ નથી જ નથી. આ જયા પણ એ જાણે છે!'

ત્યારે ઉમાપતિએ સમાધિ ચડાવી. વસ્તુસ્થિતિ જાણી. પછી બોલ્યા : 'યોગથી અલક્ષિત થઈ પુષ્પદન્ત અહીં પ્રવેશ્યો હતો, અને બધું જ એણે સાંભળી લીધું હતું ! જઈને જયાને બધું સંભળાવ્યું ! એ સિવાય, હે પ્રિયે, કોઈ બીજું જાણે કેવી રીતે?'

સાંભળીને દેવીએ અત્યંત કોપાયમાન થઈ પુષ્પદન્તને બોલાવડાવ્યો. અને વિનીત-વિહ્‌વળ પુષ્પદન્તને તથા એનું ઉપરાણું લેતા (એના મિત્ર) માલ્યવાન નામે ગણને પાર્વતીએ 'જાઓ, ઉદ્ધતો, મર્ત્યલોકમાં પડો' કહીને શાપ આપ્યો.

પછી જ્યારે પેલા બેઉ, જયાસહિત, પાર્વતીને પગે પડીને, શાપનો અંત ક્યારે આવશે તે જણાવવા કરગરવા લાગ્યા ત્યારે શર્વાણી (શિવપત્ની) ધીમેથી કહેવા લાગ્યાં : 'કુબેરના શાપથી સુપ્રતીક નામે એક યક્ષ વિન્ધ્યનાં વનોમાં પિશાચજાતનો થઈને રહે છે; કાણભૂતિને નામે એ ઓળખાય છે. એને, પુષ્પદન્ત, તું જ્યારે જોશે, અને તારી મૂળ જાત તને યાદ આવશે, અને તું જ્યારે આ કથા એ કાણભૂતિને સંભળાવશે ત્યારે તું શાપમાંથી છૂટશે. અને એ કાણભૂતિ પાસેથી આ કથા માલ્યવાન જ્યારે સાંભળશે ત્યારે એ કાણભૂતિ છૂટશે; અને તું, માલ્યવાન, જ્યારે આ કથાને પછી ચોપાસ પ્રસારીશ ત્યારે તું પણ મુકત થઈશ.'

શૈલતનયાનાં આ વચનો પૂરાં થયાં-ન થયાં ત્યાં તો, તત્ક્ષણ જ, વીજળીના ઝબકારામાં એ બે ત્રણે દ્રિષ્ટ આગળથી અલોપ થઈ ગયા!

પછી કેટલાક સમય બાદ, પાર્વતી કરુણાથી શંકરને પૂછવા લાગ્યાં: 'ભગવાન ! પેલા બે બીચારા પ્રમથવરોને (ગણશ્રેષ્ઠોને) મેં શાપ આપેલો; એમણે ભૂમિ ઉપર ક્યાં જન્મ લીધો છે ?'

ચંદ્રમૌલિ કહે, 'પ્રિયે! કૌશામ્બી[2] નામે જે મહાનગરી છે, ત્યાં પુષ્પદન્ત જન્મ્યો છે વરરુચિ નામથી; અને પેલો માલ્યવાન પણ સુપ્રતિષ્ઠિત નામના સરસ નગરમાં જન્મ્યો છે ગુણાઢ્ય નામે. એમ છે, દેવી, એ બેના વૃત્તાન્ત.'

ઈતિ મહાકવિ શ્રી સોમદેવ ભટ્ટ-વિરચિત કથાસરિત્સાગરના કથાપીઠલમ્બકમાંનો પ્રથમ તરંગ.

દ્વિતીય તરંગ

પુષ્પદન્ત (વરરુચિ) અને કાણભૂતિની મિલનકથા :

(શ્લોક ૧ થી ૨૯)

પછી માનવદેહે વિચરતો પુષ્પદન્ત વરરુચિ અને કાત્યાયનને નામે ઓળખાવા લાગ્યો. વિદ્યાઓમાં પારંગત થયો, નન્દરાજાનું મંત્રીપદ પણ કર્યું ; અને પછી એક વાર ખિન્નતા વ્યાપતાં, દેવી વિન્ધ્યવાસિનીનાં દર્શને આવી પહોંચ્યો. એના તપથી પ્રસન્ન થયેલાં દેવીએ એને સ્વપ્નમાં આવીને, વિન્ધ્યનાં ઘનકાન્તારે જઈ, કાણભૂતિને મળવાનો આદેશ આપ્યો.

વાઘ-વાનરોથી ભરેલું, જળ નામે ન દેખાય એવું, સુક્કાંભંઠ તોતિંગ વૃક્ષોથી ભરેલું એ વિન્ધ્યારણ્ય હતું. એમાં એ ભટકતો હતો. ત્યાં એણે એક ભવ્ય-ઉન્નત વડલો જોયો. એની પાસે એણે જોયું તો સેંકડો પિશાચોથી વીંટળાયેલો કાણભૂતિ નામે પિશાચ હતો. એનો દેહ કોઈ સાલવૃક્ષ જેવો પડછંદ હતો. કાત્યાયન એને પગે પડ્યો ત્યારે કાણભૂતિએ એને જોયો. ક્ષણ પછી કાત્યાયન એની નજીક નીચે બેસી ગયો. પછી એને પૂછ્યું :

'આપ તો સદાચારી છો. તો પછી આ દશાને કેવી રીતે પામ્યા?'

આ સાંભળી, એની પાછળની લાગણી અનુભવી, કાણભૂતિએ કાત્યાયનને કહ્યું : 'એ તો હું યે જાણતો નથી ! પણ ઉજજયિનીના સ્મશાનમાં ખુદ શિવજીને મુખેથી મેં જે સાંભળેલું તે તને કહી સંભળાવું. સાંભળ :

'આ કપાલ (ખોપરી) અને સ્મશાન - એમાં આપને આટલો બધો પ્રેમ કેમ છે ?' એમ એક વાર પાર્વતીએ પૂછ્યું; ત્યારે ભગવાન કહે: 'પ્રાચીન કાળમાં કલ્પયુગ પૂરો થયો, અને જગત આખું પ્રલયજલમય થઈ ગયું, ત્યારે મેં મારી જંઘા ચીરીને, એમાંથી એક રકતબિન્દુ પડવા દીધું. એ જળમાં પડતાં જ એક ઈંડું થઈ ગયું. એ ફોડીને એક 'પુરુષ' પ્રકટ થયો. એમાંથી સૃષ્ટિ થાય એ હેતુથી મેં ઉત્પન્ન કરી 'પ્રકૃતિ'. પછી એ બેએ બીજા પ્રજાપતિઓ સર્જાવ્યા અને

૧. પ. માં નથી; ટો.માં છે. (ભા.૧ : પૃ. ૬, પંકિત ૧૩)

૨. એક કાળે હસ્તિનાપુરની, પછી ભારતની રાજધાની હતું કૌશામ્બી એમ મનાય છે. જનરલ કનિંગહામે એનું મૂળ સ્થળ શોધ્યાનું પેન્ઝર (પૃ. ૭, પા. ટી. ૪) જણાવે છે. એ નગર હાલના અલ્લાહાબાદથી ઉત્તરે આશરે ત્રીસેક માઈલે યમુનાતટે હતું, એમ કહે છે.

એમનાથી વળી અન્ય પ્રજાઓ ઉત્પન્ન થઈ. એ કારણે જ, પ્રિયે, એ આદિ પુરુષ જગતમાં કહેવાય છે પિતામહ.

'આ ચરાચર વિશ્વ પોતે સર્જ્યું, એવો દર્પ એમને થયો ! એટલે મેં એમનું મસ્તક જ ઉડાડી દીધું ! પણ, પછી, પશ્ચાત્તાપ થયો. મેં મહાવ્રત લીધું. તેથી જ તો આ કપાલપાણિત્વ ને આ સ્મશાનપ્રેમ! વળી, આ જગત જે કપાલ જેવું છે તે પણ, દેવી, મારા હાથમાં જ રહ્યું છે તો ! પહેલાં જે મેં કહ્યું તે ઈંડાનાં બે કોચલાં (બે કપાલ) તે કહેવાય છે દ્યાવાપૃથિવી (આકાશ અને પૃથ્વી). (૧૫)'

શિવે આ મુજબ કહ્યું ત્યારે મને થયું કે જિજ્ઞાસાથી હું પણ સાંભળું. ત્યારે પાર્વતીએ વળી એમના પતિદેવને પૂછ્યું, 'એ પુષ્પદન્ત કેટલા સમય પછી પાછો આપણી પાસે આવશે ?' એ સાંભળતાં જ, મને ચીંધીને મહેશ્વર દેવીને કહે, 'પેલો, ત્યાં તમે જે પિશાચ જુઓ છો ને, એ યક્ષ હતો, કુબેરનો અનુચર; એને સ્થૂલશિરા નામે રાક્ષસ મિત્ર હતો ! એટલે ધનાધિપે (કુબેરે) એની આવી પાપી સંગત જોઈને શાપ આપ્યો: વિન્ધ્યાટવિમાં પિશાચપણાને તું પામ. ત્યારે એનો ભાઈ દીર્ઘજંઘા કુબેરને પગે પડ્યો અને શાપાન્ત માટે કરગર્યો ; ત્યારે કુબેર કહે : શાપને કારણે અહીં જન્મેલા પુષ્પદન્તની મહાકથા જ્યારે એ સાંભળશે, અને આવા જ શાપને કારણે મર્ત્યતા પ્રાપ્ત કરનાર માલ્યવાનને એ જ્યારે આ કથા કહી સંભળાવશે ત્યારે, એ બન્ને ગણોની સાથે આ કાણભૂતિ પણ શાપમાંથી તરી જશે.

'આમ કુબેર દ્વારા આ શાપાન્ત જાણવા મળ્યો. અને હે પ્રિયે, પુષ્પદન્તનો શાપાન્ત પેલા કાણભૂતિને એ મળતાં થશે, એમ તમે કહેલું તે યાદ કરો.'

આમ શંકરના વચનો સાંભળતાં જ હું સહર્ષ અહીં આવ્યો. આમ (હવે તો) મારા શાપનો અવધિ પુષ્પદન્ત અહીં આવે ત્યાં સુધીનો જ છે."

કાણભૂતિએ આમ કહી લીધું. એ શાન્ત થયો કે તરતજ વરરુચિને પોતાની મૂળ જાતિની સ્મૃતિ થઈ આવી. જાણે ઊંઘમાંથી જાગ્યો હોય એમ બોલી ઊઠ્યો : 'હું જ એ પુષ્પદન્ત ! મારી પાસેથી એ કથા સાંભળો.' એમ કહીને પછી, સાત લાખ શ્લોકોમાં ગૂંથાયેલી એ સાત મહાકથાઓ કાત્યાયને કાણભૂતિને કહી સંભળાવી. એ સાંભળીને કાણભૂતિ બોલ્યો; 'દેવ! તમે તો રુદ્રાવતાર છો! બીજો કોઈ આ કથા કઈ રીતે જાણી શકે? તમારા આ પ્રસાદ થી તો મારા દેહમાંથી (પિશાચત્વનો) આ શાપ ગયા જેવો જ ગણાય. એટલે, જો મારા જેવાથી કાંઈ ગુપ્ત રાખવા જેવું ન હોય તો, જન્મથી માંડીને આજ સુધીનો તમારો વૃતાન્ત, હે પ્રભો, સંભળાવો! અને મને ફરીથી પાવન કરો'. ત્યારે, પગે પડી વિનંતી કરતા એ કાણભૂતિને વરરુચિએ પોતાના જન્મથી માંડીને બધો જ વૃતાન્ત સવિસ્તર કહેવા માંડ્યો: (૨૯)

વરરુચિની જન્મકથા : (શ્લોક ૩૦ થી ૪૦)

કૌશામ્બીમાં સોમદત્ત નામે, અને વળી અગ્નિશિખ નામે પણ, ઓળખાતો એક બ્રાહ્મણ હતો. એને એક પત્ની હતી નામે વસુદત્તા. પૂર્વજન્મમાં તે મુનિકન્યા હતી ; પણ શાપને કારણે મનુષ્યજાતિમાં અવતરી હતી. એ દ્વિજવરથી આ માતાને ઉદરે મારો જન્મ થયો હતો શાપને કારણે જ. હવે, હું તો હજી નાનું બાળ જ હતો ત્યાં મારા પિતા પંચત્વને પામ્યા; પણ માએ તનતોડ કામો કરીકરીને પણ મારો ઉછેર સતત ચાલુ રાખ્યો.

'એકવાર અમારે ત્યાં બે બ્રાહ્મણો, લાંબી યાત્રાએ નીકળેલા તેથી થાક્યા-પાક્યા રજોટીભર્યા, એક રાતવાસો કરવા, આવી ચડ્યા. એ ત્યાં હતા એ દરમ્યાન જ મૃદંગધ્વનિ (મુરજધ્વનિ) આવવા લાગ્યો. એ સાંભળીને મારી મા, પોતાનો પતિ યાદ આવતાં ગળગળી થઈને મને કહેવા લાગી, 'બેટા, તારા પિતાના મિત્ર નન્દ[1] નામે નટ નૃત્ય કરી રહ્યા છે.'

મેં પણ કહ્યું, 'મા, હું એમને જોવા જાઉં છું. બધું જોઈ-સાંભળીને તને પણ હું એ બધું જ સપાઠ દેખાડીશ.' મારાં આ વેણ સાંભળીને એ બે બ્રાહ્મણો અચંબામાં પડ્યા. એટલે મારી મા કહે, 'હે વત્સો ! એમાં જરાય શંકા લાવવા જેવું નથી. આ બાળક જે કાંઈ એક વાર સાંભળે છે તે બધું જ હૈયે કરી લે છે.' ત્યારે, મારા પરીક્ષણાર્થે (પોતાની જિજ્ઞાસા પોષવા), મારી આગળ પ્રાતિશાખ્યનું[2] પઠન કર્યું; મેં તરત જ એ બે બ્રાહ્મણોની સાથે જઈને મેં, પેલું નાટક જોઈને, ઘેર આવીને પાછું જે કાંઈ જોયેલું તે બધું માતાને કહી-કરી દેખાડ્યું. ત્યારે હું ખરેખર એકશ્રુતધર (એક જ વાર સાંભળેલું તરત યાદ કરી લેનાર) છું એવી ખાતરી થતાં, પેલા બે બ્રાહ્મણોમાંનો એક જે વ્યાડિ[3] નામનો હતો તે મારી માતાને પગે લાગીને આ કથા કહેવા લાગ્યો :' (૪૦) (ક્રમશઃ)

---

૧. ટો. માં 'ભવનન્દ'; પ. માં માત્ર 'નન્દ' છે.

૨. 'પ્રાતિશાખ્ય' : વેદની જુદીજુદી શાખાના ઉચ્ચારાદિના નિયમો વગેરે દર્શાવતું વૈદિક વ્યાકરણ. આવાં ચાર પ્રાતિશાખ્યો હતાં એવી માહિતી આપ્ટેમાં છે.

૩. 'સંગ્રહ' નામે વ્યાકરણગ્રંથનો રચયિતા વ્યાડિ.

અંગ્રેજી ભાષા-સાહિત્ય તરફ અત્યારે આપણે ત્યાં ભારે દુર્લક્ષ સેવાઈ રહ્યું છે ત્યારે એ ભાષા-સાહિત્ય અને સંસ્કૃતિને ઘડનારા સમર્થ સર્જકોની પ્રતિભાનો ગુજરાતી ભાષામાં પરિચય આપવા અને એ વિશાળ સાહિત્ય-સાગરમાંથી થોડુંક આચમન કરવવાના હેતુથી અગાઉ 'કુમાર'ના ૫૭૮ થી ૬૪૮મા અંક સુધી, એટલે કે ફેબ્રુઆરી ૧૯૭૨થી ડિસેમ્બર ૧૯૭૭ સુધી 'અંગ્રેજી સાહિત્યનું આચમન' એ શીર્ષક હેઠળ ડૉ. મધુસૂદન પારેખની એક લેખમાળામાં અંગ્રેજી સાહિત્યના વિકાસને સાંકળી લેવામાં આવ્યો હતો. હવે આ અંકથી એ પ્રયાસને એ જ ઉદ્દેશથી આગળ લંબાવવાનો ઉપક્રમ છે. અંગ્રેજી સાહિત્યનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તથા રસિક વાચકોમાં તે આવકાર્ય બની રહેશે તેવી આશા છે. - સં.

અંગ્રેજી સાહિત્યનું આચમન

રેસ્ટોરેશન

ડૉ. મધુસૂદન પારેખ

પ્રાસ્તાવિક : અંગ્રેજી પ્રજાકીય અને સાહિત્યના ઈતિહાસમાં ઈ. ૧૬૬૦ અને ઈ. ૧૬૮૮ એ બે યાદગાર વર્ષ છે.

ઈલિઝાબેથના રાજ્યકાળ દરમિયાન (૧૫૫૮-૧૬૦૩) અંગ્રેજ પ્રજાનું ચૈતન્ય હેલે ચડ્યું હતું. વિશ્વના પ્રદેશો પર વિજય પ્રાપ્ત કરવાની, સાહસો અને શોધખોળ કરવાની, પ્રાચીન સંસ્કૃતિ અને સાહિત્યના જ્ઞાનની તૃષા તૃપ્ત કરવાની, સૌન્દર્યની ખોજ માટેની અને ઉત્સાહથી થનગનતા આત્માના ઊર્મિભર્યા ઉદ્‌ગારો કાવ્યોમાં પ્રગટ કરવા જેવી અનેક એષણાઓ જાગી ઊઠી હતી. સારા યે દેશમાં રાષ્ટ્રભક્તિનું-રાજભક્તિનું પ્રચંડ મોજું ફરી વળ્યું હતું. સ્પેઈનના અજેય મનાતા નૌકાસૈન્યને ઈ. ૧૫૮૮માં ઈંગ્લૅન્ડે સખ્ત પરાજય આપ્યા પછી તો ઈંગ્લૅન્ડ સમગ્ર વિજયના ઉન્માદમાં રાચવા માંડ્યું હતું. પ્રજાકીય ચેતનામાં જો ભરતી આવી હતી તો સાહિત્યક્ષેત્રે વસંત મહોરી હતી. એડમન્ડ સ્પેન્સર, ફિલિપ સિડની, ક્રિસ્ટોફર માર્લો, વિલિયમ શેક્સપીઅર, બેન જોન્સન આદિ સર્જકોની કલમથી અંગ્રેજી સાહિત્ય સમૃધ્ધ બન્યું હતું.

પણ રાણી ઈલિઝાબેથના અવસાન બાદ સ્કૉટલૅન્ડથી આવેલો, રાજાના ઈશ્વરી હક (Divine Rights of King)માં માનનારો સ્ટુઅર્ટ વંશનો જેમ્સ ૧લો ઈંગ્લૅન્ડની રાજગાદી પર આવ્યો. અંગ્રેજ પ્રજાની પ્રકૃતિથી અપરિચિત, અવિચારી જેમ્સે પ્રજા પર પોતાની સત્તાનો દોર જમાવવા પ્રયત્નો કર્યા. એમાંથી પાર્લામેન્ટ સાથે તેનો સંઘર્ષ શરૂ થયો અને તે સતત વધતો રહ્યો. નવજાગૃતિનો અનુભવ કરી ચૂકેલી પ્રજાને આ રાજાની નીતિ સ્વાતંત્ર્ય પર તરાપ મારતી લાગી. રાજા સામે વિદ્રોહના ભણકારા વાગવા માંડ્યા.

જેમ્સ પોતે તો પ્રજાના પ્રચંડ કોપનો ભોગ બનતો રહી ગયો, પણ તેના મૃત્યુ પછી રાજગાદીએ આવેલા તેના પુત્ર ચાર્લ્સ ૧લાએ પિતાની જ ટૂંકી દૃષ્ટિએ ચાલીને અન્યાય અને જુલમો ચાલુ રાખ્યા. લોકશાહીનો ઉદય ઝંખતી પ્રજા ચાર્લ્સનો નર્યો આપખુદ રાજ્ય-અમલ સાંખી શકે તેમ નહોતી. પરિણામે રાજાપ્રજા વચ્ચે આંતરવિગ્રહ શરૂ થયો. આ આંતરવિગ્રહમાં દેશને બે મહાન નેતા મળ્યા. એક તો ઑલિવર ક્રોમ્વેલ; એણે યુધ્ધ મોરચે લશ્કરના સેનાપતિ તરીકેની સફળ કામગીરી બજાવી. અને બીજો મિલ્ટન. એને કોડ હતા મહાકાવ્ય રચવાના, નામાંકિત કવિ તરીકે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાના. પરંતુ રાજાની સરમુખત્યાર મનોવૃત્તિએ તેને અકળાવી મૂક્યો, ઉશ્કેરી મૂક્યો અને લોકલડતમાં તે લોકપક્ષે ઊભો રહ્યો. 'પૅરેડાઈઝ લોસ્ટ' રચવાના મનોરથ તેણે બાજુએ રાખીને રાજા સામેના સંગ્રામના પોતાનાં લખાણો અને વ્યાખ્યાનો દ્વારા પ્રજાને ચાનક ચડાવી. આ પ્રજાકીય લડતમાં તેણે નૂતન ઈંગ્લૅન્ડની, નવનિર્માણ પૂર્વેની પ્રસૂતિપીડાનાં દર્શન કર્યાં.

આંતરવિગ્રહમાં અંતે ચાર્લ્સ ૧લાનો પરાજય થયો. ઈ. ૧૬૪૯માં તેનો શિરચ્છેદ કરવામાં આવ્યો અને મિલ્ટને એ વધ વાજબી ગણાવ્યો. ચાર્લ્સના શિરચ્છેદ પછી ઈંગ્લૅન્ડમાં ઑલિવર ક્રોમ્વેલનું પ્યૂરિટન શાસન સ્થપાયું. ચાર્લ્સના અપાર જુલમી રાજ્ય-અમલથી કંટાળીને એનો વધ કરવા સુધી પહોંચી ગયેલી પ્રજાને નવા શાસનમાં શાંતિ સુખ અને સલામતીની અપેક્ષા હતી; પણ ક્રોમ્વેલના લશ્કરી શાસને કડક કાયદાઓથી, ધાર્મિક નીતિ નિયમોથી અને જડબેસલાક વહીવટી ચોકઠાથી પ્રજાને અકળાવી દીધી, પરેશાન કરી નાખી. ક્રોમ્વેલે દેશમાં રંગરાગ, મોજવિલાસ, નાટકચેટક પર નિયંત્રણો મૂકી દીધાં. ઈલિઝાબેથના યુગથી વિકસતાં આવતાં થીએટરોને તાળાં વસાયાં. મનોરંજન વિના મૂરઝાઈ રહેલા પ્રજાહૃદયની ચેતના પ્યૂરિટન ધર્મની સંકુચિત નેળમાંથી મંદ ગતિએ વહેવા માંડી. ક્રોમ્વેલના લશ્કરી શાસનનાં અગિયારેક વર્ષો સમસ્ત દેશ માટે રાજકીય, ધાર્મિક તેમજ સાંસ્કૃતિક ગૂંગળામણોનાં બની રહ્યાં. પ્રજા બૌધ્ધિકતા અનેક બંધનોની વચમાં તરફડવા લાગી.

એટલે જ જ્યારે ક્રોમ્વેલના ઈ. ૧૬૫૯માં અવસાન પછી એકાદ વર્ષ એના પુત્ર રિચર્ડના તરંગી અને નિષ્ફળ રાજ્ય-અમલ બાદ ફ્રાન્સમાં દેશવટાની સ્થિતિ ભોગવનારા ચાર્લ્સ ૧લાના પુત્ર ચાર્લ્સ બીજાને ઈંગ્લૅન્ડની ગાદી પર પુનઃ સ્થાપિત કરવાનો નિર્ણય લેવાયો ત્યારે પ્રજાએ તે વધાવી લીધો. લશ્કર અને પાર્લામેન્ટ વચ્ચેના ઝગડા અને અસ્થિર રાજનીતિથી દેશનાં લોકો કંટાળી ગયાં હતાં. બીજી પણ એક નોંધપાત્ર બાબત હતી. અંગ્રેજ પ્રજા પોતાના હૃદયના એક

રૂઢિચુસ્ત તત્ત્વને - રાજભક્તિને- વશવર્તીને ચાલનારી હતી. એ પરંપરાગત વૃત્તિને ચાર્લ્સ ૧લાનો શિરચ્છેદ વાજબી લાગ્યો નહોતો. એને હજી એની કળ વળી નહોતી અને ક્રોમ્વેલના શાસનમાં રાજ્યવહીવટના જે પ્રયોગો થયા તે તેને જચ્યા નહોતા. અરે, આંતરવિગ્રહમાં જોડાયેલા ક્રોમ્વેલપક્ષના કેટલાક પ્યૂરિટનોને પણ રાજાના શિરચ્છેદનું છાનું દર્દ હતું.

એટલે ઇ. ૧૬૬૦માં ચાર્લ્સ બીજાનું ઇંગ્લેન્ડની રાજગાદી પર પુનઃ સ્થાપન થયું ત્યારે લોકહૃદયે, આપખુદ રાજાશાહીનાં અત્યંત કટુ ફળનો જેમ્સ ૧લાના અને ચાર્લ્સ ૧લાના શાસનમાં સ્વાદ ચાખેલો હોવા છતાં, વધાવી લીધું. ચાર્લ્સ બીજાને રાજા તરીકે વધાવી લેવામાં એક વ્યાપક લોકમાન્યતા એ હતી કે લોહી રેડ્યા વિના હવે ફરીવાર સ્થિર રાજ્યવહીવટ અને ધાર્મિક સ્વાતંત્ર્ય હાંસલ થયાં હતાં. પણ એમનો એ આશાવાદ ઠગારો નીવડ્યો. ૧૬૮૮ની રક્તવિહીન ક્રાંતિએ લોકોને તેની પ્રતીતિ કરાવી દીધી.

ચાર્લ્સ બીજાના રાજ્યઅમલમાં પ્યૂરિટન રીતરસમો સામે પ્રબળ પ્રત્યાઘાત ઊઠે એ સ્વાભાવિક હતું. ચાર્લ્સ પોતે ફ્રાન્સમાં વસવાટ દરમિયાન રંગરાગી ફ્રેન્ચ સભ્યતાથી પ્રભાવિત થયો હતો. એ પોતે પણ ભૌતિક સુખોમાં - દેહવિલાસમાં- રાચનારો જીવ હતો. એની સાથે ફ્રાન્સમાં વસેલાં એના મળતિયા ટેકેદારો-મિત્રો પણ ફ્રાન્સની રહેણી-કરણીથી પોતાને નૂતનતાના અવતાર સમજનારા બની ગયા હતા.

એટલે ચાર્લ્સ પોતાના રાજદરબારમાં આ ભૌતિક સુખવાદનો સૂર પ્રકટાવ્યો અને એના દરબારના વિદ્વાન અને ફ્રેન્ચ સંસ્કૃતિથી રંગાયેલા મિત્રોએ એ રંગરાગયુક્ત વિલાસનો સૂર, ભલે તત્કાલીન સમગ્ર સાહિત્યમાં નહિ, તો સાહિત્યના એક વિશિષ્ટ પ્રકાર, નાટ્યપ્રકારમાં, વિશેષ કરીને કોમેડિમાં રેલાવ્યો.

પ્રજાકીય પરિવર્તન

સામાન્ય રીતે પ્રજાકીય ચેતનામાં, વિચારણામાં રેસ્ટોરેશન સમયે જે પરિવર્તન આવ્યાં તેનો મેળ ચાર્લ્સ બીજાના રાજ્યારોહણના ઇ. ૧૬૬૦ના વર્ષ સાથે બેસાડી દેવામાં આવે છે. અલબત્ત, એ યોગાનુયોગ છે. ચાર્લ્સ ઇંગ્લેન્ડની રાજગાદી પર સ્થાપિત થયો, રાજાશાહીનું પુનઃ સ્થાપન થયું તે વર્ષથી સરકારી નીતિમાં, રાજ્યવ્યવસ્થામાં અને પ્રજાના દૃષ્ટિકોણમાં એક નવું પરિવર્તન દેખાવા માંડે છે.

પરંતુ પ્રજાની વિચારધારા કે દૃષ્ટિબિંદુ રાતોરાત બદલાઈ જતું હોતું નથી. ચાર્લ્સ ગાદીએ આવ્યો ત્યારે પ્રજાકીય પરિવર્તન માટે સંજોગો અનુકૂળ હતા એટલે એ તત્કાળ દૃષ્ટિમંત થયું એ ખરું બાકી જનસમાજની ચેતનામાં, દૃષ્ટિમાં અને વિચારણામાં પરિવર્તનની પ્રક્રિયા છેક ઇલિઝાબેથના યુગથી ધીમેધીમે ચાલતી રહી હતી અને નવા વિચારો માટેનું એક વાતાવરણ રચાતું આવતું હતું.

ઇલિઝાબેથના યુગમાં લોકસમુદાય લાગણીથી, ઉત્તેજનાથી, રોમેન્ટિક વૃત્તિથી લહેરાતો હતો. તેમ છતાં ઇ. ૧૬૦૦ થી ઇ. ૧૬૬૦ના ગાળા દરમિયાન કૌતુકરાગી કલ્પનાનું સ્થાન બૌદ્ધિકતા, ભલે મંદ ગતિએ પણ, લેવા માંડી હતી. ઇલિઝાબેથના શાસનકાળમાં બૌદ્ધિક શોધખોળને પણ કૌતુકરાગનો રંગ ચડી જતો હતો, પરંતુ સમય વીતતાં રોમેન્ટિક વૃત્તિ ઓસરવા લાગી. અલબત્ત, એ યુગના કેટલાક સર્જકો દ્વારા એ વૃત્તિ પ્રકટતી રહી, તો પણ પ્રજાના એક આગવા વર્ગમાં - સર્જકમાં - બૌદ્ધિક તત્ત્વ પર વિશેષ ઝોક મુકાવા લાગ્યો. રોમેન્ટિકવૃત્તિ-પ્રવૃત્તિને પોષનારાં તત્ત્વોના આંતરસ્રોત સુકાવા માંડ્યા હતા અને શેક્સ્પીઅરના અંતિમકાળનાં નાટકોમાં તેમજ બેકનના નિબંધોમાં પ્રગટ થતી પૃથક્કરણવૃત્તિમાં, ડનની અને બીજા મેટાફિઝિકલ (અધ્યાત્મવાદી) કવિઓની રચનામાં નવું પરિવર્તન આવી રહ્યુ છે તેનાં એંધાણ વરતાતાં હતાં.

તદુપરાંત ઇ. ૧૬૬૦માં ફ્રાન્સમાં ઠીકઠીક સમય વસવાટ કરીને ઇંગ્લૅન્ડમાં રાજા તરીકે સ્થાપિત થયેલો ચાર્લ્સ બીજો વિલાસી ફ્રાન્સની સંસ્કૃતિથી અને ત્યાંનાં કલા-સાહિત્યથી રંગાયેલો હતો. ફ્રેન્ચ પ્રજાની જીવનધારા તેને સારી પેઠે ભીંજવી ગઈ હતી. એટલે એ રાજગાદીએ બેઠો તે સાથે જ એના દરબારમાં અને આસપાસના વાતાવરણમાં એક નવો ભપકો, નવીન ચમકાર વરતાવા માંડ્યો. તેણે પોતાની સાથે ફ્રાન્સમાં દેશવટે આવેલા અને હવે તેના દરબારમાં પદવી-પ્રતિષ્ઠા પામેલા વિદ્વાનોમાં એ નવી જીવનપ્રણાલિનો સૂર રેલાવ્યો અને દરબારના મોજ શોખીલા રંગીલા સજ્જનોએ પ્રજાના ઉમરાવ-ધનિક વર્ગમાં એ સૂર પ્રસાર્યો. એ મહાનુભાવોમાં કેટલાક કાચાપાકા નાટ્યકારો હતા. તેમણે નાટકો દ્વારા નગરજીવનની નવી રીતરસમો, જીવન તથા સમાજ વિશે નવીન દૃષ્ટિકોણ રજૂ કર્યા. ગ્રામજનોની મજાક ઉડાડવા માંડી.

ચાર્લ્સ બીજો પોતે પ્રમાદી, રંગીલો અને ઉત્સવપ્રિય હતો એટલે એના રાજ્યારોહણ પછી પ્રજાના મનોરંજન માટેનાં દ્વાર ઊઘડી ગયાં. થીએટરો નવીન પ્રકારનાં નાટકોથી, નવા જીવનરાહથી સજ્જ ધનિક સામાજિક વર્ગ માટે પ્રવૃત્તિથી ધમધમી ઊઠ્યાં.

ચાર્લ્સ બીજાએ પ્રસરાવેલી નવી, ફેશનેબલ પ્રણાલિ, અલબત્ત, લંડન શહેરના ધનવાનવર્ગ પૂરતી સીમિત રહી. એક નવો શ્રીમંત વર્ગ અસ્તિત્વમાં આવી ચૂક્યો હતો. તેણે આ વલણોને પ્રતિષ્ઠા અને મોભાના પ્રતીક તરીકે સ્વીકાર્યાં અને આત્મસાત કર્યાં. પરંતુ દૂર ગામોમાં વસતા સામાન્ય જનસમુદાય સુધી આ પ્રવાહ પહોંચ્યો નહિ.

તેમ છતાં એકંદરે દેશમાં નવીન પ્રકાશ પથરાયો. અત્યાર સુધી વસ્તુ કે વિચારને શ્રદ્ધાપૂર્વક વળગી પડવાની વૃત્તિ હતી તેને સ્થાને હવે વિવેકબુદ્ધિનો ઉદય થવા માંડ્યો. પ્રજાનું માનસ સમજણવૃત્તિથી જૂની રૂઢિઓ, ધર્માદેશો, સામાજિક અથવા તો જીવનનાં મૂલ્યો, રાજ્ય-વ્યવસ્થા વગેરેની વિચારણા કરતું, પૃથક્કરણમાં અને ચર્ચા -

દલીલોમાં વ્યકત થવા માંડ્યું. (અંધ) શ્રદ્ધાને સ્થાને અનુભવમૂલકતા આવી. પ્રજા નિર્ભ્રાંત બની. લોકોમાં નવી ચેતનાનો સંચાર થયો.

રૉયલ સોસાયટીની સ્થાપના

આ જ અરસામાં ઈ. ૧૬૬૦માં રૉયલ સોસાયટી વ્યવસ્થિત રીતે વિવિધ વિદ્યાશાખાના વિદ્વાનોને એકત્ર કરીને વ્યાખ્યાનો-ચર્ચાઓના કાર્યક્રમોનું આયોજન કરવા લાગી અને ઈ. ૧૬૬૨માં તો તેને સનદ (Charter) પણ મળી ગઈ. આ રૉયલ સોસાયટીએ લોકસમુદાય માટે સીધી, સાદી, સરળ, ગણિતમાં પ્રયોજાતી ચોકસાઈવાળી, અકૃત્રિમ, સામાન્યમાં સામાન્ય જનને પણ સુગમ બને તેવી ભાષાની અપેક્ષા રાખી અને એ નિર્ણયની પણ વિદ્વત્ વર્ગનાં વ્યાખ્યાનોમાં તેમજ પુસ્તકોમાં અસર વરતાવા લાગી.

બે મોટી ઘટનાઓ

રેસ્ટોરેશન યુગમાં પ્રજા માનસને ધક્કો પહોંચાડનારી, એમનાં ચિત્તમાં અંકિત થઈ જનારી અને સાહિત્યકૃતિઓમાં પણ પ્રતિબિંબિત થયેલી બે ઘટનાઓ અહીં નોંધવી ઘટે.

એક તો લંડન શહેરમાં પ્લેગનો વ્યાપક પ્રસાર. ટ્યૂડર સમયમાં પ્રથમ વાર પ્લેગનો પંજો પ્રજા પર પડ્યો તે પછી અવારનવાર તેના હુમલા થતા જ રહ્યા, પણ ચાર્લ્સના રાજ્ય-અમલ દરમિયાન ઈ. ૧૬૬૫માં જે હુમલો થયો એને કારણે પ્રજાજીવનની છિન્નભિન્નતાનાં અનેક વર્ણનો તત્કાલીન સાહિત્યમાં ઝિલાયાં છે.

બીજો મહત્ત્વનો બનાવ તે ઈ. ૧૬૬૬માં લંડનમાં ફાટી નીકળેલી પ્રચંડ આગનો હતો. રાજાના ભઠિયારાની દુકાનમાંથી આગ શરૂ થઈ અને લંડન શહેરમાં મકાનો મોટેભાગે લાકડાંનાં હોવાને કારણે જોતજોતામાં એ સર્વત્ર પ્રસરી ગઈ. આગ કાબૂમાં આવે તે દરમિયાનમાં તો હજારો મકાનો ભસ્મ થઈ ગયાં અને લોકોમાં જાનમાલની ભારે ખુવારી થઈ ગઈ. આ પ્રચંડ આગથી પ્રજા હતપ્રભ બની ગઈ. અલબત્ત, એ આગને કારણે લંડન શહેરનું નવનિર્માણ શક્ય બન્યું.

સાહિત્યિક પરિવર્તન

ચાર્લ્સ બીજાના ચિત્ત પર ફ્રેન્ચ જીવનરીતિનો પ્રબળ પ્રભાવ હોવાથી ઇંગ્લૅન્ડમાં એના રાજ્યશાસન દરમિયાન એની અસર દેશમાં પ્રકટવી શરૂ થઈ.

એના રાજદરબારમાં મોભાદાર મિત્રો-મળતિયાઓ પણ સાહિત્યરસિયા અને ફેશનોથી રંગાયેલા હતા. તેમાંના કેટલાકે નગરજીવનનો મહિમા કરતાં અને ગ્રામજનોની ઠેકડી ઉડાવતાં નાટકો પ્રસ્તુત કરવા માંડ્યાં. એમનાં લખાણો ઘણીવાર આત્મસુખ માટે અથવા લેખક તરીકેની પંકિતમાં સ્થાન પ્રાપ્ત કરવા માટે પ્રકાશિત થતાં હતાં. એમની પાસે ફ્રેન્ચ નાટકોના, મોલિયેરનાં નાટકોનાં, નમૂના તો હોય જ. નાટકો માટે નવીન સ્ટેજ-વ્યવસ્થાથી પણ તે પરિચિત થયેલા હતા. એટલે ઈલિઝાબેથ યુગના થીએટરો કરતાં રેસ્ટોરેશન યુગનાં થીએટરો દશ્ય-વ્યવસ્થાની દશ્ય-પરિવર્તનની તેમજ પ્રકાશ આયોજનની અને અન્ય બાબતોમાં વધુ શોભાયમાન અને અસરકારક હતાં. એમાં હવે સ્ત્રીપાત્રો ભજવવા માટે સ્ત્રીઓ પણ સક્રિય બની હતી. મોટે ભાગે ઉમરાવો અને ધનિકવર્ગના સભ્યો થીએટરોમાં પોતાનો આધુનિક ફેશનપ્રભાવ દર્શાવવા સામાજિકો તરીકે ઉપસ્થિત રહેતા હતા.

રેસ્ટોરેશન યુગની નવી રીત-રસમોનો અને બૌદ્ધિકતાનો પ્રભાવ નાટકોમાં વિશેષપણે પ્રકટ્યો.

નાટક લખનારા લેખકોની સંખ્યા ક્રમેક્રમે વધતી ગઈ. દરબારના સાહિત્યરસિક શિક્ષિતો ઉપરાંત મધ્યમવર્ગમાંથી પણ નાટ્યકારોની કલમ પ્રવૃત્ત થવા માંડી. પરંતુ જે સામાજિક પરિબળોની વચમાં સર્જક વસતો હતો તેમાં માત્ર કલમને ખોળે માથું મૂકીને જીવનનિર્વાહ કરવાનું શક્ય નહોતું. પુસ્તક છાપવા માટેના, તેના પ્રકાશન તેમજ વેચાણ માટેના તેમજ અન્ય પ્રશ્નો લેખકોને મૂંઝવનારા હતા. સાહિત્યમાં કૉપિરાઈટની સમજનો હજી ઉદય થયો નહોતો. તદુપરાંત પુસ્તકો વાંચવાની વૃત્તિવાળો કોઈ ખાસ વ્યવસ્થિત વર્ગ પણ હજી અસ્તિત્વ ધરાવતો નહતો.

આ સંજોગોમાં લેખકોને કોઈ ને કોઈ દાતા (Patron) શોધવો પડતો.

એ દાતા કોઈ અમુક પુસ્તક પૂરતો હોય અથવા કાયમી પણ હોય. લેખક એને પોતાનું પુસ્તક અર્પણ કરતો, એના કૌટુંબિક ઉત્સવોને વાચા આપતો, અન્ય પ્રકારે દાતાની ખુશામત કરી તેને રીઝવતો અને બદલામાં દાન, પારિતોષિક અથવા અન્ય રીતે આર્થિક સહાય પામતો હતો.

સર્જકો હવે ઈલિઝાબેથયુગની રોમેન્ટિક વૃત્તિમાંથી છૂટીને ક્લાસિસીઝમ (પ્રશિષ્ટતાવાદ) પ્રત્યે આકર્ષાવા માંડ્યા હતા. ઊર્મિના ઊછળતા ઉદ્ગારને સ્થાને બૌદ્ધિકતા, જીવનવિશેની સમજ, આકારનો ખ્યાલ, સમતુલા, કલાસંયમ આદિ તત્ત્વો કૃતિઓમાં પ્રસ્તુત થવાં માંડ્યાં હતાં. બૌદ્ધિકતાને સ્પર્શે તેવા સંવાદો કે ચિત્તને પ્રકાશિત કરે તેવાં ચબરાકિયાં અને ગંભીર જીવન-વિવેચનો રેસ્ટોરેશન યુગના સાહિત્યમાં મહત્ત્વનું સ્થાન લેવા માંડ્યાં. ઈલિઝાબેથયુગમાં બેન જોન્સનમાં કે કવિ ડનની કૃતિઓમાં આ વલણો હતાં જ તે હવે વિકસ્યાં. (ક્રમશઃ)



ઈંગ્લેન્ડના દક્ષિણ ભાગમાં ઈ. ૧૭૭૦માં નિયમબદ્ધ રમાતી ક્રિકેટની રમતનું એક દૃશ્ય. તેમાં છેડે વળાંકવાળું બેટ નીચા હાથે થતી ગોલંદાજી, બે સ્ટમ્પ્સ અને તેની ઉપર એક બેઈલ ધ્યાન ખેંચે છે, જ્યારે એક જણ ડાંખળી તોડીને રનનો સ્કોર રાખે છે.

બેટ

ક્રિકેટ - ૨

કુમારપાળ દેસાઈ

ક્રિકેટની રમતનાં બધાં સાધનોમાં સૌથી મોંઘું સાધન છે બેટ. પ્રત્યેક ક્રિકેટરને માટે આ સૌથી મહત્ત્વનું સાધન ગણાય. માત્ર પોતાની ગોલંદાજીની આવડતને કારણે જ ટીમમાં સ્થાન પામે તેવા ખેલાડીઓ સિવાયના બધાને બેટની ચીવટપૂર્વક પસંદગી કરવી પડે. માનસિક અને શારીરિક રીતે અનુકૂળતા અને મોકળાશનો અનુભવ કરાવે એ જ બેટ સારું. ઘણું વજનદાર, ઘણું મોટું કે થોડું નાનું બેટ હોય અને તે લઈને રમવું ફાવતું ન હોય તો બેટિંગની કળા પ્રકટ થઈ શકે નહીં.

માતાપિતા બાળકને ક્રિકેટ ખેલવા બેટ આપતાં હોય છે, પરંતુ તેઓ ક્યારેક કિંમતમાં વધુ અને બાળકની ઉંમર કરતાં મોટું બેટ ખરીદવાની ભૂલ કરી બેસે છે. વધુ પડતું મોટું કે વજનદાર બેટ બાળકને મુક્ત રીતે ખેલવાની અનુકૂળતા આપવાને બદલે અવરોધરૂપ બની જાય છે. વજનમાં હળવું બેટ વાપરવાથી લાંબો દાવ ખેલવા છતાં થાક લાગતો નથી.

માત્ર બેટિંગની દૃષ્ટિએ જ નહીં, પણ માનસિક રીતેય બેટ અનુકૂળ હોવું જોઈએ. આજે સામાન્ય રીતે બૅટ્સમૅન બેટની દુકાનેથી કે ઉત્પાદકો પાસેથી એકસરખા પાંચ-છ બેટ લાવે છે. તેમાં પણ કેટલાક ખેલાડીઓ અમુક બેટને શુકનવંતુ ગણતા હોય છે. ક્યારેક નવું બેટ લે અને નિષ્ફળતા મળે તો ફરી પાછું જૂનું બેટ લઈને ખેલતા હોય છે. પોતાને અનુકૂળ બેટની પસંદગી કરતી વખતે પેન્ટની સિલાઈ જેટલી ચીકાશ કે ચોકસાઈ રાખવી જોઈએ. બેટ બરાબર ઘુમાવી જોઈ લેવું, જે બેટ સરળતાથી ઘુમાવી શકાય તેની પસંદગી કરવી.

બેટનું વજન કે એની લંબાઈ માટે ખેલાડીઓ પોતાની ઊંચાઈ અને શારીરિક શક્તિ પણ નજરમાં રાખે છે. વધુ પડતું લાંબુ બેટ હોય તો જોશભેર સ્ટ્રોક મારી શકાય નહીં. વળી, વજનદાર બેટથી જલદી થાકી જવાય, અને દોડીને રન લેવામાં પણ મુશ્કેલી પડે. સામાન્ય રીતે ૫ ફૂટ ને ૯ ઈંચ ઊંચાઈ ધરાવતા ખેલાડીઓ ૨ ફૂટ અને ૧૧ ઈંચ લાંબું અને ૨.૪ પાઉન્ડના વજનવાળું બેટ લેવું. ૫ ફૂટ ૩ ઈંચની ઊંચાઈથી ૫.૫ ઈંચ ધરાવનારે ૨ ફૂટ ૯ ઈંચ કે ૨ ફૂટ ૧૦ ઈંચ લાંબું તેમજ ૨.૨ કે ૨.૩ પાઉન્ડના વજનવાળું બેટ પસંદ કરવું.

થોડાં વર્ષો પહેલાં લગભગ બધાં બેટ સરખાં જ મળતાં. માત્ર ઉત્પાદકનો સિક્કો કે પ્રતીક જ જુદાંજુદાં જોવાં મળતાં હતાં. પરંતુ હવે જુદાજુદા આકાર અને ઓછાવધતા વજનનાં બેટ મળી શકે છે. પ્લાસ્ટિકનાં તેમજ આગળનો ભાગ પોલિમોરનો ધરાવતાં બેટ પણ મળે છે. અને એની સાથોસાથ પરંપરાગત લાકડાનાં બેટ તો ખરાં જ. જગતના અગ્રણી ખેલાડીઓ લાકડાના બેટનો ઉપયોગ કરે છે, કારણ કે બૅટ્સમૅન જ્યારે દડાને ફટકારે છે ત્યારે એને લાકડાના બેટથી ફટકારતાં એક જુદો જ અનુભવ થાય છે. વળી, લાકડાના બેટથી લગાવેલ ફટકામાં ફટકો જે રીતે માર્યો હોય તે બરાબર જોઈ શકાય છે. આમ બૅટ્સમૅનની પકડ, ઊંચાઈ અને એની શક્તિ પર બેટની પસંદગી આધારિત હોય છે. રણજીતસિંહ એમના 'ધી જ્યુબિલી ઓફ ક્રિકેટ' (ઈ.સ. ૧૮૯૭)માં નોંધે છે : 'સુંદર બેટ એ કલાનો નમૂનો છે. ક્રિકેટરને વ્યક્તિગત રીતે પસંદગી કરવાનું આ સૌથી મહત્ત્વનું

સાધન છે. એ ન ભૂલવું જોઈએ કે જેમ બે ખેલાડી સરખા હોતા નથી, તેમ દરેક ક્રિકેટરની બેટની પસંદગી પણ પોતાને અનુકૂળ તેવી હોઈ તેમાં યે ભિન્નતા હોય છે.

કેટલાક ક્રિકેટર બેટનો હાથો એકાદ ઈંચ ટૂંકો રાખે છે. આવા 'શોર્ટ હેન્ડલ' બેટમાં બેટની સાઈઝ તો બીજા બેટ જેવી જ હોય છે, પરંતુ વજનમાં તે એકાદ ઔંસ ઓછું હોય છે. આવા ટૂંકા હાથાવાળા બેટને 'હેરોસાઈઝ બેટ' કહે છે. ઑસ્ટ્રેલિયાના સમર્થ બેટ્સમેન ડોન બ્રેડમેન પોતાની કારકિર્દીની શરૂઆતમાં ફુલ સાઈઝ બેટ વાપરતા હતા, પરંતુ થોડા સમય બાદ તેઓ હેરોસાઈઝ અથવા તો શોર્ટ હેન્ડલ બેટ વાપરતા. છેલ્લા કેટલાક સમયમાં બેટના વજનની બાબતમાં પણ પરિવર્તન આવ્યું છે. હવે વધુ વજનદાર બેટ વપરાય છે. બેટના વજન અંગે કોઈ મર્યાદા પણ નથી. ૧૯મી સદીના બ્રેડમેન તરીકે જાણીતો વિલિયમ ચાર પાઉંડને બે ઔંસ વજનનું બેટ વાપરતો હતો.

વેસ્ટઈન્ડિઝનો ભૂતપૂર્વ સુકાની ક્લાઈવ લોઈડ, વર્તમાન સુકાની વિવિયન રિચાર્ડ્સ, ઇંગ્લૅન્ડનો વર્તમાન સુકાની ગ્રેહામ ગૂચ, ઝંઝાવાતી રમત માટે જાણીતા ભારતના સી. કે. નાયડુ અને ભારતના ભૂતપૂર્વ ટેસ્ટ ખેલાડી સંદીપ પાટિલ વજનદાર બેટ વાપરતા હોય છે, જ્યારે રિચાર્ડ્સ અને ગૂચ ૧.૩૫ કિલોગ્રામનું બેટ વાપરે છે. આવા બેટથી દડાને ફટકારવામાં ટાઈમિંગ બરાબર જળવાય તો ગૂચ જેવા બેટ્સમેનો ફોરવર્ડ ડિફેન્સિવ સ્ટ્રોક બોલર પાસેથી પસાર કરીને બે રન મેળવે છે.

નવા બેટને રમવાને યોગ્ય બનાવવાની પણ જરૂર છે. એના ઉપર નિયમિતપણે તેલ લગાડવું અને દડાને અફાળીને એને બરાબર 'સીઝન' કરવું. જો કે આજે અગાઉ જેટલી બેટને તૈયાર કરવાની વિધિ રહી નથી. વળી, પોલિમોરયુકત કે પ્લાસ્ટિકનું કવર ધરાવતાં બેટ તો તુરત વાપરી શકાય છે. આ બેટને માત્ર ચોખ્ખા રાખવા માટે કપડાથી લૂછવાની જરૂર રહે છે. લાકડાનાં બેટને એક વખત જ તેલ લગાડવાનું હોય છે. અને એ માટે ઉત્પાદક બેટ ઉપર જ સૂચના લખતા હોય છે. છતાં એટલું તો સાચું કે આવા બેટનો ઉપયોગ કરતાં પહેલાં દડાથી એને બરાબર અફાળીને સીઝન કર્યું હોય તો સારું રહે. 'સીઝન' કરવું એટલે દડાને અનેક વાર અફાળીને બેટથી ફટકારવો. ક્યારેક દડાને બેટ પર જોરથી અથડાવીને અથવા તો ગોલંદાજને સાવ નજીક ઊભો રાખીને એણે નાખેલા દડાને વારંવાર ફટકારીને બેટને સીઝન કરવામાં આવે છે, આ રીતે બેટની સપાટી સખત કરાય છે. વળી, બને ત્યાં સુધી બેટને ભીનું થવા દેવું નહીં તેમજ વધુ પડતું ઓઈલિંગ પણ કરવું નહીં. બેટના હાથા પર રબર ચડાવવાથી બેટ્સમેનની હાથા પરની પકડ મજબૂત રહે છે. સીઝન પૂરી થયા પછી બેટને ફરી ઓઈલિંગ કરીને વોટરપ્રૂફ કવરમાં મૂકવું જોઈએ.

આમ રમતી વખતે બેટ ખેલાડીને પોતાના શરીરનો જ એક ભાગ હોય તેમ લાગવું જોઈએ. એક સામાન્ય વાત એવી છે કે જે ખેલાડી દડાને લેટ-કટ, હૂક કે શોર્ટ-કટથી ફટકારતો હોય, એણે ટૂંકા હાથાવાળું બેટ વાપરવું. જો વિકેટ પર આગળ વધીને ડ્રાઈવ લગાવતો હોય તો એણે લાંબા હાથાનું બેટ વાપરવું. જોકે અનુભવે આ ખ્યાલ ખોટો લાગે છે.

ક્રિકેટની રમતના આરંભકાળમાં બેટ એ લાકડી જેવું હતું. એ પછી નીચેથી થોડું વાંકુ હતું. ત્યાર બાદ આજના બેટનો આકાર અસ્તિત્વમાં આવ્યો. પહેલાં દડો નીચેથી નખાતો (અન્ડર આર્મ ગોલંદાજી) હતો, અને તેથી એ સમયનું બેટ પણ આવા દડાનો મુકાબલો કરે તેવું હતું. એ બેટનું વજન એના નીચેના ભાગમાં આવતું અને એનો છેડો હોકી સ્ટિકની માફક થોડો વળેલો રાખવામાં આવતો. આજનું બે બાજુ ખભા ધરાવતું સીધું બેટ ઇ.સ. ૧૭૭૩માં હેમ્પશાયરના જહોન સ્મોલે બનાવ્યું અને વળાંકવાળા બેટમાંથી સીધા બેટનું પરિવર્તન ઇ.સ. ૧૭૮૦ પહેલાં પૂરું થયું. આ દિવસોમાં અને એ પછીના ઘણાં વર્ષો સુધી એક જ ટુકડામાંથી બેટ બનાવવામાં આવતું. ઇ.સ. ૧૮૫૩માં લાકડાના ટુકડા સાથે નેતરનું હેન્ડલ રાખવાની ક્રાંતિ થઈ અને આ નેતરનો હાથો એ બેટની ઉત્ક્રાંતિમાં સીમાચિન્હરૂપ ગણાય છે.

દુનિયાનું સૌથી જૂનું બેટ ઇંગ્લૅન્ડના ઓવલના મેદાનમાં આવેલા પેવેલિયનમાં જોવા મળે છે. આ બેટ ઉપર 'જે.સી.' એમ લખ્યું છે, અને એના પરથી આ બેટ ઇ.સ. ૧૭૨૯ માં થયેલા જહોન ચિટ્ટીનું માનવામાં આવે છે. હોકી સ્ટિકનો આકાર ધરાવતા આ બેટનું વજન ૨ પાઉન્ડ અને ૪૦ ઔંસ છે. જૂના સમયમાં જુદાજુદા આકાર અને સાઈઝનાં બેટ જોવા મળે છે. પરંતુ ૧૭૭૧ની ૨૩મી સપ્ટેમ્બરે ઇંગ્લૅન્ડના હેમ્બલડનમાં રિંગેટ કલબ તરફથી થોમસ 'શોક' વ્હાઈટ વિકેટ કરતાં પણ પહોળું બેટ લઈને રમવા આવ્યો. આને પરિણામે બે દિવસ બાદ હેમ્બલડન કલબની સમિતિએ બેટની પહોળાઈ માપવા માટે એક ધાતુની પટ્ટી રાખી હતી. બેટની લંબાઈ અંગે છેક ૧૮૩૫ માં નિયમ કરવામાં આવ્યો. એની લંબાઈ ૩૮ ઈંચ રાખવાનું કહેવામાં આવ્યું, જે આજે પણ અમલમાં છે, આજે ક્રિકેટના કાયદાની છઠ્ઠી કલમમાં બેટની પહોળાઈ ૧૦.૮ સે.મી (સવા ચાર ઈંચ) અને લંબાઈ ૯૬.૫ સે.મી (૩૮ ઈંચ) રાખવાની નોંધ મળે છે. થોડાં વર્ષ પહેલાં ઑસ્ટ્રેલિયાના ઝડપી ગોલંદાજ ડેનિસ લીલી પર્થમાં ખેલાયેલી ટેસ્ટમાં એલ્યુમિનિયમનું બેટ લઈ રમવા આવ્યો હતો. આ સમયે ઇંગ્લૅન્ડના સુકાની માઈક બ્રેયર્લેએ વાંધો ઉઠાવ્યો હતો. અમ્પાયરે મેદાન પર થોડી ચડભડ થયા પછી ડેનિસ લીલીનું એલ્યુમિનિયમનું બેટ માન્ય રાખ્યું નહોતું. □

કલાવાર્તા

પ્રા નંદુભાઈ પંડ્યા



પ્રાધ્યાપક નંદુભાઈ પંડ્યા છે તો કલાકાર, પણ તે ઉપરાંત, લેખન અને કાવ્યસર્જનમાં પણ એમને ઊંડો સક્રિય રસ છે. નિખાલસ સ્વભાવ અને સતત કાર્યશીલતાના એ આગ્રહી. ચિંતન-મનનમાં એટલા રત રહે કે ઘણી વાર વાતો કરતાં કરતાંયે એમાં ખોવાઈ જાય.

ગુજરાતના મહેસાણા જિલ્લાના વિઠોડા ગામમાં મોટાભાઈ મૂળશંકરની છત્રછાયામાં એમનો ઉછેર અને વિકાસ થયો. ખેરાલુ મ્યુનિસિપલ હાઈ સ્કૂલમાંથી મેટ્રિક થઈ તેમણે મુંબઈમાં સર જે. જે. સ્કૂલ ઓફ આર્ટમાંથી ૧૯૬૮માં ડિપ્લોમાની પરીક્ષા પહેલા વર્ગમાં પાસ કરી. થોડો સમય જાણીતા કલાકાર અને ડાયરેકટર શ્રી માધવ સાતવળેકર પાસે એમના 'ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ'માં કામ કર્યું અને તે પછી છેલ્લાં ૧૮ વર્ષથી તેઓ 'એસ.એન.ડી.ટી. મહિલા વિદ્યાપીઠ'માં જોડાઈ હાલ ત્યાંના કલાવિભાગના અધ્યક્ષ તરીકે સેવા આપી રહ્યા છે.

સંઘર્ષ જાણે એમના જીવન સાથે વણાઈ ગયો છે. બચપણમાં પિતાની છત્રછાયા ખોઈ અને પત્ની જશોદાબહેને નાની વયે જ આંખો ગુમાવી. અલબત્ત, આમ છતાં જશોદાબહેનનો એમને ઘણો સાથ મળ્યો છે. ત્રણ બાળકો અને વૃધ્ધ માતાની સંભાળ રાખવા ઉપરાંત તેઓ પતિને અનેક રીતે સહકાર આપે છે.

ચિત્રકામમાં નંદુભાઈ પ્રયોગશીલ રહ્યા છે. પાંચ વાર એમણે નિજી ચિત્રપ્રદર્શનો પણ કર્યાં છે. અન્ય ચિત્રપ્રદર્શનોમાં પણ તેઓ ભાગ લેતા રહે છે. હમણાં જ 'વિશ્વગુર્જરી' - યોજિત 'ચિત્રગુર્જરી-૯૦'માં એમના ચિત્રને ભારે પ્રશંસા પ્રાપ્ત થઈ હતી. 'બોમ્બે આર્ટ સોસાયટી', 'આર્ટ સોસાયટી ઓફ ઈન્ડિયા' અને 'આર્ટિસ્ટ સેન્ટર' સાથે પણ તેઓ સંકળાયેલા છે. અનેક ચિત્રસ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકે તથા કલાનિષ્ણાત તરીકે પણ તેમણે ઘણીવાર સેવા આપી છે. કલાના સેમિનારનું પણ એમણે આયોજન કર્યું છે, અને સ્વાભાવિક રીતે જ એમણે અનેકવાર પારિતોષિકો પણ પ્રાપ્ત કર્યાં છે.


પોતાના વતન ખેરાલુમાં એક કલા-સંગ્રહસ્થાન કરવાની એમની મહેચ્છા છે. પરંતુ તેઓ માત્ર કલાકાર જ નથી. સાહિત્યમાં પણ એમને એટલો જ રસ છે અને એક કવિ-ગઝલકાર તરીકે પણ તેમની નામના છે. અનેક ગુજરાતી દૈનિકો તથા સામાયિકોમાં તેઓ વાર્તાઓ, ટૂંકાં વિવેચનો, કલાસમીક્ષા તેમજ અન્ય પ્રકારના વિવિધ લેખો આપતા રહ્યા છે. કોલેજની રજાઓ દરમ્યાન ઉત્તર ગુજરાતની હાઈ સ્કૂલોમાં કલાવિષયક વ્યાખ્યાનો આપી તેઓ ગ્રામીણ પ્રજામાં કલાની સમજણ ફેલાવવા સાથે તેનો રસાસ્વાદ કરાવે છે. પોતાની આવી બહુમુખી પ્રતિભાનો તેઓ ગુજરાતને જે લાભ આપી રહ્યા છે તે ખરેખર પ્રશંસનીય અને અભિનંદનીય છે.


- જયંત સિધ્ધપુરા



ત્રણ બહેનો

નંદુભાઈની બે ચિત્રકૃતિઓ
નીચે : ધ્વનિ
સામી બાજુ : મારાં પ્રિય વૃક્ષો






સાહિત્યસંપર્ક

સાહિત્ય અકાદમી (દિલ્હી)નો પ્રથમ અનુવાદ પુરસ્કાર

કાકાસાહેબે અનુવાદકને સંસ્કૃતિનો એલચી કહી અનુવાદની પ્રવૃત્તિનો મહિમા કર્યો છે. આમ છતાં ય આપણે ત્યાં અનુવાદ-પ્રવૃત્તિનો મહિમા જોઈએ તેવો સ્વીકારાયો નથી. આ વર્ષે દિલ્હીની સાહિત્ય અકાદમીએ અનુવાદને પણ સ્વતંત્ર પારિતોષિક આપવાનો સ્વીકાર કરી એની મૂલ્યવત્તાનું યોગ્ય ગૌરવ કર્યું છે એ બદલ સાહિત્ય અકાદમી ધન્યવાદને પાત્ર છે.

અનુવાદનું આ પ્રથમવારનું પારિતોષિક આપણી ભાષાના પ્રથમ કક્ષાના અનુવાદક નગીનદાસ પારેખને એનાયત થાય છે તેનું ઔચિત્ય સ્વતઃસિદ્ધ છે. નગીનદાસ પારેખે ૧૨૫થી પણ વધુ અનુવાદનાં પુસ્તકો આપ્યાં છે, અને તે પણ બંગાળી, મરાઠી, અંગ્રેજી એમ વિવિધ ભાષામાંથી વિવિધ ભાષામાંથી વિવિધ પ્રકારનાં ઉત્તમ પુસ્તકોને આમ અનુવાદ દ્વારા આપણા વાચકસમાજ સુધી સુલભ કરી આપવાનું તેમનું કાર્ય આપણી ભાષામાં એમની ચિર સ્મરણીય સેવા લેખાશે. અનુવાદની એમની મહત્ત્વની પ્રવૃત્તિનો આ રીતે પુરસ્કાર થયો છે તેમાં એમના સંમાન



નગીનદાસ પારેખ

સાથેસાથે અનુવાદ - પ્રવૃત્તિનું પણ સંમાન થયું છે.

નગીનદાસ પારેખનો જન્મ ૩૦ ઑગસ્ટ ૧૯૦૩માં વલસાડ ખાતે થયેલો. તેમણે પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ વતન વલસાડમાં લીધેલું. અસહકારની લડતમાં સક્રિય રહી મૅટ્રિકની પરીક્ષા પડતી મૂકી ૧૯૨૧માં ગૂજરાત વિદ્યાપીઠની 'વિનીત'ની પરીક્ષા પસાર કરી. ૧૯૨૫ સુધી ગુજરાત વિદ્યાપીઠ-સંચાલિત ગૂજરાત મહાવિદ્યાલયમાં અભ્યાસ કર્યો. આ ગાળામાં જ એમણે અનુવાદ- પ્રવૃત્તિ શરૂ કરી. એમણે રા. વિ. પાઠક અને ઈન્દ્રભૂષણ મજમુદાર પાસે અનુક્રમે ગુજરાતી અને બંગાળીનો અભ્યાસ કરી 'ભાષાવિશારદ'ની પદવી પ્રાપ્ત કરી . ૧૯૨૫-૨૬માં ગુજરાત વિદ્યાપીઠે એમને બંગાળીનો અભ્યાસ કરવા વિશ્વભારતી, શાંતિનિકેતનમાં મોકલ્યા હતા, જ્યાં તેઓ ક્ષિતિમોહન સેન અને રવીન્દ્રનાથના પ્રત્યક્ષ પરિચયમાં આવ્યા અને તેમની પાસે અભ્યાસ કરવાનું સદ્ભાગ્ય સાંપડ્યું. ત્યાંથી પાછા ફરી ૧૯૨૬માં ગૂજરાત વિદ્યાપીઠમાં અધ્યાપક તરીકે જોડાયા. ૧૯૪૪થી૪૭ સુધી 'નવજીવન પ્રકાસન મંદિર'માં કામ કર્યું. ત્યાર પછી ગુજરાત વિદ્યાસભા-સંચાલિત ભો.જે.વિદ્યાભવનમાં અધ્યાપક થયા. ઈ.સ. ૧૯૫૫ થી ૧૯૬૯ સુધી હ.કા.આર્ટસ કોલેજમાં ગુજરાતીના અધ્યાપક અને થોડો સમય એ કોલેજના ઉપાચાર્યપદે પણ રહ્યા. ૧૯૬૯માં નિવૃત્ત થયા પછી પણ એઓ એમની માનીતી અનુવાદ પ્રવૃત્તિમાં સતત પ્રવૃત્ત રહ્યા છે. ૧૯૭૮માં એમણે મૈત્રેયીદેવીની નવલકથા 'ન હન્યતે'નો ગુજરાતી અનુવાદ આપ્યો જેની એક વર્ષથી પણ ઓછા ગાળામાં બીજી આવૃત્તિ થઈ. એમના આ અનુવાદ - પુસ્તકને આ વર્ષનો સાહિત્ય અકાદમી પુરસ્કાર એનાયત થયો છે.

એમના અનુવાદોમાં 'ગીતાંજલિ અને બીજાં કાવ્યો', 'તીર્થસલિલ', 'પૂર્વ અને પશ્ચિમ', 'નિઃસંતાન', 'વિસર્જન', 'પૂજારિણી અને ડાકઘર', 'સ્વદેશી સમાજ', 'ઘરે બાહિરે', 'ચતુરંગ અને બે બહેનો', 'નૌકા ડૂબી',

ઇરવિંગ વૉલેસ



કહેવાય છે કે વિશ્વના ગણ્યાગાંઠ્યા લોકપ્રિય અને મહત્તમ વાચક વર્ગ ધરાવતા લેખકોમાં ઇરવિંગ વૉલેસ પણ એક છે. એમની નવલકથાઓના આકર્ષણનું એક પાસું એમાંનો રાજકીય કટાક્ષેદાર છે. આમ તો એમણે પાંત્રીસેક ગ્રંથોનું સર્જન કર્યું છે; પણ 'ધી ચેપમન રિપોર્ટ', 'ધ થ્રી સાઈરન્સ', 'ધ પ્રાઈઝ', 'ધ સેવન્થ સિક્રેટ', 'ધ મિરેકલ' આદિ એમની કીર્તિદા કૃતિઓ છે. એમની રોચક અને રોમાંચક શૈલી તથા વિષયનિરૂપણની અને પ્રસંગજમાવટની કુશળતા સહુને જકડી રાખે છે. ઇરવિંગની નવલકથાઓ માત્ર તાલમેલિયા વસ્તુવિધાનથી મંડિત નથી. એમાં સાંપ્રત રાજકીય-સામાજિક સમસ્યાઓનું ચિત્તને જકડી રાખે તેવું નિરૂપણ જોવા મળે છે.

એમનો પરિવાર પત્ની સીલ્વિઆ, પુત્ર ડેવિડ અને પુત્રી એમીનો બનેલો છે. બીજા વિશ્વયુદ્ધના ગાળામાં એમણે અમેરિકન લશ્કરી સેવાઓ બજાવેલી. એમનો આ પ્રત્યક્ષ અનુભવ એમની કેટલીક રચનાઓના નિર્માણમાં ઉપકારક બન્યો છે. એઓ જ્યા લશ્કરમાં હતા ત્યારે અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ રોનાલ્ડ રેગન પણ એમની સાથે હતા. ત્યારથી એ બન્ને વચ્ચે મૈત્રીસંબંધો બંધાયેલા.

લગભગ છએક માસ પૂર્વે એમને પેંક્રિઆસના કેન્સરની બિમારીનું નિદાન થયેલું. ૨૭મી જૂન અને બુધવારે એમને લૉસ એન્જિલીસની 'સિડાર્સ સિનાઈ મેડિકલ સેન્ટર' નામક હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ૨૯મી જૂન અને શુક્રવારે એમનું ૭૪ વર્ષની વયે અવસાન થયું ત્યારે તેમનાં પત્ની અને પુત્ર-પુત્રી ની ઉપસ્થિતિમાં, 'સેટરડે રિવ્યૂ' નામક સામયિકના મતાનુસાર, વિશ્વના પાંચ લોકપ્રિય અને ખૂબ વંચાતા આ લેખકનો જીવનદીપ બુઝાયો એ અત્યંત કરુણ ઘટના છે.

'પલ્લીસમાજ', 'ચંદ્રનાથ', 'પથેર દાબિ', 'પરિણીતા', 'કાવ્યવિચાર', 'કાવ્ય જિજ્ઞાસા', 'કાવ્યમાં આધુનિકતા', 'સાહિત્યવિવેચનના સિદ્ધાંતો', 'સાહિત્યમાં વિવેક', 'બાઈબલ'નો અનુવાદ, આદિ મહત્ત્વના કેટલાક ગ્રંથોમાંના છે.

એમણે અનુવાદ ઉપરાંત વિવેચનક્ષેત્રે પણ નોંધાત્ર પ્રદાન કર્યું છે. એઓ સ્વસ્થ પ્રકૃતિના તટસ્થ વિવેચક છે. એમની ભાષા સીધી - સાદી ને પારદર્શક છે. એમના વિવેચનલેખોના સંગ્રહ 'અભિનવનો રસવિચાર અને બીજા લેખોને' સાહિત્ય અકાદમીનો ૧૯૭૦નો પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. 'વીક્ષા અને નિરીક્ષા', 'પરિચય અને પરીક્ષા', 'સ્વાધ્યાય અને સમીક્ષા', એમનાં અન્ય ગણનાપાત્ર વિવેચનલેખોના સંગ્રહો છે. એમણે 'નવલરામ', 'મહાદેવ દેસાઈ', 'પ્રેમાનંદ' અને 'ગાંધીજી' જેવાં જીવનચરિત્રો પણ આપ્યાં છે. એમણે વાર્તાઓ અને કાવ્યો પણ રચ્યાં છે. 'સાબરમતી' અને 'બુદ્ધિપ્રકાશ'નું કેટલોક સમય તેમણે સંપાદન પણ કરેલું.

આવા આજીવન સ્વાધ્યાયરત સારસ્વતનું સાહિત્ય અકાદમી (દિલ્હી) દ્વારા સમુચિત સંમાન થયું છે તે બદલ નગીનભાઈને અનેકાનેક અભિનંદનો અને સાથે સાથે અનુવાદ પ્રવૃત્તિનો આમ સ્વતંત્ર પ્રકાર તરીકે સ્વીકાર કરવા બદલ સાહિત્ય અકાદમીને પણ અભિનંદન.

અવલોકનો

શ્યામ-સુહાગી

(લે. રઘુવીર ચૌધરી, રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ, પૃ. ૩૧૨ કિં. રૂ.૫૦/-,

આપણા ખ્યાતનામ સર્જક શ્રી રઘુવીર ચૌધરીની આ નવલકથા એક વિશિષ્ટ દૃષ્ટિબિંદુ સાથે લખાયેલી છે. અઢારમી સદીના અંતમાં દેશમાં જે અનવસ્થા પ્રવર્તતી હતી એ સમયે શ્રી સહજાનંદ સ્વામી - શ્રીજી મહારાજે ગુજરાત - સૌરાષ્ટ્ર - કચ્છમાં વિચરણ કરેલું અને ઓગણીસમી સદીના પ્રથમ ત્રણ દાયકા દરમ્યાન પશ્ચિમ ભારતમાં હિન્દુધર્મની મૂચ્છ દૂર કરવા એમણે જે અવિરત પ્રયત્ન કર્યો હતો એનું ચિત્ર આલેખવાનો આ ઉપક્રમ છે. શ્રીજી મહારાજના જીવનકાર્યને અહીંની સાંસ્કૃતિકઐતિહાસિક પરિસ્થિતિના પરિપ્રેક્ષ્યમાં લેખકે નિરૂપ્યું છે. અજ્ઞાન-અંધશ્રદ્ધા ઘટાડવામાં, શ્રમજીવી વર્ગને અપનાવવામાં અને માનવતાવાદી કાર્યોના ઉત્કર્ષમાં શ્રીજીના પ્રદાનને વિવિધ રસમય પ્રસંગોની ગૂંથણી દ્વારા લેખકે વર્ણવ્યું છે. લેખકને સ્વામીધર્મ પ્રત્યે જે ભકિત અને પ્રીતિ છે એને કારણે નવલકથામાંથી સર્વ પરિસ્થિતિઓ વળીવળીને શ્રીજીના પ્રભાવને નિરૂપવા તરફ વળે છે અને એને કારણે કૃતિને થોડોક સાંપ્રદાયિક ઝોક આપે છે

નવલકથામાં દેશી રજવાડાની ખટપટનું ચિત્ર અસરકારકતાથી વર્ણવાયું છે. લોભી દગાબાજ કોટવાલ, મુત્સદ્દી દીવાન, છીછરા કર્મકાંડી પંડ્યાજી અને શાસ્ત્રજ્ઞ પંડિતજી વિષ્ણુદેવ જેવાં અનેક પાત્રો સાથે વીર બલભદ્રસિંહ અને રત્નપ્રભા, નિર્મલહૃદયી શ્યામ અને સંવેદનશીલ સુહાગી વગેરેની પાત્રરેખાઓ સબળતાથી ઊપસી છે. એમાં સ્નેહની સૂક્ષ્મ સંવેદનાવાળી-સંસારમાં રહીને સાધુચરિત બની શકાય એવા લક્ષ્યને તાકતી શ્રીજીના સત્સંગીને સ્વીકાર્ય એવા શ્યામ - સુહાગીના પ્રેમની સેરને નવલકથામાં સતત વહાવતા રહેવાનું કૌશલ લેખકે દર્શાવ્યું છે. આ ધર્મમાંની સાત્ત્વિક રસિકતાને આ દ્વારા લેખકે ઉઠાવ આપ્યો છે.

નવલકથામાં સ્વામી સંપ્રદાયના સંતો અને પ્રસિધ્ધ બહારવટિયાઓની કથાને સ્વામીધર્મનો પ્રભાવ દર્શાવવા, કવચિત ચમત્કારના નિરૂપણ દ્વારા પણ લેખકે વર્ણવી છે. પત્રરૂપે ચાલતું પ્રવાસ વર્ણન, શ્રીજીનું અને દ્વારકા-સમુદ્રનું વર્ણન આસ્વાદ્ય બન્યું છે. લેખકનું લક્ષ્ય સ્વામીધર્મનો પ્રભાવ વર્ણવવાનું રહ્યું છે તો સાથે આજની વ્યાપક પ્રદૂષણની ભીંસને શ્યામ-સુહાગી, બલભદ્ર-રત્નપ્રભા અને પં. વિષ્ણુદાસ જેવાંનાં પાત્રોના વર્તન દ્વારા એનો પ્રતિકાર થઈ શકે કે કેમ એ તપાસવાનું દેખાય છે. પરંતુ શ્રીજીના પ્રભાવક નિરૂપણમાં એ રેખાઓ પૂરેપૂરી ઉઠાવ પામી શકી નથી.

- ચિમનલાલ ત્રિવેદી

સમજપૂર્વક

(લે. રમેશ ર. દવે, હર્ષ પ્રકાશન, અમદાવાદ, પૃ. ૩૪૬, કિં. રૂ.૫૬.)

શ્રી રમેશ ર. દવેએ એમની પ્રથમ નવલકથા 'પૃથિવી'માં બે પુરુષ અને એક સ્ત્રી વચ્ચેના દામ્પત્યની સમસ્યાનું નિરૂપણ કર્યું હતું. આ એમની બીજી નવલકથા 'સમજપૂર્વક'માં એક પુરુષ અને બે સ્ત્રીઓ વચ્ચેના સંબંધની સમસ્યા આલેખી છે.

યુનિવર્સિટીના ભાષાભવનમાં અધ્યાપક તરીકે નિયુકત થતા ગૌરવ તરફ એની સહ-અધ્યાપિકા પ્રૌઢ વિદુષી લાવણ્ય આકર્ષાય છે ત્યાંથી કથાનો આરંભ થાય છે. ગૌરવ, શ્રાવણી નામની યુવતી સાથેના એના સંબંધને પ્રમાણે છે અને સ્વીકારે પણ છે. પરંતુ પોતાનાં માતાપિતાની દુણાયેલી ગૃહસ્થી અને કિશોરવયે પોતે કરેલા જાતીય સંબંધના અનુભવથી ગૌરવ, લગ્નસંસ્થા પ્રત્યે ઉદાસીન છે. આ સ્થિતિમાં તે એ બેમાંથી કોઈ પણ એક સાથે લગ્નસંબંધની સંભાવનાનો અસ્વીકાર કરીને માત્ર મૈત્રીસંબંધથી જ સંતુષ્ટ રહેવા ચાહે છે. આ સ્થિતિમાં તે લાવણ્ય કે શ્રાવણી એવો દ્વિધાભાવ અનુભવતો નથી.

લાવણ્ય અને શ્રાવણીના આગ્રહથી ગૌરવ આત્મકથાત્મક નવલકથા લખે છે. એને કારણે નવલકથાના વાચકો એના જીવનના શૈશવની તેમજ યુવાનીનાં વર્ષોની કથાથી પરિચિત થાય છે. એ રીતે નવલકથામાં નવલકથા ગૂંથવાની પ્રયુકિતનો લાભ લઈને લેખક રચનાતરેહના વૈવિધ્યથી કથાપ્રવાહને સતત વહેતો રાખવામાં સફળ થાય છે.

નવલકથાની કથાસંઘટના ચુસ્ત છે, અને પાત્રોનું નિરૂપણ પ્રતીતિકર રીતે થયું છે. એથી નવલકથા રોચક બની છે. લેખકે પોતાની શિક્ષણસૃષ્ટિના અનુભવોને અહીં મુખરિત થવા દીધા છે. જોકે ગ્રામવિદ્યાપીઠનો

પ્રાકૃતિક વૈભવ અહીં મનોહરતાથી નિરૂપાયો છે, અને પાત્રોનાં કેટલાંક મનોધમસાણો પણ કુશળતાથી અભિવ્યકત થયાં છે. લેખકે એક સ્થળે લખ્યું છે: 'સમજપૂર્વક જીવાય તો તાટસ્થ્ય કે નિરપેક્ષતાની જરૂર પણ ન રહે. વળી માણસ તટસ્થ કે નિરપેક્ષ રહી રહીને કયાં સુધી રહેવાનનો ? હા, લાગણી લાગણી રહે, બોજ ન બની જાય એટલી સમજ દાખવીએ તો વાંધો ન આવે.' આ જીવન-સમજને અહીં કલાદેહ આપવાનો પ્રયત્ન થયો છે ને એમાં લેખકને ઠીકઠીક સફળતા મળી છે. - ચિમનલાલ ત્રિવેદી

શહેરની શેરી

સ્વ. જયંતિ દલાલના આ વિશિષ્ટ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ૧૯૪૮માં પ્રગટ થયેલી. ૧૯૫૭ પછી છેક ૧૯૯૦માં એનું બીજી વાર પુનર્મુદ્રણ થાય છે તે આનંદદાયક ઘટના છે. શહેરની શેરીનું વાતાવરણ આબેહૂબ સ્વરૂપે રજૂ કરતા આ ગ્રંથમાં જયંતીભાઈની અમદાવાદ શહેરની સઘન પ્રત્યક્ષ અનુભૂતિ વિશિષ્ટપણે હૃદ્ય ગદ્યમાં અવતરવા પામી છે. આજે તો શહેરની શેરીનું ચિત્ર બદલાઈ ગયું છે ત્યારે આજથી પચાસેક વર્ષ પૂર્વેની આ કટાક્ષ અને વાસ્તવતરબોળ નગરકથા આનંદ આપ્યા વગર નહિ રહે. (પ્રકા. આર.આર.શેઠની કંપની, ફુવારા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૧, ક્રાઉન પૃ. ૧૭૯, કાચું પૂઠું, રૂ. ૩૦)

ભીષ્મની બાણશય્યા ભાગ ૧-૨

મહાભારતમાં ભીષ્મનું પાત્ર અનોખું છે. એ પાત્રને કેન્દ્રમાં રાખીને પૌરાણિક માહોલ ખડું કરતી આપણા જાણીતા લેખક પન્નાલાલ પટેલની કલમે લખાયેલી આ પૌરાણિક નવલકથા એમાં ભળેલા લેખકના કલ્પના અને શૈલીવૈભવથી સુવાચ્ય બની છે. વળી, ભીષ્મના પાત્રને નવા દૃષ્ટિકોણથી જોવાનું પન્નાલાલનું સર્જનાત્મક સાહસ પણ અહીં એના અર્થઘટનની દિશાને નવો વળાંક આપે તેવું છે. (પ્રકા.સાધના પ્રકાશન, ૩૦, સ્પેકટ્રમ કોમ. સેન્ટર, અમદાવાદ-૧, ક્રાઉન કદ, પાકું પૂંઠું, બંને ભાગના કુલ પૃ. ૧૦૯૨, ૧લો ભાગ કિં. રૂ. ૯૦ બીજો ભાગ રૂ. ૮૫)

જયન્ત પાઠકનાં કાવ્યો

જાણીતા કવિ જયન્ત પાઠકનાં કાવ્યોમાંથી પસંદ કરાયેલાં કેટલાંક કાવ્યોનું આ સંપાદન કવિ ઉશનસે કરેલું છે. આદર્શ પ્રકાશનની આ 'કાવ્ય સંચયશ્રેણી' કાવ્ય રસિકોને તો ઉપયોગી છે જ, પરંતુ અન્યોની કાવ્યાભિમુખતા સંકોરવામાંય સહાયભૂત થઈ શકે તેવી છે. આ પ્રકારનાં સંપાદનો વધુ ને વધુ થતાં રહે તો જનસામાન્યની સાહિત્યરુચિનું ઘડતર કરવામાં તે મહત્ત્વનો ફાળો આપી રહેશે. સંચયના આરંભે જયન્ત પાઠકની કવિતા વિશે શ્રી ઉશનસનો વિસ્તૃત અભ્યાસલેખ અને અંતે મુકાયેલ રમેશ એમ. ત્રિવેદીનું ટિપ્પણ પણ આ ગ્રંથની ઉપયોગિતામાં ઉમેરો કરે છે. (પ્રકા. આદર્શ પ્રકાશન, ગાંધી માર્ગ, જુમ્મા મસ્જિદ સામે, અમદાવાદ-૧, ક્રાઉન પૃ. ૯૬, કાચું પૂઠું, રૂ. ૧૭.૫૦)

સ્વર્ગમાંથી પતન

મહાન અંગ્રેજ કવિ મિલ્ટનનું મહાકાવ્ય 'પૅરેડાઈઝ લૉસ્ટ' દુનિયાનાં સાત મહાકાવ્યોમાંનું એક છે. ઈંગ્લૅન્ડમાં રાજકીય પરિવર્તનના ઐતિહાસિક તબક્કે કવિ મિલ્ટને આ મહાકાવ્યમાં ધર્મનો પ્રશ્ન ચર્ચાય છે. આ બધી જ ચર્ચાઓ કલાકીય ભૂમિકાએથી કરાઈ છે, એટલે પણ આ કૃતિનો મહિમા અનેકગણો વધ્યો છે.

આવી એક વિશ્વખ્યાત કાવ્યકૃતિનો આ ગુજરાતી અનુવાદ શ્રી દુષ્યંત પંડ્યાએ કર્યો છે. વિષયવસ્તુ અને શૈલીસ્વરૂપના મૂળના ગાંભીર્યને એમણે આપણી ભાષામાં અનુષ્ટુપ છંદમાં ઉતાર્યું છે. વચ્ચે વચ્ચે કેટલોક ભાગ ગદ્યમાં અનુવાદિત કર્યો છે. જ્યાં જ્યાં જરૂર જણાઈ છે ત્યાં ત્યાં પાદટીપો પણ મૂકવામાં આવી છે. આ મહાકાવ્યના દસેય ખંડના આરંભે એ ખંડમાંની વાર્તાનો ટૂંક સાર પણ આપવામાં આવ્યો છે. અનુવાદની ભાષા સરળ ગાંભીર્યને ધારણ કરે છે, અને મૂળને વફાદાર રહીને તે ચાલે છે. આથી ગુજરાતી વાચકને મૂળ કૃતિના સંદર્ભો સમજવામાં સહાય થશે અને એટલે અંશે આસ્વાદ વધુ સારી રીતે કરી શકાશે.

આવા એક મહાન કાવ્યગ્રંથનો ગુજરાતીમાં અનુવાદ સુલભ કરાવી આપ્યો છે ગંગોત્રી ટ્રસ્ટે. ભારે નેચરલ શેઈડના કાગળ પર સુંદર મૉનોટાઈપની છપાઈને કારણે બાહ્ય સ્વરૂપે પણ પુસ્તક આકર્ષક બન્યું છે. સૌ કવિતાપ્રેમીઓએ વસાવવા જેવું આ પ્રકાશન આપણી ભાષાના સાહિત્યમાં સીમાસ્તંભરૂપ ઉમેરો છે. અનુવાદક અને પ્રકાશક બન્ને ધન્યવાદને પાત્ર છે.

(પ્રાપ્તિસ્થાન : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૧; ક્રાઉન પૃ. ૩૩૫, કાચું પૂઠું, રૂ. ૫૦)

(માધુકરી અનુસંધાન પૃ. ૧૮૧ થી)

એક ઊગતી ગણિતપ્રતિભા

ગયા જુલાઈની ૧૨મીથી ૧૫મી તારીખમાં ચીનમાં બેજિંગ ખાતે એક આંતરરાષ્ટ્રિય ગણિતસ્પર્ધા યોજાઈ હતી. ચોપન દેશના વિદ્યાર્થીઓએ તેમાં ભાગ લીધો હતો. આમાં ૪૨માંથી ૩૯ માર્ક્સ મેળવીને ૧૬ વર્ષના કિરણ કોડલાયા નામના એક વિદ્યાર્થીએ ૯મું સ્થાન મેળવ્યું અને પોતાની ટીમને ૩જું સ્થાન અપાવ્યું હતું. પ્રથમ સ્થાને ચીનની અને બીજા સ્થાને સોવિયેત સંઘની ટીમ આવી હતી. પ્રથમ વીસ સ્થાનમાં આવનાર સ્પર્ધકોને સુવર્ણચંદ્રક અપાયા હતા.

કિરણ કોડલાયાના પિતા મૂળ ભારતીય છે, અને અમેરિકામાં સ્થાયી થયા છે. એ કહે છે કે કિરણ બે વર્ષની વયથી જ પુસ્તકો વાંચતો થયો છે અને નાની વયમાં જ એણે ઘણાં તબીબી પુસ્તકોનો અભ્યાસ કર્યો છે. હાલ કિરણ વૉશિંગ્ટનમાં એક ખાનગી શાળામાં દસમી કક્ષામાં ભણે છે, અને અમેરિકાની મેરીલૅન્ડ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓને ગણિત શીખવે છે. અસોસીએશન ઑવ ઈન્ડિયન્સ ઇન અમેરિકાએ પણ 'રામાનુજમ્ એવૉર્ડ'ના સુવર્ણચંદ્રક દ્વારા કિરણની પ્રતિભાને નવાજી છે. વિખ્યાત ભારતીય ગણિતશાસ્ત્રી રામાનુજમની સ્મૃતિમાં આ એવૉર્ડની રચના થએલી છે. □

માધુકરી

મેહુલિયો વંન વંન વરસ્યો જાય.
ફૂંવે ફૂંવે તે રંગલેયું ચડે રે
એવી શોભે વસુંધરાની કાય.
પીળાં તે પાન કેરી ડમરી શમી ને
ભીની ધરતીની આવતી સુગંધ,
નીરવ એકાન્ત કેરી કુંજ મહીં નાચંતો
ટહુકી રહેલ નીલકંઠ ;
નેવલાં સરવર-જલ છલકાય.
રાજેન્દ્ર શાહ ('શ્રુતિ'માંથી)

વીરનગરનું નેત્રચિકિત્સાલય

વીરનગરમાં રાજકોટથી ત્રીસેક કિલોમીટર દૂર, ૮૪ વર્ષના સંત ડૉ. શિવાનન્દ અધ્વર્યનું નેત્રચિકિત્સાલય ચાલે છે. મૂળ રહેણાકના બંગલાનું આ ચિકિત્સાલયમાં રૂપાંતર કરવામાં આવ્યું છે. દર મહિને સરેરાશ સો-સવાસો દર્દીઓ મોતિયો, ઝામર વગેરેની શસ્ત્રક્રિયા માટે આવે છે. ત્યાં ડૉ. શિવાનન્દના સાથી ડૉક્ટરો શ્રી વર્મા (રાજસ્થાન) તથા શ્રી મોડક (મહારાષ્ટ્ર) શસ્ત્રક્રિયાઓમાં રોજની અગિયાર-અગિયાર કલાકની સેવાઓ આપે છે. આમાં એમનો માનવધર્મ ભારોભાર ઉભરાઈ આવે છે. આસપાસનાં ગામડાંમાંથી નિર્ધન દર્દીઓનો મેળો જામે છે. આ બધાને પહોંચી વળવા એક વિશાળ હૉસ્પિટલ ઊભી થવી જોઈએ. એ માટે સંત ડૉ. શિવાનન્દ અધ્વર્યુના અથાક પ્રયાસો ચાલુ જ છે. સેવાભાવી સજ્જનો યત્કિંચિત દાન અર્પણ કરે છે. એ માટે વધુ રકમની જરૂર ડૉ. અધ્વર્યુંને વર્તાય છે. તેઓ માત્ર વીરનગરમાં જ નેત્રચિકિત્સા નથી કરતા; પરન્તુ હરદ્વાર, ઉત્તરકાશી આદિ સ્થળોએ પણ નેત્રચિકિત્સા- શિબિરોનું આયોજન કરે છે. નાતજાતકોમના ભેદભાવ સિવાયની આ નેત્રચિકિત્સા- શિબિરોમાં કોઈપણ દર્દીના નેત્રવ્યાધિની ચિકિત્સા વગર ખર્ચે કરાય છે. એટલું જ નહિ, પણ દર્દીઓને ખાવાપીવાનું વિનામૂલ્ય અપાય છે. અરે ! દર્દીની સાથે તેના એકાદ સંબંધીને પણ રહેવા-જમવાની વિનામૂલ્યે વ્યવસ્થા કરાય છે. હરદ્વાર જેવામાં ગામડાંમાંથી ત્રીસ-પાંત્રીસ ટકા દર્દીઓ તો મુસલમાન હોય છે ! આ માનવસેવાના કાર્ય માટે સ્વિટ્ઝરલૅન્ડ આદિ દેશો તરફથી મોટરવાન ભેટ મળેલી છે. આપણી સરકાર પણ તેમનો નાકાવેરો ન લેવાની પરવાનગી આપે છે. આ નેત્રચિકિત્સાલયમાં માનવસેવાનું જે મૂક પણ નક્કર કાર્ય થઈ રહ્યું છે તે આજના યુગમાં મીઠી વીરડી સમાન છે.

-અમૃતલાલ યાજ્ઞિક

ભાવિ ગ્રંથાલય

પુસ્તકાલયનું નામ કાને પડતાં આપણી સમક્ષ પુસ્તકો અને ફાઈલોથી ભરચક કબાટોવાળી ઈમારતનું ચિત્ર ઊપસી આવે, પરંતુ હવે ઇલેક્ટ્રૉનિક્સ સાધનો અને કમ્પ્યુટરની શૃંખલાઓને લીધે પુસ્તકાલયોનું સ્વરૂપ ધીરેધીરે બિલકુલ બદલાઈ જવાનું છે. અમેરિકાથી આરંભાઈ પશ્ચિમના વિકસિત દેશોમાં હવે ઘેર ઘેર જે 'હોમ કમ્પ્યુટર' ગોઠવાઈ રહ્યાં છે તેનાથી 'સી.ડી.આર.ઓ.એમ.' ડિસ્ક દ્વારા પુસ્તકોની નકલો પણ સરળતાથી ઉપલબ્ધ થતી જાય છે. આથી એક દિવસ એવો આવશે કે જ્યારે પુસ્તકાલયમાં જવાની જ જરૂર નહિ રહે. આ સી.ડી.આર.ઓ.એમ. ડિસ્કમાં પુસ્તકો અને અન્ય મબલખ માહિતીઓનો ભંડાર સંઘરી શકાય છે. કદમાં એ તદ્દન નાની હોવાથી આસાનીથી તેને ટપાલ દ્વારા દુનિયામાં ક્યાંય પણ મોકલી શકાય છે. આ ડિસ્ક અત્યાર સુધીની શ્રેષ્ઠ અને અદ્યતન 'મેમરી સ્ટોરેજ ડિસ્ક' છે. સંદેશ-વ્યવહારની સગવડો અદ્યતન બનતી જવા સાથે વિશ્વના કોઈ પણ દેશના ગ્રંથસંગ્રહમાંનાં પુસ્તકો લોકો પોતાના ઘરમાં જ એમના હોમ કમ્પ્યુટરના પર્દા પર વાંચી શકશે.

'લાઈબ્રેરી ઇલેક્ટ્રૉનિક્સ રેવોલ્યૂશન' નામે જે હેરતભરી ક્રાંતિ થઈ રહી છે તેને આગળ ધપાવવા અમેરિકાની 'લાઈબ્રેરી ઑવ કૉંગ્રેસ'ના સંચાલકોએ 'અમેરિકન મેમરી' નામની એક ખાસ યોજના ઘડી છે, અને તેમાં સાંસ્કૃતિક, સામાજિક અને રાજકીય ઈતિહાસ વિષે ઊંડી માહિતી આપતા ગ્રંથોને હવે ઈલેક્ટ્રોનિક માળખામાં તૈયાર કરાઈ રહ્યા છે. આમાં ૩૦,૦૦૦ જેટલી તસવીરોનો પણ સમાવેશ કરવામાં આવશે.

પર્યાવરણનું જોખમ

અમેરિકાની જાણીતી સંસ્થા 'વર્લ્ડ રીસોર્સીઝ ઈન્સ્ટિટ્યૂટે' બહાર પાડેલા એક વિસ્તૃત અહેવાલમાં જણાવ્યું છે કે અત્યાર સુધી પૃથ્વીનું હવામાન જેટલું ઉષ્ણ રહેતું હતું તેમાં હવે વધારો થવા માંડ્યો છે. અત્યારે રોજ-બરોજ હવામાં ભળી રહેલા વાયુઓ હવામાનને દૂષિત કરી રહ્યા છે. કાર્બન ડાયોક્સાઈડ, મીથેન અને નાઈટ્રસ ઑક્સાઈડ વગેરે જેવા વાયુ હવામાં ભળતા રહેવાથી પૃથ્વી પર ફેંકાતી ગરમીને અવકાશમાં પાછી ફેંકવાની ક્ષમતા ઘટતી જાય છે અને પૃથ્વી પરના ઉષ્ણતામાનમાં ગણનાપાત્ર વધારો થાય છે એટલું જ નહિ, વાતાવરણની શુદ્ધતા પણ બગડતી જાય છે. આ વાયુઓ હવામાં ઓછામાં ઓછા ભળે એવી નીતિ ઘડી કાઢી વહેલામાં વહેલી તકે તેને અમલમાં મૂકવા ઉપરાંત, જંગલોનું રક્ષણ કરવા અને તેને વિસ્તારવા જોરદાર પગલાં લેવાં જરૂરી છે. ઘણા વિજ્ઞાનીઓ કહે છે કે જો આ દિશામાં બેદરકારી રાખવામાં આવશે તો પ્રાદેશિક હવામાનમાં અને વરસાદની રીતભાતમાં ફેરફાર થતો જઈ અનેક જોખમો વધવા લાગશે, માનવીના આરોગ્ય પર પણ જગતવ્યાપી અસરો થશે અને સમુદ્રની સપાટી ઊંચી જઈને કંઠાર નજીકના પ્રદેશોમાં અનેક નવા પ્રશ્નો ઊભા કરશે. ઐહિક સુખ-સગવડોના લાભ લેવાની લાલસામાં માણસ પોતાની ભાવિ પેઢીને માટે કેવાં કેવાં જોખમો ઊભાં કરી રહ્યો છે એ એણે સમજી લેવું જોઈએ.

(માધુકરી અનુસંધાન પૃ. ૧૮૦ પર)

ઊંચા પાની ના ટિકે, નીચે હી ઠહરાય;
નીચા હોય સો ભર પીએ, ઊંચા પિયાસા જાય.

— કબીર —

હિમાલયમાં તપશ્ચર્યા કરવા નીકળેલા એક સંન્યાસીએ ગંગાતીરે સ્નાન કરતાં એક દિવસ જોયું કે પોતાના મૃત બાળકના શબને ગંગામાં વહેવડાવવા આવેલી એક કંગાલ માતા તેના ઉપર ઓઢાડેલા વસ્ત્રને કાઢી લઈ શબને નવસ્ત્રું જ નદીમાં પધરાવી રડતીરડતી પાછી વળી. જે દેશમાં પોતાના બાળકના દેહને આખરી મંજિલે પહોંચાડવા માટેનું એકમાત્ર વસ્ત્ર પણ માતાને ખેંચી લેવું પડે એવી ભીષણ ગરીબી હોય ત્યાં માત્ર પોતાની જ આત્મોન્નતિ માટે હિમાલયમાં એક ખૂણે બેસી રહેવામાં એ સંન્યાસીને નર્યો સ્વાર્થ લાગ્યો; અને તે પછીના ચાર દાયકામાં તો એ વેદટંકારકારી સ્વામી દયાનંદે હિંદુ ધર્મ અને સમાજની કાયાપલટ કરી નાખી.

*

સમાનાર્થી કહેવતો

આપ સમાન બળ નહિ, ને મેઘ સમાન જળ નહિ.

હૈયું બાળવા કરતાં હાથ બાળવા સારા.

પારકી આશ સદા નિરાશ.

હૈયાતોડ કરતાં હાથતોડ સારી.

ધણી વિનાની લાડી, તે બેઠે પકડી ગાડી.

આ અંગે એક દોહરો પણ છે :

ખેતી પાંતી, વિનતિ, પુંઠનકી ખંજવાર,
જોતાં નહિ પર હથડે, આપ કરનમે સાર.
જાતે જે નર કરી શકે, તે ન અવરથી થાય,
આપ મુઆ વિના કોઈથી, સ્વર્ગે નવ જવાય.

*

ધી એનેટોમિ ઓવ મલન્કલીના લેખક રોબર્ટ બર્ટને (૧૫૭૭-૧૬૪૦) દસ વર્ષ પહેલાં પોતાના મૃત્યુની આગાહી કરી તેની તારીખ ૨૫ જાન્યુઆરી, ૧૬૪૦ જાહેર કરી હતી. અને દસ વર્ષ પછી બરાબર એ જ દિવસે તેનું કુદરતી મૃત્યુ થયું હતું.

*

ઈ.૧૮૧૫માં ઈન્ડોનેશિયામાં ટેમ્બોરો નામનો એક પ્રચંડ જવાળામુખી ફાટ્યો હતો. દુનિયાભરના વાતાવરણમાં તેની જે અસર પડેલી તેમાં યુનાઈટેડ સ્ટેટ્સમાં ૧૮૧૬ની સાલમાં ઉનાળા જેવી ઋતુ જ આવી નહોતી. એ ઋતુનાં કોઈ ફળ પણ પાકયાં નહિ, ન તો એ ઋતુનાં પક્ષીઓનાં ગાન સંભળાયાં, ન એ ઋતુનું અનાજ પાકયું. એટલું જ નહિ, જુલાઈ માસમાં ત્યાં બરફની વર્ષા થયેલી.

*

વર્ષા ઋતુ પૂરી થતાં છત્રીના સળિયાના દરેક સાંધામાં કેરોસીન અને કોપરેલના મિશ્રણનાં બબ્બે ટીપાં મૂકશો તો સળિયા કટાઈને તૂટશે નહિ, તેમજ છત્રીના કાપડને પણ સળિયાનો કાટ ન લાગતાં તેનો બચાવ થશે. વળી, કાપડ ઉપર જંતુનાશક દવા છાંટી કાગળમાં વીંટી ઊંદર વગેરે ન પહોંચે તેવા સ્થાને મૂકી રાખશો તો છત્રી ઘણાં ચોમાસાં કામ આપશે.

*

આ ઋતુમાં કુદીનાનો ઉપયોગ અનેક રીતે ગુણકારી છે. એને સમારતાં પહેલાં તેના ઉપર થોડી દળેલી ખાંડ ભભરાવીને કાપવાથી એ સરળતાથી સમારી શકાશે.

*

માથાના વાળ ઉપર રેશમી રૂમાલ જોશથી ઘસતા રહેવાથી વાળની ચમક અને સુંવાળપ વધશે.

*

ઇંગ્લેન્ડનમાં સેલિસબરી ખાતે અગાઉ મોચીઓનો એક સંઘ હતો. તેના સભ્યો સદીઓથી પગરખા આકારના પાત્રમાં જ પીણાં પીતા.

*

કેલિફોર્નિયામાં ઈ.૧૮૪૮માં થોડો સમય સોના કરતાં ચાંદીની કિંમત વધુ રહી હતી. એ સમયે ત્યાં સોનું નવુંનવું જ શોધાએલું અને ત્યારે ચાંદીના પાંચ અમેરિકન ડૉલરના બદલામાં એ પાંચ સિક્કાની ચાંદી કરતાં વધુ વજનમાં સોનું મળતું હતું.

*

તાજી પાંઉરોટીને કાપતાં પહેલાં છરીને ઊકળતા પાણીમાં બોળીને વાપરશો તો મઝાની પાતળી સ્લાઈસો પડશે.

*

આધાશીશી પર જૂના ગોળમાં સહેજ કપૂર મેળવીને ખાઈ જોજો.

*

બે વહુઓએ એક દિવસ સિનેમા જોવા વિચાર્યું. પછી વિચાર બદલી દેરાણી-જેઠાણીએ પોતાને માટે ખર્ચ કરવા કરતાં એટલા પૈસા સાસુજીને આપવાનું નકકી કર્યું કે જેથી એ રકમનો એ ઘરખર્ચમાં સદ્ઉપયોગ કરી શકે. અને એમણે સાસુજીને વીસ રૂપિયા આપી દીધા.

અને તે દિવસે સાંજે સાસુ-સસરા સિનેમા જોવા ઊપડી ગયાં.

*



કલાકણિકા : દંડના મથાળે મુકાએલું કાષ્ટનું આ ટચૂકડું સાબર ઈ.સ. પૂર્વે પાંચમી સદીનું પશ્ચિમ સાઈબિરીઆ તરફના પ્રદેશનું છે.